| નંબર | શીર્ષક | શું છે | રચયિતા | પાન નં. | ભજનનું વિવરણ / વિવેચન અવધૂતી મસ્તી |
|---|---|---|---|---|---|
| ૧ | માનસ પૂજા | માનસપૂજા | શ્રીરંગઅવધૂત | ૯ | – |
| ૨. | અબ ખૂબ હઁસો | ભજન | શ્રીરંગઅવધૂત | ૧૦ | ૩ / ૩૭૮ |
| ૩. | અબગુન ન મોરે પ્રભુ દેખો રે | ભજન | શ્રીરંગઅવધૂત | ૧૧ | – |
| ૪. | અવધૂત દેખ લો જેથી જન્મમરણ | " | " | ૧૧ | ૪ / ૨૨ |
| ૫. | આ ગયા મુકામ અસલી બાબા | " | " | ૧૨ | ૨ / ૨૪૯ |
| ૬. | આતમ જાન લીયો મૂલહિસે | " | " | ૧૩ | ૩ / ૩૨૮ |
| ૭. | આન પડા નાથ ! દરપે શરણમેં | " | " | ૧૪ | – |
| ૮. | આવો જો સંતો તો વાતો બે કરીએ | " | " | ૧૫ | – |
| ૯. | આવો હરિજન હેતે રામને સંભારો | " | " | ૧૫ | – |
| ૧૦. | એક અગોચર બ્રહ્મ પ્રકાશે | " | " | ૧૬ | ૨ / ૨૩૨ |
| ૧૧. | એવો દિ' દેખાડ વ્હાલા | " | " | ૧૭ | ૪ / ૫૭ |
| ૧૨. | ઔષધિ કૌન પિલાવે ? | " | " | ૧૭ | ૪ / ૭૭ |
| ૧૩. | કરના થા સો તો કર લીના | " | " | ૧૮ | ૨ / ૧૬૫ |
| ૧૪. | કરની બીન કથનીકી કિંમત | " | " | ૧૯ | ૩ / ૧૯૯ |
| ૧૫. | કરવું તો નિષ્કામ કર્મ હો સાધો | " | " | ૨૦ | – |
| ૧૬. | કહે દિવાના મુજકો, દુનિયા | " | " | ૨૧ | ૧ / ૧૫૯ |
| ૧૭. | ગીતા અજબ પઢાયા રે | " | " | ૨૧ | ૧ / ૧૯૫ |
| ૧૮. | ગુરુ ગુરુ કરતાં આ જાઓ મારા પ્રાણ | " | " | ૨૨ | – |
| ૧૯. | ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં | " | " | ૨૨ | – |
| ૨૦. | ગુરુ ચરન પ્રીત મોરી લાગી રે | " | " | ૨૩ | – |
| ૨૧. | ગુરુદેવ દત્ત દયાળ સ્વામી | વંદના | " | ૨૩ | ૪ / ૧૮૪ |
| ૨૨. | ઘન ઘોર વ્યોમ અજ છાયો | ભજન | " | ૨૫ | – |
| ૨૩. | ઘરની ઘરની ઘરની રે, મૂળ શોધ કરો | " | " | ૨૬ | ૪ / ૧૦૬ |
| ૨૪. | ચૌદ બ્રહ્માંડ મેરી ઝોલી મેં | " | " | ૨૬ | – |
| ૨૫. | જપી લે હરિનું નામ રસાળ | " | " | ૨૭ | ૪ / ૧૧૩ |
| ૨૬. | (જય જય) ગુરુ મહારાજ ગુરુ | " | " | ૨૮ | – |
| ૨૭. | જેના દિલમાં દીનની દાઝ નથી | " | " | ૨૮ | ૪ / ૧૪૪ |
| ૨૮. | જેને જ્ઞાન નિરામય બૂટી જડી | " | " | ૨૯ | ૪ / ૧૫૪ |
| ૨૯. | જો આપકો દેખે ન ઉસકો દૂસરા | " | " | ૨૯ | ૩ / ૧૩૯ |
| ૩૦. | ઢુંઢત દેખા જગતમેં, સાર વસ્તુ | દત્તાષ્ટક | " | ૩૦ | ૧ / ૧૪૬ |
| ૩૧. | તપસી છોડ દીયા સંસારઃ | " | " | ૩૧ | ૪ / ૧૬૮ |
| ૩૨. | તોડી દિવાલો મહેલની | " | " | ૩૨ | ૨ / ૩૧૩ |
| ૩૩. | દત્ત દત્ત બોલો આનંદ મસ્ત | " | " | ૩૩ | – |
| ૩૪. | દત્ત દિગંબર એક અધારા | " | " | ૩૩ | – |
| ૩૫. | દત્તાજી ! મૈં તો તેરો હિ એક ગુલામ | " | " | ૩૪ | – |
| ૩૬. | દરશન દીજો દાડી સદ્‌ગુરુ | " | " | ૩૪ | – |
| ૩૭. | દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ | " | " | ૩૫ | ૩ / ૩૭૧ |
| ૩૮. | દેખ લીયો મોહન મેં માઈ | " | " | ૩૫ | ૪ / ૨૩૨ |
| ૩૯. | ના દોસ્ત દુશ્મન કોઈ હમારા | " | " | ૩૬ | ૩ / ૧૦૪ |
| ૪૦. | નામ સુધારસ જે જન ચાખે | " | " | ૩૭ | ૪ / ૨૯૪ |
| ૪૧. | ના હું, ત્યાં શું માહરું ? | " | " | ૩૮ | – |
| ૪૨. | પ્યારે ! ભજલે રામ દિન રૈના | " | " | ૩૯ | ૪ / ૩૦૬ |
| ૪૩. | ફટ રે ભૂંડા આ શું કર્યું ? | " | " | ૩૯ | |
| ૪૪. | બનજા અવધૂતા અવધૂતા | " | " | ૪૧ | ૩ / ૩૦ |
| ૪૫. | બાલમ આજો મારે દેશ | " | " | ૪૧ | ૪ / ૩૧૨ |
| ૪૬. | બોલ રહી કોકિલ કાનનમેં | " | " | ૪૨ | ૧ / ૨૬૦ |
| ૪૭. | ભણતર મોટું ભૂત, તપસી | " | " | ૪૨ | ૨ / ૧૩૭ |
| ૪૮. | ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું | " | " | ૪૩ | – |
| ૪૯. | ભિક્ષા ૐ દે, મા પારવતી ! | ભજન | " | ૪૩ | ૪ / ૩૨૨ |
| ૫૦. | ભવભયહારક શ્રી હરિ | દત્તશતક | " | ૪૪ | ૧ / ૧૬૯ |
| ૫૧. | મનકો બિન મારે ગોસાઈ | " | " | ૪૫ | ૨ / ૨૮૦ |
| ૫૨. | મન છોડ દે કપટ હરિપદ ભજરે | " | " | ૪૫ | – |
| ૫૩. | મન મૂઢ અજાણ ફાંફાં કાં મારે છે | " | " | ૪૬ | – |
| ૫૪. | મનુવા હરિભજના હરિ ભજના | " | " | ૪૭ | ૨ / ૩૦ |
| ૫૫. | મરી તો ગયું રે મૃત્યું, મરી તો ગયું | " | " | ૪૮ | |
| ૫૬. | માઈ મોરે આનંદ ઉર ન સમાય | " | " | ૪૯ | |
| ૫૭. | મારા મન મંદિરિયા માંહ્ય, આજે આનંદ | " | " | ૪૯ | |
| ૫૮. | મારા હૈયા કેરો હાર, દત્ત એક અવધૂત | " | " | ૫૦ | |
| ૫૯. | મુખસે હરિ હરિ બોલ, પાપીડા પ્રાણી | " | " | ૫૦ | ૪ / ૩૩૫ |
| ૬૦. | મેરો દત્ત દિગંબર એક હી તારણહાર | " | " | ૫૧ | |
| ૬૧. | મૈં તો દત્ત દિગંબર ધ્યાઉં | " | " | ૫૧ | |
| ૬૨. | મૈં તો બેઠા ગુરુપદ પાસ | " | " | ૫૧ | |
| ૬૩. | મૈં દિવાની દિવાની હક ઘરકી | " | " | ૫૨ | ૩ / ૨૮૪ |
| ૬૪. | મોહે દત્ત દરસકી આસ! | " | " | ૫૩ | – |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૫. | રે મન મસ્ત સદા દિલ રહના | ” | ” | ૫૩ | ૨ / ૩૩૬ |
| ૬૬. | વડલા હેઠે બાવો રે, ટાઢી ટાઢી | ” | ” | ૫૪ | ૪ / ૩૫૩ |
| ૬૭. | વનવડલાની શીતળ છાયા | ” | ” | ૫૫ | ૩ / ૧ |
| ૬૮. | વંદુ દત્તપદાંબુજ સાર | ” | ” | ૫૬ | |
| ૬૯. | વાંચ વાંચ વિશ્વગ્રંથ | ” | ” | ૫૬ | ૩ / ૬૮ |
| ૭૦. | શૂન્ય શિખર પર ચઢી | ” | ” | ૫૭ | ૧ / ૧૮૦ |
| ૭૧. | સદા ભજો ગુરુદેવ, ગુરુબિન | ” | ” | ૫૮ | – |
| ૭૨. | સંતો વૈરાગી ! ખાઓ અવધૂતી | ” | ” | ૫૯ | ૪ / ૩૯૪ |
| ૭૩. | હરિના નામનો સૌથી મોટો છે | ” | ” | ૬૦ | ૪ / ૪૧૩ |
| ૭૪. | હું તો માંગણ ગુરુઘર દાસી રે | ” | ” | ૬૧ | – |
| ૭૫. | હું ભિખારી ભિખારી | ” | ” | ૬૨ | ૩ / ૩૨૨ |
| ૭૬. | ઊઠ અઘભંજના દત્તમુનિરંજના | પ્રભાતિયું | ” | ૬૩ | ૧ / ૧ |
| ૭૭. | જાગ્યને જાગીડા દત્ત દિગંબરા | ” | ” | ૬૪ | – |
| ૭૮. | આવ દિગંબરા દત્ત કરુણાકરા | ” | ” | ૬૫ | – |
| ૭૯. | નારેશ્વર સ્તોત્રમ્ | સ્તોત્ર | ” | ૬૬ | – |
| ૮૦. | શ્રી દત્ત પ્રબોધસ્તવ | ” | ” | ૭૨ | – |
| ૮૧. | શ્રી દત્ત પ્રાતઃ સ્મરણમ્ | ” | ” | ૭૯ | – |
| ૮૨. | શ્રી દત્ત મહામાલા મંત્ર | મહામાલામંત્ર | ” | ૮૩ | – |
| ૮૩. | પરમાત્મપદે રતિ રસ્તુ પરા | યાચના | પંડિત મણિશંકર શાસ્ત્રીજી | ૮૯ | – |
| ૮૪. | શ્રી દત્તરક્ષા સ્તોત્ર | (સ્તોત્ર અનુવાદ) | શ્રી રંગ અવધૂત | ૯૦ | ૪ / ૨૧૨ |
| ૮૫. | અઘોરકષ્ટોદ્ધરણં | સ્તોત્ર | શ્રી સ્વામી મહારાજ | ૯૪ | – |
| ૮૬. | રસજ્ઞાવસાત તારકં-ક્ષમાપન | ક્ષમાપન | ” | ૯૮ | – |
| ૮૭. | બ્રહ્માનંદમ્ પરમસુખદં-સાયં પ્રાર્થના | સ્તોત્ર | શ્રીરંગ અવધૂત | ૧૦૩ | – |
| ૮૮. | સાયંસ્મરામિ સ્મરણાતિગમાત્મદેવ | ” | ” | ૧૦૪ | – |
| ૮૯. | કરુણાત્રિપદી-શાંત હો શ્રી ગુરુદત્તા | કરુણાત્રિપદિ | શ્રી સ્વામી મહારાજ | ૧૦૯ | – |
| ૯૦. | માલા કમંડલુ રધઃ કરપદ્મયુગ્મે | સ્તોત્ર | શ્રી રંગ અવધૂત | ૧૧૧ | – |
| ૯૧. | શ્રી દત્ત પ્રણતિ | સ્તોત્ર | ” | ૧૧૪ | – |
| ૯૨. | આર્ત પ્રાર્થના | ” | ” | ૧૨૧ | – |
| ૯૩. | જયલાભયશઃ પ્રાપ્તિ | ” | શ્રી સ્વામી મહારાજ | ૧૨૬ | – |
| ૯૪. | પ્રેમે પધારો સદ્ગુરુનાથ | થાળ | શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય | ૧૨૭ | – |
| ૯૫. | જય દેવ જય દેવ જય પાંડુરંગ | આરતી | મૂળી ફોઈ | ૧૨૮ | – |
| ૯૬. | જય યોગીશ્વર દત્ત દયાળ | દત્તબાવની | શ્રી રંગ અવધૂત | ૧૨૯ | ૪ / ૧૨૮ |
| ૯૭. | રેવાગીતમ્ | સ્તોત્ર | ” | ૧૩૨ | – |





| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૮. | એક મને તારો આધાર | ધૂન | શ્રી રંગ પરિવાર | ૧૩૪ | – |
| ૯૯. | શ્રી ગુરુદત્તા, જય અવધૂતા | ” | ” | ૧૩૪ | – |
| ૧૦૦. | દિગંબરા દિગબરા શ્રી પાદવલ્લભ | ” | ” | ૧૩૪ | – |
| ૧૦૧. | દ્રાં દત્તાત્રેયાય નમઃ ૐ શ્રી ગુરુ દેવ દત્ત | ” | ” | ૧૩૪ | – |
| ૧૦૨. | ગુરુ ગુરુ કરતા જાઓ મારા પ્રાણ દત્તા | ” | ” | ૧૩૪ | – |
| ૧૦૩. | અમે બાલુડા રે રંગપરિવારના | ભજન | પ્રા. કુલીન ઉપાધ્યાય | ૧૩૫ | – |
| ૧૦૪. | આંખડીમાં આવીને સમાયો | ” | શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય | ૧૩૬ | – |
| ૧૦૫. | એવી આશિષ આપ રંગા | ” | ધિરુભાઈ જોષી | ૧૩૭ | – |
| ૧૦૬. | કોઈ કોઈનું નથી રે | ” | --- | ૧૩૮ | – |
| ૧૦૭. | જીવનનો વ્યવહાર તને શિખવાડે | ” | પ્રા. કુલીન ઉપાધ્યાય | ૧૩૯ | – |
| ૧૦૮. | બાપ કહે સુણ બેટા મારા | ” | --- | ૧૪૦ | – |
| ૧૦૯. | મા સમ દૈવત ના ત્રિભુવનમાં | ” | શ્રી વિઠ્ઠલભાઈ પાઠક | ૧૪૧ | – |
| ૧૧૦. | તારા આધારે બેઠો છું રંગા | ” | શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યા | ૧૪૨ | – |
| ૧૧૧. | રોક્યો ના રોકાય અવધૂત | ” | ” | ૧૪૩ | – |
| ૧૧૨. | દત્ત દિગંબર આવો આવો | ” | દેવીદાસ | ૧૪૪ | – |
| ૧૧૩. | હા હા રે મને લાગ્યો અવધૂતજીનો રંગ | ” | પ્રા. કુલીન ઉપાધ્યાય | ૧૪૫ | – |
| ૧૧૪. | હાથ લાકડી થાજે કોઈની | ” | --- | ૧૪૬ | – |

## ભજનોમાં ગવાયેલી ધૂન-મંત્ર-સુત્ર

(૧) ૐ ગુરુ ૐ
(૨) ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ
(૩) ૐ ગુરુ ૐ ગુરુ અવધૂતા તુંહી ૐ તુંહી ૐ શ્રીદત્તા
(૪) દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા
(૫) ગુરુ માઉલી સદા સુખાચી સાવલી
(૬) ૐ શ્રી દત્તઃ શરણં મમ
(૭) શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્
(૮) દત્તાત્રેય પ્રભુ મોરી માય, લાગું પુનિ પુનિ તુમરે પાય
(૯) હરેદત્ત હરેદત્ત દત્ત દત્ત હરે હરે
હરે રંગ હરે રંગ રંગ રંગ હરે હરે
(૧૦) ૐ પરબ્રહ્મ પરમાત્મને નમઃ
(૧૧) જય જય ગુરુમહારાજ ગુરુ, જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ
(૧૨) સોહમ્ સોહમ્ સોહમ્ સોહમ્
(૧૩) દત્ત દત્ત બોલો રે ભાઈ દત્ત દત્ત બોલો
(૧૪) પરસ્પર દેવો ભવ, પરસ્પર દેવો ભવ
(૧૫) અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત
(૧૬) શ્રી ગુરુદત્તા અવધૂતા, જય અવધૂતા, જય અવધૂતા
(૧૭) ૐ મંગલમ્ ૐ કાર મંગલમ, ગુરુ મંગલમ ગુરુપાદ મંગલમ્
(૧૮) ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ
(૧૯) જય જય ૐ ૐ જય જય ૐ ૐ જય જય ૐ ૐ
જય જય ૐ ૐ રુકમામ્બા
(૨૦) હરિબોલ હરિબોલ હરિબોલ
(૨૧) શ્રીરામ જયરામ જય જય રામ
(૨૨) ૐ શ્રીરંગા ૐ શ્રીરંગા ૐ શ્રીરંગા અવધૂતા
(૨૩) શ્રી ગુરુદત્તા જય અવધૂતા અનસૂયાનંદન ૐ ૐ



# સંપાદકના ઉદ્‌ગાર

પૂજ્યશ્રી રંગઅવધૂત ગુરુમહારાજની પ્રેરણા અને આશીર્વાદના બળે પૂ. બાપજીનાં સ્વરચિત ભજનો અને સ્તોત્રોનું સંકલન કરી તેનું ગાન કરાવી શ્રવણભક્તિને પ્રાધ્યાન આપી ઓડીયો કેસેટ અને સીડીના માધ્યમ દ્વારા પૂ. બાપજીની દૈવી અમૃતવાણી રંગપરિવારના અબાલ-વૃધ્ધના કાનમાં ગૂંજ્યા કરે એવા શુભ આશયથી આ કાર્યનો પ્રારંભ પૂજ્યશ્રીએ કરાવ્યો.

શ્રવણ માધ્યમ એ એવા પ્રકારનું માધ્યમ છે કે જેના દ્વારા અભણ-ભણેલા, શારીરિક રીતે તંદુરસ્ત કે શારીરિક રીતે તદ્દન અશક્ત એવા સૌ કોઈહરતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં અવધૂતી પ્રસાદીનો સ્વાદ માણી શકે અને જીવનને સાર્થક કરી શકે. નવધાભક્તિમાં શ્રવણભક્તિને ઉત્તમ ગણી છે તથા શ્રવણથીજ ભક્તિની શરૂઆત થાય છે. આ વિચારના ફળ સ્વરૂપ પૂ. બાપજી સ્વરચિત ભજનો અને સ્તોત્રોનું સંકલન કરી ઓડીયો કેસેટ અને સીડી તૈયાર કરાવી. કેસેટ અને સીડીમાં સમાવેલ સ્તોત્રો અને ભજનો જુદા-જુદા પુસ્તકમાં શોધવાં ન પડે તે હેતુસર **રુદ્રાક્ષ ભજનાનંદ** નામનું એક પુસ્તક પણ તૈયાર કર્યું જેથી ભક્તો સીડી કે કેસેટમાં ગવાતા ભજનો કે સ્તોત્રોનું શ્રવણ તથા ગાન કરી શકે અને કંઠસ્થ કરવા આગળ વધી શકે.

ઓડીયો કેસેટ-સીડીમાં સમાવેલ ભજનોમાં શક્ય તેટલા મૂળ રાગનું ધ્યાન રાખી ગવરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે પરંતુ સંગીત શાસ્ત્રના જાણકારો સારી રીતે સમજી શકે છે કે એકનું એક જ ગીત કે ભજન અભ્યાસી ગાયકો સમય અને પ્રસંગને અનુરૂપ જુદા જુદા રાગમાં રજૂ કરતા હોય છે. ભજનમાં રાગ કરતાં ભાવ મહત્ત્વનો છે. અલબત્ત રાગ વિનાનું ભજન લૂણ વિનાના ભોજન જેવું લાગે છે. ભજનમાં રાગ સાથે ભાવ ભળેતો અંતરના તાર ઝણઝણાવવામાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. ભાવની સાથે રાગનો સુમેળ સધાય ત્યારે તો દૂધમાં સાકર જેવો સાત્વિક આનંદ છવાય અને ગાનાર

અને સાંભળનાર બંનેય ભજનના ભાવ સાથે તદ્રૂપ બની અનોખી મસ્તીમાં આવી જવાય એવી આ મહત્ત્વની વાત બાપજીના પરમભક્ત વિદ્વાન મું. જયંતિલાલ આચાર્યએ અવધૂતી આનંદમાં રજૂ કરી છે.

સંત પુરુષોનો જીવંત સમાગમ અને એમની અવેજીમાં એમના અનુભવની પ્રસાદિક વાણીનું શ્રવણ અને કીર્તન એ સાધકને પોતાના ધ્યેય તરફ પહોંચાડવા માટે ભોમીયાની ગરજ સારે છે.

પૂ. બાપજીને એક ભક્તે પૂછેલું કે અવધૂતી આનંદમાં ભજનોનો ક્રમ કેવી રીતે રાખવાનો ? ત્યારે પૂ. બાપજીએ જણાવેલ કે ક્રમ બગીચામાં હોય પણ આ તો જંગલ છે. બગીચો સ્હેલ કરવા માટે ઠીક છે પરંતુ નિર્ભયતાનાં ઝરણાં તો જંગલમાં જ જડે. આવો જ બીજો પ્રશ્ન બાપજીને પૂછેલ કે કેટલાક રાગ બેસતા નથી ત્યારે બાપજીએ એક જ ઉત્તર આપ્યો "રાગ અવધૂતી" તમારૂં સંગીતશાસ્ત્ર પૂર્ણતાએ પહોંચ્યું છે એમ કેમ માની લો છો ? હજુ કેટલીએ રાગરાગિણીઓ એમાં ઉમેરાવાની બાકી છે. હું કોકવાર ગાંડુઘેલું ગાઉ છું તેવું તમે પણ નિખાલસ ભાવથી ગાઓ તો તમારૂં કલ્યાણ થશે. પૂ. બાપજીએ સ્વરકાર વાડીલાલ સોનીને કહ્યું હતુ કે અવધૂતિઆનંદના પદોને ગમે તે રાગોમાં ગાઇ શકશો !

પત્ર મંજુષામાં પૂ. બાપજીએ લખ્યું છે કે "જેટલું ભજન તમે વધારશો તેટલું મારા માટે સારું છે. ખૂબ ભજન કરો તમે બધા ભજન વધારશો એટલે એની તાકાત વધી જશે. એટલી જ ભિક્ષા નિખાલસપણે આપશો તો બસ છે. મારું નાવ તમારા લોકોના ભજનને આધારે છે. મારું શસ્ત્ર તો પ્રાર્થના છે."

નિયમિત પ્રભુનું ધ્યાન ધરવાથી, ભજન કરવાથી જગતનો નાથ આપણી સાથે જ હોય છે એવી શ્રદ્ધા આપણામાં પ્રગટે છે. ભજન ગાવાની વાત સ્થૂળ અર્થમાં છે એમ કરતાં સૂક્ષ્મ રીતે ધ્યાન તરફ જવાય છે, અને ધીરે ધીરે આધ્યાત્મિકતાના માર્ગે આગળ જવાય છે.



ત્રિવિધ તાપથી તપ્ત થયેલા સાચાસાધકને સદ્ગુરુ વગર ટાઢક આપનાર બીજું કોઇ જ નથી. સંસારસાગરમાં ડૂબેલા માણસને માટે સદ્ગુરુ એકજ તારણહાર છે. ગુરુભક્તિ એ ઇશ્વરભક્તિ કરતાંય સાધકને માટે વધારે કિંમતી અને આવશ્યક છે.

"ગુરુ ગોવિંદ દોનું ખડે, કીનકો લાગું પાય;

બલિહારી ગુરુદેવકી, જીન્હે ગોવિંદ દિયો બતાય."

પૂ. બાપજીએ પોતાની સાધના દરમિયાન જે કાંઇ આનંદોત્પ્લુત અંતઃકરણમાંથી પ્રસંગવશાત્ જે કાંઇ કાવ્યોદ્ગાર નીકળ્યા તે તેમણે તેમના સ્નેહીઓને લખી મોકલેલા. ઇશ્વરી આનંદની મસ્તીમાં જે કાંઇ સ્વાભાવિક સ્વૈર કાવ્યોદ્ગાર નીકળ્યા તે અવધૂતિ આનંદ અને રંગહૃદયમ્‌ના પ્રસાદરૂપે મળ્યાં છે. ચાલો આપણે પણ એ અવર્ણીય અને અમર્યાદ આનંદ જાતે અનુભવીએ અને તન્મય થઇ મનુષ્ય જન્મ સાર્થક કરીએ.

આમાં જે કાંઇ ભજનો-સ્તોત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેને સંગીત સ્વરૂપે ભાવવાહી કંઠ સાથે રજૂ કરવામાં આવેલ છે તે ભાવમાં આપણે પણ ગરકાવ થઇએ એવી અપેક્ષા છે. આશા છે કે પૂ. બાપજીના સ્વરચિત ભજનો અને સ્તોત્રોનું શ્રવણ કરી ભજનાનંદમાં એકાકાર થઇ ગુરુ મહારાજ સાથે તાદાત્મય સાધીએ.

આ પ્રકાશન મુદ્રણ દોષરહિત તથા શુદ્ધ, પવિત્ર સંગીતમય બનાવવા પરિવારના અનેક ભક્તોએ તન-મન સ્વરૂપે સહકાર આપ્યો છે તે ભૂલાય તેમ નથી. પૂ. સુમનકાકા, શ્રી રંગબાળ જગદીશાનંદજી, શ્રી વિષ્ણુભાઇ જોષી, પૂ. શ્રી નવનીતભાઇ પાઠક, પૂ. શ્રી કાન્તિભાઇ દવે, શ્રી ઇશ્વરભાઇ પટેલ, શ્રી અંબાલાલભાઇ પટેલ, શ્રી વાસુદેવ નંદુરાબારકર, શ્રી કુલીનભાઇ ઉપાધ્યાય, શ્રી અનિલભાઇ શ્રોફ, શ્રી શંભુભાઇ પટેલ, શ્રી જયદેવ પુરોહિત, શ્રી પ્રકાશ દવે, ડૉ. મહેન્દ્ર પટેલ (યુ.એસ.એ.), શ્રી ચંદ્રકાન્ત એમ. પટેલ

(યુ.એસ.એ.), સંદિપ ભોજક, પૂ. શ્રી ધિરૂકાકા, શ્રી વિઠ્ઠલભાઇ પાઠક, જાનકી જોષી, સંગીત નિયોજક શ્રી શંભુ મહેતા, મૌલિક મહેતા અને ગાયકવૃન્દ-નામી-અનામી સૌ સહાયકોનો નમ્રભાવે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. પુસ્તકના પ્રકાશનમાં સાથ આપનાર સૌનો આભારી છું, શ્રી અનીલભાઇ શ્રોફનો હું ખૂબજ આભારી છું. એક સાચી સહૃદયી, નિષ્કામ ભક્તિ ભાવથી મોકલાવેલ ભજનમાલા તથા અન્યનાં બટર પેપરથી કામ ઘણુંજ સરળ બન્યું છે.

જ્ઞાનપ્રપા ચાલુ કરી, પીએ સુભાગીજન,

રંગકૃપા ગુરુની થતાં, થાય મુક્ત તત્ક્ષણ.

પરિવારના સૌ રંગભક્તો આ નમ્ર નિષ્કામ પ્રયાસને વધાવી લેશે. પૂજ્યશ્રીના ચરણકમળમાં અનંત કોટી પ્રાર્થના, અનંત કોટી નમસ્કાર, અનંત કોટી વંદન, અનંત કોટી પ્રણામ. ''ગુરુકૃપા હિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્''.

**શ્રી જસભાઇ એ. પટેલ**

## સમર્પણ વંદના

જેના થકી આપણે સહુ 'પરસ્પર દેવો ભવ' ભાવે એકત્ર થયા એ શ્રી અખિલ ભારત રંગઅવધૂત પરિવારને આ પ્રકાશન / નિર્માણ અહૈતુકી ભાવે સમર્પિત કરવાની શ્રી ગુરુમહારાજે અમને પ્રેરણા આપી તે અમારું અહો ભાગ્ય!

**શ્રીમતી કોકિલાબેન જસભાઇ પટેલ**
યુ.એસ.એ.

**શ્રીમતી હંસાબેન મહેન્દ્રભાઇ પટેલ**
યુ.એસ.એ.



## : અવધૂત મનન :

(૧) ''શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન'' શ્વાસે શ્વાસે દત્ત નામ સ્મરો - આ સુત્ર લખવા ખાતર લખ્યું નથી. ખાત્રી કરી જુઓ બેડો પાર થઇ જશે.

(૨) જે જે શ્વાસ ભગવાનના નામસ્મરણ સાથે લેવાય છે તેટલીજ પળો માનવ જન્મની ગણાય, બાકીની પશુતા છે.

(૩) ''અવધૂતી આનંદ'' (પુસ્તક) તારી પાસેજ છે. એ એકલુંજ તરી જવા માટે બસ નથી શું ?

(૪) અવધૂતનું શ્રવણ, અવધૂતનું મનન, અવધૂતનું જ ચિંતન, અવધૂતનું જ સ્નાન, અવધૂતનું જ ધ્યાન, અવધૂતનું જ કીર્તન કરી સર્વથા અવધૂત થા. સ્વયં એજ અવધૂતના આશીષ છે.

(૫) અવધૂત નિરામય છે, નિષ્પાપ છે, નિર્વિકાર છે, સાચે જ ! એના દર્શનથી 'જન્મમરણમિટ જાય રે' પણ લોકો એ અવધૂતને નથી જોતા. પૂ. બાપજી કહે છે કે એ અવધૂતી આનંદ શતાંશ પણ તમને પ્રાપ્ત થાય એ વિના બીજું કાંઇજ નથી ઇચ્છતો અવધૂત !

(૬) પૂજ્યશ્રી કહે છે કે, ''ભૂતકાળ તમારા હાથથી સરકી ગયો છે, એને ભૂલી જાવ. ભવિષ્ય તમારા હાથમાં નથી, એ તમે જાણતા નથી, એની ભીષણ કલ્પનાઓથી કંપવાનું મૂકી આનંદમાં મસ્ત રહો. હરદમ પ્રભુની યાદમાં રહો, પ્રભુની યાદમાં રહો, પ્રભુની યાદમાં રહો. નામ, કામ અને દામ નું દિવાનાપણું છોડીને અદ્વૈતાનુભવ માટેની સાચી લગની હોવી જોઇએ.

(૭) ઇશ્વર પૂજન એટલે શું ? પૂજ્ય શ્રી કહે છે કે ''આપણે (ઇશ્વરે) આપેલી કોઇપણ શક્તિથી કોઇપણ પ્રાણીની આંતરડી ઠારીએ એજ સાચું ઇશ્વરપૂજન છે. ધન, વિદ્યા, સશક્ત શરીર જે કાંઇ મળ્યું છે તે ઇશ્વરદત્તની સંપત્તિ છે તેનો પરમાત્મા-પ્રીત્યર્થે પ્રાણીમાત્ર માટે વિનિયોગ કરવો એ પરમાત્માનું પૂજન છે.

(૮) **પોતાની મહત્તા વધારવા જાતજાતની પ્રવૃત્તિઓ થતી હોય તે દત્ત ઉપાસક નહિ, તે દત્ત સ્થાન નહિ તે દત્તનું તત્ત્વજ્ઞાન નહિ.**

(૯) મૃત્યુ નું સદા સ્મરણ રાખો. મૃત્યુ કોઇનેય છોડતું નથી. મૃત્યુના ભયને સદા સાથે રાખવાથી પરમાત્માની સદા યાદ રહેશે અને પરમાર્થનો માર્ગ મળતો રહેશે. ''શ્રદ્ધા રાખો અને ધીરજ ધરો'' આ મંત્ર પૂજ્યશ્રીએ પરમાર્થમાર્ગી જનોને આપ્યો છે. 'શ્રદ્ધા અને સબૂરી' જે કાંઇ બને છે તે સારા માટે બને છે. સર્વમાં વ્યાપેલી એકજ સત્તા સર્વ કંઇ કરે છે. એટલે જીવનમાં શ્રદ્ધા અને સબૂરી ધરનારનાં સારાવાના થઇ રહે છે.

(૧૦) ''અવધૂત આ ખુરશીમાં એમને એમ બેસી ગયો નથી. એક જન્મે નહિતો અનેક જન્મોમાં એને પણ આકરી કસોટીમાંથી પસાર થવું પડ્યું હોય ! સાધનામાં લોહીના પાણી કરવા પડે. કિંમત ચૂકવ્યા વિના કાંઇ ન મળે. **સંત બનવું એટલે મરી જવાનો મંત્ર શીખવાનો. સંતના સંતપણાં એમ મફતમાં મળતાં નથી''**

•

(૧૧) સદ્‌ગુરુની હૂંફ

સદ્‌ગુરુનો અર્થ જીવંત આદર્શ - Living ideal - એવો સમજવાનો હોય. એ આદર્શ આપણે નજરે અનુભવીએ તો આપણને એ કક્ષા શક્ય છે એની ખાતરી થાય એટલે જીવનમાં હારી જનારાને, હતાશ કે નિરાશ થનારાને એવા જીવંત આદર્શ નજર સામે જોવાથી ઓછી-વત્તી હિંમત આવે, પ્રોત્સાહિત થઇને પુરુષાર્થ કરવાનું બળ મળે અને હાલી ગયેલી શ્રદ્ધા સ્થિર થવા પામે. જેમ એક અનુભવી નિષ્ણાત દાક્તરને જોતાં જ દર્દીમાં એક પ્રકારની શ્રદ્ધા જન્મે છે અને તેનો બધો રોગ એ દાક્તરના મુખેથી બે શબ્દ સાંભળતાં જ જતો રહે છે તેમ એ જીવંત આદર્શને પોતાની આંખ સામે હરતો-ફરતો જોતાં ભવરોગીના અંતરમાં શાંતિ અને સમાધાનનો સંચાર થવા પામે છે.

જીવંત સત્પુરુષની અવેજીમાં કોઇ સમાધિસ્થ મહાપુરુષ પર જો ચિત્ત સ્થિર થાય અને એમાંથી આપણને સદા પ્રેરણા મળ્યા કરે તો એવી વ્યક્તિને



અંતઃકરણના સિંહાસન પર સદ્‌ગુરુપદે બિરાજમાન કરવામાં જરાય વાંધો નથી. વળી એ વ્યક્તિ અમુક જાતિ, વય, દેશ કે કાળની હોવી જોઇએ એવું પણ નથી. સત્પુરુષ એ બધાં બંધનો-સાંસારિક, માયિક, વ્યાવહારિક બંધનોથી પર છે. ગુરુભાવ એ અંતઃકરણનો ધર્મ છે એટલે હૃદયની ભાવના જ્યાં સંલગ્ન થાય, જેના સ્મરણમાત્રથી હૃદયવીણાના તાર ઝણઝણી ઊઠે જેના ચિંતનથી શાંતિ અને સમાધાન, શાતા અને સાત્વિક આનંદનો અનુભવ થાય, ગમે તેવા હચમચાવી નાખે એવા ઝંઝાવાતોમાં પણ જેની હૂંફથી આપણને લાગ્યા કરે કે આપણા ઉપર સમર્થ મહાપુરુષનો પંજો છે અને આપણે સુરક્ષિત છીએ એવી અંતરમાં એક પ્રકારની અડોલ, સ્વયંભૂ શ્રદ્ધા રણક્યા કરે એવી કોઇ પણ જીવંત કરે સામાધિસ્થ વ્યક્તિને ગુરુપદે સ્થાપિત કરવામાં કલ્યાણ છે.

**-રંગ અવધૂત**

•

**રુદ્રાક્ષ ભજનાનંદ**

**સંકલન : શ્રી જસભાઇ એ. પટેલ**

**પ્રાપ્તિ સ્થાન :**

**અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર**

**અંબાલાલભાઇ એન. પટેલ**

૧, યશસાગર સોસાયટી, સત્યનારાયણ મંદિર પાસે, ઘાટલોડિયા,
અમદાવાદ-૩૮૦ ૦૬૧. **ફોન : (૦૭૯) ૨૭૬૬૧૩૧૫**

**પ્રવિણભાઇ એ. દવે**

૪૩, અશોકનગર સોસાયટી, લાલાકાક હોલ સામે, શાહપુર દરવાજા,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

**પ્રત : ૧૦૦૦**

**મુલ્ય :**

**મુદ્રક :** હિમાંશુ ટ્રેડર્સ ફોન : ૨૫૪૫૩૯૦૪ મો. : ૯૮૨૫૯ ૨૬૬૬૨

(૧)

## માનસ પૂજન

બીજ દ્રાં શક્તિ હ્રીં ક્લીં છે કીલક વજ્ર શું મહાન ।
ધર્મ અર્થ કામ મોક્ષે વિનિયોગ કહ્યો તિહાં. ॥ ૧ ॥

માળા કમંડલુ લસે કર નીચલામાં
ડમરું ત્રિશૂલ વચલા કરમાં બિરાજે ।
ઊંચા દ્વિહસ્તકમલે શુભ શંખ ચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત. ॥ ૨ ॥

એવું ધ્યાન ધરી પ્રિતે વંદી સાત્ત્વિક ભાવથી ।
માનસ પૂજને હેતે રીઝવું ગુરુદેવને. ॥ ૩ ॥

પૃથ્વી તત્ત્વે કરું ટીલું, **લં** બીજે હરખે તિહાં ।
**હં**-બીજે વ્યોમતત્ત્વે ત્યાં અર્પું પુષ્પો યથામતિ. ॥ ૪ ॥

**યં**-બીજે ધૂપ વાતાત્મા, અગ્ન્યાત્મા દીપ - **રં** વળી
નૈવેદ્યાર્થે અમૃતાત્મા, **વં** - બીજે સાદર કર્યો. ॥ ૫ ॥

સર્વાત્મા **સં** થકી કલ્પ્યા રહ્યા; અન્યોપચાર જે ।
સર્વાર્પણ બલિ અર્પી દાસ્યે દેહ દમું મુદા. ॥ ૬ ॥

*(શ્રીદત્તરક્ષા સ્તોત્ર માંથી)*

◆



(૨)

**(રાગ - ભીમપલાસી, તાલ - ધુમાળી)**
**(જેના મુખમાં રામનું નામ નથી...એ રાહ)**

અબ ખૂબ હઁસો, અબ ખૂબ હઁસો, રોતે હો ઈસ વિધ ક્યોં પ્યારે !
હઁસતે કે સાથ હઁસે દુનિયા, રોતેકો કૌન બુલાવે રે ? - ધ્રુવ.

જો હોના હૈ સો હોના હૈ, જો ખોના હૈ સો ખોના હૈ,
સબ સૂત્ર પ્રભુકે હાથોં હૈ, ફિર ચિંતા કાહે કરો પ્યારે ? - અબ૦ ૧

ધન માલ ખજાના ઢેર લગા, ગર ખાલી ઘર કંગાલ હુઆ,
જગ માન દિયા અપમાન કિયા બસ ખુશ રહો હરદમ પ્યારે ! - અબ૦ ૨

સુત દાર પિતા મિત[૧] ચલતીકે, પડતીમેં સાથ ન કોઉ ચલે,
અસુવન[૨] મોતી કબહૂં ન બને, ફિર રોનેસે ફલ ક્યા પ્યારે ! - અબ૦ ૩

સબ હાલતમેં સબ રંગતમેં, જનમેં બનમેં એકાંતહીમેં,
સમરાગનમેં બેરાગનમેં, આનંદમગન ડુલના પ્યારે ! - અબ૦ ૪

પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં, ઈકતાર નિહાર ફિરો મનુવા,
દિન સૂરજ રાત શશી તારે, સબ **રંગ** બિરંગ વહીં પ્યારે ! - અબ૦ ૫

•

૧. મિત્ર. ૨. આંસુ.

## (૩)

**(રાગ : માલકૌંસ, તાલ : ત્રિતાલ)**

અબગુન[1] ન મોરે પ્રભુ દેખો રે - ટેક

ભટક ભટક ચરનનમેં આયો,
લાજ દાસકી રાખો રે... અબ૦ ૧
મૈં તો તુંબી કડુવી જનમકી,
બના લો તંબૂર વાકો રે... અબ૦ ૨
તાર્યો બ્યાધ કસાઈ સજનો,
ગનિકા તક કબ રોકો રે... અબ૦ ૩
પૂજન જાનું ન, ભજન ન જાનું,
**રંગ** દ્વારપે ભેકો[2] રે !... અબ૦ ૪

•

## (૪)

**(રાગ - ભૈરવી, તાલ - ત્રિતાલ)**
**(દેવળ દેખ લો - એ એકતારાની ધૂન)**
**(સંસ્કૃત શ્લોકને આધારે)**

અવધૂત દેખ લો,
જેથી જન્મમરણ મિટ જાય રે. - ટેક

**અ**ક્ષર જે અવિનાશી સઘળે, જડ ચેતન ભરપૂર,
સર્વશ્રેષ્ઠ **વ**રેણ્ય કહાવે, સભર ભર્યું એક નૂર. - અવધૂત૦ ૧

**ધૂ**ત તિરસ્કૃત સંસૃતિબંધન, અલખનિરંજન દેવ;
**ત**ત્ત્વમસિ પદ લક્ષ્ય, ધરે કિન ભક્તન કારણ દેહ. - અવધૂત૦ ૨

આશાપાશ ન સ્પર્શે જેને, આદિ અંત નહિ મેલ,
નિજાનંદમાં મસ્ત ફરે જે, ચેલ[1] કુચેલ[2] ધરેલ. - અવધૂત૦ ૩



વાસનાનો લેશ ન જેને, વાણી સદા નિર્દોષ,
ભાવિભૂતની ચિંતા નાહીં, વર્તમાન સંતોષ. - અવધૂત૦ ૪

દેહ તણું નવ ભાન જરાયે, ધૂલિધૂસર[3] અંગ,
ધ્યાનધારણાવર્જિત નિર્મલ, નિત્ય સમાધિ અભંગ. - અવધૂત૦ ૫

ખાનપાનની ચિંતા નાહીં, ચિંતન તત્ત્વ અલેખ,
અહંકાર તમ ચેષ્ટા નાહીં, વિરલો જોગીભેખ. - અવધૂત૦ ૬

સુર નર મુનિજન વંદે જેને, મૂઢ કરે હડધૂત,
સ્વાર્પણથી જે દત્ત કહાવે, **રંગ** એહ અવધૂત ! - અવધૂત૦ ૭

શ્વાન સુરભિ[4] સમદૃષ્ટિ દેખે, ઊંચનીચ નહિ ભેદ,
સ્વૈર-સમાધિ[5] બૂઝે તેને **રંગ** રહે ક્યાં ખેદ ? - અવધૂત૦ ૮

•

---

**૧. સારું વસ્ત્ર. ૨. ફાટ્યુંતૂટ્યું વસ્ત્ર. ૩. ધૂળથી ખરડાએલું. ૪. ગાય. ૫. ફાવે તેવા વર્તન અથવા સ્થિતિમાં મનની અભંગ બ્રહ્માત્મભાવે સ્થિતિ.**

## (૫)

**(રાગ - આસાવરી, તાલ - ત્રિતાલ)**

આ ગયા મુકામ અસલી, બાબા ! આ ગયા મુકામ અસલી. - ધ્રુવ.
આવન જાવન મિટા અંધેરા, ગયા ઉજેરા[2] નકલી,
કરમ-ધરમકા મિટા ભરમ સબ, પૂરી ફકીરી પા લી. ...બાબા૦ ૧
ફિકર કિધરકી રહી ન આખર, આતમજ્યોત દિખાઈ,
જીવ પતંગા રહા ન જુદા, જલ કર શિવતા પાઈ ! ...બાબા૦ ૨
બ્રહ્મનગરમેં કિયા નિવાસા, ચરખે આઠ ચલાઈ,
ઓહં સોહં તાના બાના, નિર્ગુણ શાલ બુનાઈ !! ...બાબા૦ ૩
જીના-મરના સુખ-દુખ ભોના[3], ગરમી સરદી ભગાઈ,
પાર પરાકે બૈઠે અબ તો, મુરદા હો કર ભાઈ ! ...બાબા૦ ૪

બિના નૈન સબ દિખે તમાસા, ખિલકત[4] ખાખ રમાઈ,
માયા કુત્તી પૂંછ હિલાવે, આપમેં આપ સમાઈ ! ...બાબા૦ ૫
નાચરંગ હોતા હૈ હરદમ, બાજે કંઈક બજાઈ,
નાચત નાચત થકી ગોપિયાં, જોગ-નીંદ છવાઈ !! ...બાબા૦ ૬
દિનરૈનાંકા રહા ન ભાસા, નૂરહિ નૂર ન્હલાઈ,
દેખે બિરલા **રંગ**-લારકા, મુખસે કહા ન જાઈ !! ...બાબા૦ ૭

•

૧. ઈંદ્રિયોનો સ્વામી, પરમેશ્વર. ૨. અજવાળું ૩. ભોગવવાનું. ૪. સૃષ્ટિ.

**સૂત્ર : - અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત**

## (૬)

આતમ જાન લિયો મૂલ હી સે,
આયા અંધેરા કહીં સે ! ધ્રુવ.
દૃશ્ય ન થા તબ કહાંકા દ્રષ્ટા, સબ કરતૂત મન હી સે !
કોરા કાગજ ચિત્ર બિચિત્રા, સબ લીટા[3] સ્યાહી સે. ...આતમ૦ ૧
મનમેં મંદિર મનમેં મૂરત, મન પૂજા એક હી સે,
મનમેં કાબા મનમેં કાશી, ભેદ દૂહી[4] મન હી સે !! ... આતમ૦ ૨
ઊંચ નીચ સબ મનકી કરની, આતમ દૂર યહીં સે,
સંગવિહીના સદા નિસંગા, દિખે ભાસ ભાવ હી સે ! ... આતમ૦ ૩
મનવૃત્તિકા બાદલ છાયા, અંધે નૈન વહીં સે,
દેવ છિપાયા દાનવ આયા, કાંપે આપ આપ હીસે !! ...આતમ૦ ૪
આંખ બંધ કર કરે તમાસા, ભૂલા આપ આપ હી સે,
ખૂલા નૈન હુઆ સત્સંગા, **રંગ** ન અહીં - તહીં સે ! ...આતમ૦ ૫

•

૧. મીંચાઈ ૨. વેણ, વાણી. ૩. લકીર. ૪. દ્વૈત.



## (૭)

## (રાગ - તિલક કામોદ, તાલ - કહરવા)

આન પડા નાથ! દરપે, શરણમેં લીજિયેજી! ધ્રુ૦
નામ પતિતપાવન સુન તુમરો, આયા દરસ-ભિકારી!

અબ તો નાથ! દેર ના કીજે,
બીત ગઈ ઉમરી[1] સારી, દયા અબ કીજિયેજી !!...આન પડા ૧

બાલપનોંમેં કૂદા ખેલા, બીતી જવાની સારી!
મન-માતંગા[2] કરે તૂફાના,
જરા[3] મૌત-દૂતી આયી, કાલસે બચાયિયેજી!! આન પડા ૨

જ્ઞાન ન સીખા ધ્યાન ન સીખા, બના પેટપૂજારી!
તેરીમેરી કર કર ફૂલા,
કરની ન દેખો સાંઈ, દાસ અપનાયિયેજી!!...આન પડા ૩

દેખા દેસા દેખા ભેસા[4], પાયા કલેશા ખાલી!
અબ તો આર્ત પુકારૂં નામા,
દોડ ખોલ ખિડકી સ્વામી, પ્રેમકો નિભાયિયેજી !! આન પડા ૪

કૌન કરે બિસ્વાસ ન જો તુમ સૂનો ટેર[5] હમારી!
તુમરી તુમ જાનો ગોવિંદા,
તુમ બિન કોઉ નાહીં, લાજ **રંગ** રાખિયેજી!! આન પડા ૫

•

૧. ઉંમર ૨. હાથી ૩. ઘડપણ ૪. વેશ, ભેખ ૫. ટહેલ

## (૮)

### (રાગ - તિલક કામોદ, તાલ - દીપચંદી)

આવો જો સંતો તો વાતો બે કરીએ, દિલદુખડાં વિસરીએ રે. - ટેક.
કામાદિ બાળીને ધૂણી ધીખવીએ, અવધૂત ધૂન ગજવીએ રે. - આવો૦ ૧
જ્ઞાનગંગા નિત સ્નાન કરીને, આતમદેવ રીઝવીએ રે. - આવો૦ ૨
સતનું તે ગોપીચંદન કરીએ, મૌનની માળા જપીએ રે. - આવો૦ ૩
ઝેરવેરની હોળી કરીને, પ્રેમ પીચકારી રમીએ રે. - આવો૦ ૪
દ્વૈતની ધૂલિ ધૂળેટી રમીએ, ફાગણ **રંગ** રેલવીએ રે ! - આવો૦ ૫
ધૂન : હરે દત્ત હરે દત્ત દત્ત દત્ત હરે હરે
હરે રંગ હરે રંગ રંગ રંગ હરે હરે

•

## (૯)

### (રાગ-સારંગ, તાલ-કહેરવા)

આવો હરિજન હેતે રામને સંભારો;
રામને સંભારો હેતે હરિને સંભારો ! - ટેક.

વિષયમાં નથી મઝા, અંતે યમ કરે સજા;
જાશો મરી સાજાતાજા! રામને સંભારો !! - આવો ૧

દુનિયાનો ખેલ કાચો, ક્ષણભંગુર નહીં સાચો;
રાચો હરિપદે નાચો! રામને સંભારો !! - આવો ૨

મનના સંકલ્પો રોકી, મારૂં તારૂં કોરે મૂકી;
વૃત્તિ સ્વરૂપે રાખી, રામને સંભારો !! - આવો ૩

ભાવે ભજો ભવભંગા, એક અનેકે **રંગા**;
છોડી દુરિજન-સંગા, રામને સંભારો !! - આવો ૪

•

૧. ઉદાર, વિશાળ હૃદયી. ૨. નામદેવ. ૩. અયોધ્યા.



## (૧૦)

### (રાગ - દેશ, તાલ - કહેરવા)

એક અગોચર બ્રહ્મ પ્રકાશે, ઘટઘટમાં અવિનાશીજી,
સત્ય નિરંજન નિષ્ક્રિય નિર્મલ, એ વિણ સર્વ વિનાશીજી. - ટેક.

કર્ણ વિના સહુ શબ્દ સૂણે જે, નેન વિના જગ ભાળેજી,
એ જાણ્યા વિણ સુખ નવ પામે, મૂરખ મન કો કાળેજી. - એક૦ ૧

છોડી તંદુલ તુષને વળગે, તૃપ્તિ તે કેમ થાશેજી ?
ચેતન છોડી જડને ભજતાં, ભવભીતિ ક્યમ જાશેજી ? - એક૦ ૨

મન બુદ્ધિ છે ચાકર જેના, કરતા હરિહર સેવાજી,
તે વિશ્વંભર નયને નીરખે, આપ દિગંબર દેવાજી. - એક૦ ૩

પઢતાં પઢતાં પંડિત પડીયા, સુખ પામ્યા સત્સંગીજી,
અંગવસ્ત્ર **રંગે** રંગારા, રાજ કરે દિલરંગીજી ? - એક૦ ૪

સિંચત સિંચત માળી મરતાં, સુખ પામે ભોરંગાજી[૧],
ન્હાતાં ન્હાતાં મરે દેડકાં, મન ચંગા ઘટ ગંગાજી ! - એક૦ ૫

ગુરુગમ કુંચી દ્વાર બંધ છે, તાળું વિરલો ખોલેજી,
ધન દાટ્યું મંદિર - શિખરે, પણ હાથ ન આવે કોયેજી. - એક૦ ૬
મંત્ર :- ૐ પરબ્રહ્મ પરમાત્મને નમઃ

•

૧. ભોરંગ એટલે ભમરો.

## (૧૧)

### (રાગ - દરબારી કાનુડો; તાલ કહેરવા)

એવો દિ' દેખાડ વ્હાલા! એવો દિ' ઉગાડ,
દેખું તારૂં રૂપ બધે, એવો દિ' દેખાડ.

ભુલાવી 'હું' 'મારું' 'હું' ને 'તારા'માં ડૂબાડ, વ્હાલા 'તારા'માં! (૨)
તું તારામાં ભેદ ન દેખું, એવો દિ' દેખાડ!! એવો૦ ૧

જુગ જૂનાં બંધ નૈનાં, કાંઈ તો સુઝાડ, વ્હાલા ! કાંઈ તો. (૨)
અંદર બ્હારી તુંને દેખું, એવો દિ' દેખાડ!! એવો૦ ૨

આપ્યું તે તારાંને આપી રાચું મન મોઝાર, વ્હાલા! રાચું મન. (૨)
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ' દેખાડ!! એવો૦ ૩

ધાર્યું તે થાવાનું મારી વ્યર્થ કાં પછાડ! વ્હાલા!વ્યર્થ કાં. (૨)
તારે શરણે થાઉં નચિંત, એવો દિ' દેખાડ!! એવો૦ ૪

રૂપ રૂપે તું અરૂપી **રંગ** એ નિર્ધાર, વ્હાલા! રંગ એ.
ગોત્યું જડે ન હું ક્યાંયે એવો દિ' દેખાડ.... એવો૦ ૫

•

૧. મોક્ષેચ્છાથી સદ્‌ગુરુને શરણ થવું તે. (ગુરૂપસત્તિ = ગુરુ + ઉપસત્તિ) ૨. ગ્રહણ કરાવ્યો. ૩. યમ-અહિંસા, સત્ય, અસ્તેય (અચૌર્ય), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ (દેહરક્ષાને માટે જોઈએ તે કરતાં વધારે ભોગ સાધનોનો અસ્વીકાર). નિયમ-શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય (નિત્યપાઠ) અને ઈશ્વર પ્રણિધાન (ઈશ્વરભક્તિ). ૪. દીક્ષા.

## (૧૨)

### (રાગ-આશાવરી, તાલ-કહેરવા)

ઔષધિ કૌન પિલાવે ? ગુરુ બિન, ઔષધિ કૌન પિલાવે ? - ટેક.
ભવવ્યાધિ યહ બહોત સતાવે, સુધબુધ ભુલાવે ! - ગુરુ૦ ૧
વિષય વિષમજ્વર અતિ ઘબડાવે, તૃષ્ણાપ્યાસ બઢાવે ! - ગુરુ૦ ૨
ઐસો કૌન કૃપાલુ જગમેં, આવાગમન[1] મિટાવે. - ગુરુ૦ ૩
આપ ભૂલા જગ સબ ભુલાવે, ઐસો કામ ન આવે ! - ગુરુ૦ ૪
હોવે કામિલ[2] નબ્ઝ[3] દિખાવું, અમૃત **રંગ** પિલાવે ! - ગુરુ૦ ૫

•



## (૧૩)

### જીવનમુક્તિ

કરના થા સો તો કર લીના, અબ ના કરના ના ભરના હૈ;
જો પાના થા સો પા લીના, અબ ના પાના ના ખોના હૈ! ટેક

ના જાના હૈ ના આના હૈ, ના જીના હૈ ના મરના હૈ;
બસ આપહિમેં રમ રહના હૈ, જો આન પડે સો સહના હૈ! ક:૧

ના ચઢના હૈ ના પડના હૈ, ના રોના હૈ ના હઁસના હૈ;
બસ આપહિ હાસ્ય બના ફિર, ક્યોં કરનીકા બોજ ઉઠાના હૈ? ક:૨

કિસ્મતસે આન મિલે સબ, ક્યોં નાહક જગકો રિઝવના હૈ?
મિથ્યા પંડત કાજી બનકર, ના લડના હૈ લડવાના હૈ!! ક:૩

ના ધ્યાના હૈ ના ગાના હૈ.બસ ધ્યેય મહીં મિલ જાના હૈ,
તન મંદર આતમ દેવ બના, ના પૂજના હૈ પૂજવાના હૈ! ક:૪

ના કહના હૈ ના સૂનના હૈ, ના લેના હૈ ના દેના હૈ
બન પથ્થર પિંડ ભૂલાના હૈ, ભૂલા ભૂલાના ભૂલના હૈ! ક:૫

ના જપના હૈ ના પઢના હૈ, બસ જાપ અજંપા હોના હૈ;
ના સોના હૈ ના જગના હૈ, બેફિકર મસ્ત પડ રહના હૈ ક:૬

સબ રંગ જગત બિસરાના હૈ, ઈત ઉત મન ના ભટકાના હૈ
ના ડરના હૈ ના ભગના હૈ, બસ અચલ ઠામ થિર રહના હૈ! ક:૭

૧. ન+એક=અનેક

◆

(૧૪)

કરની બીન કથનીકી કીમત કૌડી જાન બજારોં હૈ (૨),
બિન કથની કરની કર બંદે ! ઉધરે[1] સંત હજારોં હૈં. ધ્રુ૦

બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ (૨),
માન લોભ છૂટા ના મનસે, કરત બોધ પરભારો હૈ ! કરની૦ ૧

બ્રહ્મજ્ઞાન મૂગોંકી બાતાં, સુને સાધુ[2] કો બિરલો હૈ (૨),
પતિવ્રતા નિજ કંથ મિલનકી સુનત બાત શિશુ ભોલો હૈ ! કરની૦ ૨

બૃત્તિ બિન રૂખો કથવારો[3], દેહાધ્યાસ ભરારો હૈ (૨),
મ્યાઉં મીંદડી ગાવત મીઠો, ધ્યાવત મૂસા ચારો હૈ ! કરની૦ ૩

કર સત્સંગત સાધન સુમિરન, સાધન બિન અંધારો હૈ (૨),
રાગદ્વેષ ન છૂટે તબહૂ, જ્ઞાન પેટ-ગુજારો હૈ !! કરની૦ ૪

ખ્યાલ ન કર ઔરનકા સાધો, આતમ**રંગ** અકેલો હૈ (૨),
ચીન્હે સો કહને ન પાવે, દેખત જિયરો[4] ઠારો હૈ !! કરની૦ ૫

•

૧. ઉદ્ધાર પામેલા. ૨. સાધુવૃત્તિવાળો, શમદમાદિ સાધનસંપન્ન. ૩. બકવાદ. ૪. જીવડો.



(૧૫)

## કરવું તો નિષ્કામ કર્મ, હો સાધો
## (રાગ-ભૈરવી તાલ-દાદરા)

કરવું તો નિષ્કામ કર્મ હો સાધો ! કરવું તો નિષ્કામ કર્મ -ટેક
સોંપી ફળ પ્રભુને, કરવું જે આવે;[1]
સ્મરવું હરિપદ દમ-બ-દમ[2] ! હો ૦-૧
કર્તાપણાને વિસારી મૂળે, રહેવું અસંગ ધરખમ ! હો ૦-૨
આશાને ત્યાગી થાવું સંન્યાસી, સચ્ચિદાનંદ બ્રહ્મ ! હો ૦-૩
કરવું ન કરવું આગ્રહ ખોટો ; લાભહાનિ ચિત્તભ્રમ ! હો ૦-૪
ભૂલી દેહાત્મા ધ્યાવો પરમાત્મા, રહેવું રાખે રામ જયમ! હો ૦-૫
કરી અકર્તા સમત્વ-યોગે, પામે નિજાનંદ [3]શર્મ ! હો ૦-૬
ફળાફળે સમાન ઉદાસી, **રંગ** રંગે નિર્મમ ! હો ૦-૭

(અ.આ. ભજન-૧૪૯)

•

૧. કર્તવ્ય પ્રવાહમાં સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય તે ૨. શ્વાસે શ્વાસે ૩. કલ્યાણ

## (૧૬)

### (રાગ-મિશ્રમાડ, તાલ-કહેરવા)

કહે દિવાના મુજકો, દુનિયા, કહે દિવાના મુજકો. - ટેક.
મૈં દિવાના તું દિવાના, સબ જગ દિવાના;
કો દિવાના નાહીં જગમેં ? કહે દિવાના મુજકો. - દુનિયા૦ ૧
નામદિવાના દામદિવાના, ચામદિવાના કોઉ;
ધન ધન સો જો રામદિવાના, મૈં દિવાના સોઉ. - દુનિયા૦ ૨
ખલ્કદિવાના[3] ખલ્ક ન પાયો, જુગ જુગ ભટકાયો;
રામદિવાના રામ સમાયો, રામરંગ રૂલાયો ! - દુનિયા૦ ૩
નામ ન ભાયો દામ ન ભાયો, ચામ ન ભાયો મુજકો;
રોમ રોમ અવધૂત દિગંબર, એહિ ધૂન જગાયો ! - દુનિયા૦ ૪
ગુરુગમ મારગ, પોથાંથોથાં કોઉ કામ ન આયો;
**રંગ** કૃપા મુરશીદ[4]-દિવાના, સ્વાદ [5]અનુપમ પાયો ! - દુનિયા૦ ૫

•

૧. ભસ્મ. ૨. આશા રહિત ૩. દુનિયા. (સાંસારિક વિષયો)ની પાછળ ગાંડો ૪. ગુરુ.
૫. જેની ઉપમા નથી એવો, અવર્ણનીય.

## (૧૭)

### (રાગ-મિશ્ર પહાડી, તાલ-કહેરવા)
### (જમકા અજબ તડાકા બે-એ રાહ)

ગીતા અજબ પઢાયા રે, મુજકો ત્યાગી બનાયા રે ! - ટેક.
ગુરૂપસત્તિ[1] કફની પહેની, શ્રવણ અંગ ભભૂત;
મનન મોક્ષમહામંત્ર સિખાયો, નિદિધ્યાસ સિરમુંડ ! - ગીતા૦ ૧
કર્મયોગકા દિયા કટોરા, ભક્તિયોગકી ભીખ;
જ્ઞાનયોગ કર દંડ ગહાયા[2], વાહ ગુરુકી શીખ ! - ગીતા૦ ૨
મન નિર્મળ આસન બૈઠાયા, યમ[3] નિયમોંકી દીખ;[4]
હૃદયકુંડમેં અગન જલાયા, કામ ક્રોધ બલિ દીધ ! - ગીતા૦ ૩
**રંગ** અર્જુના મોહ મિટાયા, સારથિ શ્રીવ્રજરાજ;
રથ હાંક રણ જુદ્ધ કરાયા, અંત દિલાયો રાજ ! - ગીતા૦ ૪

•



## (૧૮)

### (રાગ-સારંગ, તાલ-દીપચંદી)

ગુરુ ગુરુ કરતાં આ જાઓ મારા પ્રાણ (૨);
જાઓ મારા પ્રાણ દત્તા (૨), માગું એ દે દાન ! - ટેક.
અંતરને હુજડે[3] તે ધરૂં તારાં ધ્યાન (૨);
ધરૂં તારાં ધ્યાન દત્તા (૨), ગાઉં મુખે ગાન ! - ગુરુ૦ ૧
શિરની સારંગી વાગે નસ તંતુ જાણ (૨);
શ્વાસા ગજ હાલે સોહં (૨), અનહદ ગાન ! - ગુરુ૦ ૨
ચંદા સૂર ડોલે, ડોલે વૃક્ષ ને પાષાણ (૨);
નીર ડોલે ગિર ડોલે (૨), ડોલે ગોપી કાન ! - ગુરુ૦ ૩
ગાય કોણ સૂણે કોણ ? મારે કો ત્યાં તાન (૨);
**રંગ** એક દૂજો નાહીં (૨), નહીં દ્વૈતભાન ! - ગુરુ૦ ૪

ધૂન :- (૧) જય જય ગુરુમહારાજ ગુરુ
જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ
(૨) સોહમ્ સોહમ્ સોહમ્ સોહમ્

•

૧. રત્ન (પરમાત્મરૂપી). ૨. શંકાવમળે. ૩. ઓરડામાં.

## (૧૯)

### (રાગ-આસા, તાલ-કહેરવા)

ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં...ધ્રુવ.
બ્રહ્માહરિહર મૂર્તિ મનોહર, દંડકમંડલુશોભિત વર[1] કર;
કંથા કૌપીન અક્ષમાલધર[2], સુરવર ધાયા. વિઘ્નો૧
આનંદાબ્ધિ ઉર છલકાએ, દુઃખ નામ ક્યાંયે ન જણાએ;
આધિ વ્યાધિ સહુ મન ગભરાએ, સુકૃત ફાલ્યાં. વિઘ્નો૨
વાણી સુધાસમ[3] શી મધુરી આ, જાણે કુસુમો મુખ દ્રુમ[4]ખરિયાં;
ચિંતા દૈન્ય ઉપાધિ ટળિયાં, મન સુખ પામ્યા. વિઘ્નો૩
સ્વાગતની શી કરૂં તૈયારી ? તન મન ધન સહુ તુજ પર વારી!
જયાં દેખું ત્યાં તુજ બલિહારી, **રંગ** ચઢાયા !! વિઘ્નો૪

•

૧. સુંદર. ૨. રુદ્રાક્ષની માળા ધારણ કરનાર. ૩. અમૃત જેવી. ૪. વૃક્ષ.

## (૨૦)

**(રાગ : માલકૌંસ)**

ગુરુચરન પ્રીત મોરી લાગી રે ! ધ્રુવ.
સોતી થી મૈં જનમોજનમસે, ગુરુશબદસે જાગી રે! ગુરુ૦ ૧
હાટ બજાર ફિરૂં મતવાલી, લોગલાજ સબ ત્યાગી રે! ગુરુ૦ ૨
કોહં કોહં પૂછત રાગી, સોહં કહત વિરાગી રે! ગુરુ૦ ૩
ના મૈં રાગી ના મૈં વિરાગી, **રંગ**-રાગસે ભાગી રે! ગુરુ૦ ૪

ૐ ગુરુ ૐ

•

## (૨૧)

**વંદના**

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના તુજને હજો!
વિક્ષેપ દૂર થઈ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો. ૧

અજ છતાં અવતાર ભક્તો કારણે તેં આ ધર્યો;
સત્ત્વાંશ વિધિહરિહર તણા થઈ એકરૂપ જગે સ્ફુર્યો! ૨

કંઈ એકમુખ કંઈ ત્રિમુખ તું નિર્ગુણ છતાં સાકાર હા;
ધન્ય તપ મુનિ અત્રિનું શું મૂર્તિમંત ખડું અહા! ૩

દ્વિભુજ કંઈ કંઈ ચારભુજ, કંઈ દિવ્ય ષડ્ભુજ શોભતું;
વિવિધાયુધે અવધૂત હે ! તુજ રૂપ ચિદ્રસ રેડતું! ૪

લીલા તહારી કો' લહે ? જ્યાં વેદ પણ મૂંગા રહ્યા;
થઈ શ્વાન નિત પાસે ખડા, આભા બની જોઈ રહ્યા! ૫

કાષ્ઠવૃત્તિ પાવડી પર તું ખડો સ્થૂલે દીસે;
પ્રવૃત્તિ નિવૃત્તિ પદો એ ભુક્તિ-મુક્તિમય લસે! ૬

યોગભૂમિ સ્મશાન એ ભક્તોતણું નિજ ચિત્ત હા;
કામક્રોધ મડાં બળે બેઠો દિગંબર તું તિહાં! ૭



પંખી સ્વરૂપે શાસ્ત્રગણ કૂજન કરે તુજ તત્ત્વનું;
માખી-પુરાણો ગણગણે ગુણ ગુણ કરી નિર્ગુણતણું! ૮

સાધના ગંગા નદી, સંતોષ કલ્પદ્રુમ તિહાં;
બેઠો જઈ ઔદુમ્બરે એ, ના તુને અણુએ ઈહા! ૯

જ્ઞાનાગ્નિની જ્વાળા સમી શોભે જટા શિર શંકરી;
સચ્ચિત્સુખાત્મક મુખ લસે આનંદમૂર્તિ એ નરી! ૧૦

કનકગેરુ સંયમે રંગી ધર્યાં ભગવાં અહો!
ઐશ્વર્યષડ્ ભુજષડ્ થઈ શોભે નિરાકારી અહો!! ૧૧

૧. છ હાથ.

રુદ્રાક્ષમાળા કંઠમાં બ્રહ્માંડમાળા શું ન એ!
વ્યાપી બધે અદકો રહ્યો, ઠાલું ન એકે ઠામ હે! ૧૨

બાળી અહં ભભૂતિ[1] એ ચોળી તને[2] જગમાં ભમે;
કંઈ ગુપ્ત કંઈ થઈ પ્રગટ તું અવ્યક્ત ચિહ્ન સદા રમે! ૧૩

અનિકેત આત્મક્રીડ તું, જાણે વિરલ જ્ઞાની તને;
જોઈ રહે લક્ષ્યે સદા તુજ ધ્યાનમાં તુજ ચિંતને. ૧૪

અન્નપૂર્ણા ઝોળી એ, શોભે ખભે વિશ્વંભરી;
પદ્મા[3] કરે પદ્મે[4] વસે, ગાયત્રી ગૌ પડખે ખડી. ૧૫

ગિરનારના દાતાર હે, ગોરક્ષગર્વનિવારણા!
કલિતાર નૃસિંહસરસ્વતી નિજભક્તમાનસરંજના! ૧૬

ઢૂંઢૂં કુરવપુરમાં તને શ્રીપાદવલ્લભરૂપ હે!
વા વાડી ઔદુમ્બર વિષે વા ગાણગાપુરમાં કહે? ૧૭

જાઉં અક્કલકોટમાં શું સ્વામિરાજ હશે તિહાં?
માણિકપુરે પ્રભુ પાસ વા, માહુરગઢે વા કે કહાં? ૧૮

યતિવર કને ગરુડેશ્વરે વા જાઉં વાસુદેવની ?
વા અન્ય નૂતન વેષથી તું ક્યાં ફરે કે હે મુનિ! ૧૯

પણ શું લવું? આ ક્યાં ન તું? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે!
દેખે ન અંધો શું કરું શ્રદ્ધાવિહોણો **રંગ** એ!! ૨૦
જય દત્ત હે! જય દત્ત હે! જય દત્ત હે! તુજને નમું,
મૌને વિરામી વૈખરી[૫] જોઈ તને સઘળે રમું!! ૨૧

•

૧. ભસ્મ. ૨. શરીરે. ૩. લક્ષ્મી. ૪. કમળમાં. ૫. વાણી.

## (૨૨)

**(રાગ - સારંગ, તાલ - કહેરવા)**
**(સામરો અજહુ ન આયો - એ રાહ)**

ઘનઘોર વ્યોમ[૧] અર્જ[૨] છાયો, નભમેં સુરધનુ[૩] ખીંચવાયો. - ટેક.
નીલકંઠ[૪] મન મોદ[૫] ન માયો, થેઈ થેઈ નાચ નચાયો,
બનપંછી મલ્હાર ગવાયો, બિરહી મન ઘબડાયો,
પિયાસે નેહ લગાયો ! - ઘનઘોર૦ ૧

ઉલ્લે તટ ગંગા પલ્લે તટ જમુના, બીચમેં ગોકુલ આયો,
આતમ-કા'ન સંગ વૃત્તિ - ગોપિકા, મનહર રાસ રચાયો,
સુરવરગણ[૬] દેખન ધાયો ! - ઘનઘોર૦ ૨

મન-બૃંદાબન મોહન નાચત, રવિ વિધુ[૭] રથ થંભાયો,
સોહં બંસી મધુર બજાવત, કાલીય કામ હરાયો,
શૂન્ય સમુંદર ધાયો ! - ઘનઘોર૦ ૩

મેંડક[૮] મછલી શબ્દ સૂનાયો, પિકમુખ[૯] મૌન ધરાયો,
અબધૂ અંગ ધૂલ દુઈકી પુનિપુનિ[૧૦] ગગન ઉડાયો,
બાલકસો મન ભાયો ! - ઘનઘોર૦ ૪



મુનિ[૧૧] ઉન્મની[૧૨] મોજ મન માન્યો, સુંદરશ્યામ દિખાયો,
અંધપ્રકાશ[૧૩] પરમ જગ છાયો, **રંગ** તમિસ્રા[૧૪] ટાર્યો,
ભવકો ભરમ મિટાયો ! - ઘનઘોર૦ ૫

•

૧. આકાશ. ૨. આજે. ૩. મેઘધનુષ. ૪. મોર. ૫. આનંદ. ૬. દેવસમૂહ ૭. ચંદ્ર. ૮. દેડકાં. ૯. કોયલ. ૧૦. ફરી ફરી. ૧૧. જ્ઞાની, અવધૂત. ૧૨. મનની સંકલ્પવિકલ્પરહિત સ્થિતિ. ૧૩. ઈંદ્રિયોને અગોચર એવો સ્વરૂપપ્રકાશ. ૧૪. રાત્રિ (મોહરૂપી).

## (૨૩)

ઘરની ઘરની ઘરની રે, મૂળ શોધ કરો અસલી ઘરની. - ટેક.
સ્વપ્નાની માયા સઘળે વિસ્તારી, જૂઠી બાજી બાજીગરની રે. - મૂળ૦ ૧
ચૌદ બ્રહ્માંડની વાતો કરે પણ, ખબર નહિ નિજ ઘરની રે. - મૂળ૦ ૨
જો જો આંગણીયે ઐરાવત બાંધ્યો, કરે પંચાત કાં ખર[૧]ની રે? - મૂળ૦ ૩
રાજાની રાણી ભીખ સહે કાં ? તું તો રાણી વિશ્વંભરની રે. - મૂળ૦ ૪
જ્યાં દેખે ત્યાં રાજ તિહારું, વાત પછી ક્યાં **રંગ** ડરની રે. - મૂળ૦ ૫

•

## (૨૪)

**(રાગ-આશાવરી, તાલ-કહેરવા)**

ચૌદ બ્રહ્માંડ મેરી ઝોલીમેં ! - ધ્રુ૦
અમુલખ મોતી હીરા માણેક, જડીબૂટી મેરી ઝોલીમેં !
બ્રહ્મા વિષ્ણુ શિવ સનકાદિક, રિદ્ધિ સિદ્ધિ મેરી ઝોલીમેં ! ચૌદ૦ ૧
ધનપતિ[૩] તાકો પાર ન પાવે, નવોં નિધિ મેરી ઝોલીમેં !
પંચ કુઈકી[૪] ઝોલી હમારી, ખેંચત સાંઈ દોરીસે ! ચૌદ૦ ૨
તીન ગુનોંકા તાંત બનાયા, પટ ચિતર મેરી ઝોલીમેં !
રંગ રંગાયા સદ્‌ગુરુનાથે, **રંગ** નિકાલ્યો ઝોલીસે ! ચૌદ૦ ૩

•

૧. ભગવાન તરફ પાછો વળ. ૨. અહંકાર. ૩. કુબેર ભંડારી. ૪. ખાનાં.

## (૨૫)

**(રાગ-ભૈરવી, તાલ-કહેરવા)**

જપી લે હરિનું નામ રસાળ, સ્મરી લે સુંદર રૂપ વિશાળ,
જેથી નડે ન આ કલિકાળ...ટેક.
શ્રી રામ જય રામ જય જય રામ! (૨)
ગોપીવલ્લભ મેઘશ્યામ! (૨)
એની લીલા અપરંપાર, ગાતાં કદિ ન આવે પાર,
સૂણતાં થાશે બેડો પાર...જપી લે૦ ૧
એક ધનુર્ધારી કહેવાયો! (૨)
બીજો મોરલીધર મન ભાયો! (૨)
નાચે એજ નચાવનહાર, મોહ્યાં સ્ત્રી મર્કટ ને બાળ,
જગ-વૃંદાવનનો ગોવાળ...જપી લે૦ ૨
એકે રાવણને સંહાર્યો! (૨)
બીજે કંસ અઘાસુર માર્યો! (૨)
એ છે એક જ તારણહાર, દુર્વૃત્તિ-દાનવ-સંહાર,
જેનો સઘળે જયજયકાર...જપી લે૦ ૩
એકે બોર અજીઠાં ખાધાં! (૨)
બીજાએ માખણ મહી પીધાં! (૨)
તાર્યા આહિર ભિલ્લ ચમાર, પાપી દીન પતિત ગમાર,
એ વિણ કો બીજો રખવાળ ?...જપી લે૦ ૪
નામ હજારો નામી એક! (૨)
રૂપ કરોડો રૂપી એક! (૨)
સઘળે એહ જ **રંગ** નિહાળ, બીજો ઝઘડો વ્યર્થ અસાર,
અંધાને રવિનો શો ખ્યાલ ?...જપી લે૦ ૫

***ધૂન :- શ્રીરામ જયરામ જય જય રામ***

•



## (૨૬)

**(રાગ-મિશ્ર માડ, તાલ-કહેરવા)**

(જય જય) ગુરુ મહારાજ ગુરુ, જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ;
જીવનદોરી તુજને સોંપી, નિશ્ચિત જગમાં ફરૂં. - ટેક.

કાયા વાચા મનથી તુજની, સેવા નિશદિન કરૂં;
પાપપુણ્ય અરપી તુજ ચરણે, અક્ષય શાંતિ વરૂં. - જય જય૦ ૧

તેત્રીસ ક્રોડ દેવ સહુ તુજમાં, તીરથ શીદને ફરૂં;
નામનાવમાં બેસી, દારુણ ભવસાગર આ તરૂં. - જય જય૦ ૨

ઈંદ્રિય ઈંધન[૩] મન કુસુમ[૪] ને મસ્તક શ્રીફળ ધરૂં;
સ્વાર્પણયજ્ઞે અહં હોમીને, સ્વાનંદે સંચરૂં. - જય જય૦ ૩

ત્રિગુણ વટાવી ગુણાતીતમાં, નિર્ગુણ થઈને ફરૂં;
જલલહરિસમ **રંગ** રૂપને, બાળી જીવતાં મરૂં. - જય જય૦ ૪

**ધૂન :- જય જય ગુરુમહારાજ ગુરુ જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ**

•

---

૧. દયાના સાગર. ૨. પાપ. ૩. બળતણ, લાકડાં. ૪. ફૂલ.

## (૨૭)

**(રાગ-ભીમપલાસ, તાલ-કહેરવા)**

જેના દિલમાં દીનની[૧] દાઝ નથી, એવા દુરિજનનું અહીં કામ નથી. - ટેક.

મુખથીજ સદા સાકર ઘોળી, કાગળ પર શાહી બધી ઢોળી;
ખાધા વિશ્વાસુ જનો ફોલી, એવા મ્હોં-શૂરામાં રામ નથી ! જેના૦ ૧

ગંગાદિક તીર્થોમાં ન્હાયા, ડાઘા દિલના ન કદી ધોયા;
દુખિયાંનાં આંસુ ના લોહ્યાં, તેનું હરિ-પોથીમાં નામ નથી ! જેના૦ ૨

મિષ્ટાન નવાં નિત ઘેર ઊડે, ભૂખ્યાંને કણ ના દ્વાર મળે;
લેવા પર વિત્ત ઉરે ઊછળે, તેને ઠરવાનું કંઈ ઠામ નથી ! જેના૦ ૩

જનતા-જાદવપતિ તરછોડયા, દર્શન કાજે મંદિર દોડયા;
પછડાતાં પડછાયે રોયા, તેને ત્રિભુવનમાં વિશ્રામ નથી ! જેના૦ ૪

વાણી-વર્તન-વાક્યે[૨] સમતા, નિરહંકૃતિ ના જેને મમતા,
વણ માગ્યે **રંગ** મળે પ્રભુતા, એના સુખને ક્યાંય વિરામ નથી ! જેના૦ ૫

•

## (૨૮)

**(રાગ-ભીમપલાસ, તાલ-કહેરવા)**

જેને જ્ઞાન નિરામય[3] બૂટી જડી, તેને પરમારથની સૂઝ પડી. ટેક.

ટીલાં-ટપકાં કરી જન્મ ગયો, તૂટી માળા, ના અર્થ સર્યો;
હરિનામ ગ્રહી ચરી જો વિસર્યો, સાધનમાં તેના ભૂલ નડી ! જેને૦ ૧

મ્હેલાતો કીધી ખડી મોટી, ખાધી બોળી ઘીમાં રોટી;
પરદ્રવ્ય તકાસે પરબેટી, જીવનમાં તેના ધૂળ પડી ! જેને૦ ૨

વીત્યું યૌવન ખૂટી શક્તિ, વિણ ભાવ કરી લૂખી ભક્તિ;
તૂટી ના જો દેહાસક્તિ, આખર તેને પરિતાપ-ઘડી ! જેને૦ ૩

જગવી ધૂણી ધૂપાદિ કર્યા, દીવડા અંતરના ના પ્રજળ્યા;
ક્રોધદ્વેષાદિક જો ન ગળ્યા, ગબડયા અધવચ તૂટી તંગડી ! જેને૦ ૪

મનના અભિલાષ રહ્યા મનમાં, હાર્યા બાજી ભટક્યા વનમાં;
ચેત્યા વેળાસર ના ક્ષણમાં, ભૂતાવળ **રંગ** પછાડી પડી !! જેને૦ ૫

***સુત્ર :- શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્***

●

---

૧. ગરીબની, ધર્મની ૨. વાણી : ઉચ્ચારાતી, બોલાતી, વૈખરી વાક્ય - મનથી વિચારાતી વાણી - વિચાર.
૩. રોગ ન થાય એવી, નિર્દોષ.

## (૨૯)

**(રાગ - દરબારી, તાલ - દાદરા)**

જો આપકો દેખે ન ઉસકો દૂસરા દિખતા કહીં,
જો દૂસરા નજરોં ભરા, ના આતમા દિખતા વહીં !! - ધ્રુવ.
હે બ્હાર ભીતર આપ હિ, ના દેખ કર ડરતા રહા,
અંધિયારમેં રસ્સી પડી, ડર સાંપ કહ ભગતા રહા ! - જો૦ ૧
હૈ રૂપમેં બેરૂપ વો, અંખિયા અનુભવકી ચીન્હેં,
ઉમરી બિતાવે બાતમેં, ક્યા જાતકા અનુભવ ઉન્હે! - જો૦ ૨
અંધા બિલોકે જયોતકો, બહિરા સુને ઝનકારકો,
સોવે ન દિનરૈનાં કભુ, જાને ન સ્વપ્ન સુષુપ્તકો ! - જો૦ ૩
કપરા દુઈકુ ફેંક કર, ફીરે દીવાના બાવરા,
રોતા કભુ હસતા કભુ, અલમસ્ત ખુદ મસ્તીભરા ! - જો૦ ૪
આઝાદ આત્મારામ હૈ, આનંદસાગર અટપટા,
નુગરા પિછાને ક્યા ઉસે ! **રંગ** દેખ વહીં ડટા !! - જો૦ ૫

●



## (૩૦)

**(શ્રીદત્તાષ્ટક)**

**(રાગ-સારંગ, તાલ-દાદરા)**

**ધૂન : દત્ત દત્ત બોલો રે ભાઈ દત્ત દત્ત બોલો**

ઢૂંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક;
જીન પાયે સબ પા લિયા, દત્ત દત્ત દો ભેદ. ૧

દયા દાન અરુ દમન હૈ, દદ્દાકા યહ ભેદ;
તત્તા વિષયાધ્યાસ હૈ, તાકો તું કર ભેદ. ૨

કુત્તે ચારોં બેદ હૈ, ચાટત નિશદિન પાંવ;
ગૌમાતા શાંતિ છમા ધરમલચ્છન સાર. ૩

એક હાથ ત્રિશૂલ હૈ, નાશ કરે અજ્ઞાન;
ડમરુ બાજે હૃદયમેં, સોહં સોહં નાદ. ૪

ગદા[1] દાન કર જ્ઞાનકા, કમલ હૃદયબિકાસ;
ચક્ર નાશ ભવચક્રકા, શંખ રટે ઓંકાર. ૫

જ્ઞાનનદી નિત સ્નાન હૈ, કૌપીન સંયમ સાર;
કિસ જીહ્વા ગુન ગા સકું ? બેદ નેતિ[2] પુકાર. ૬

સબ દેવનકા દેવ યહ, સબ બેદનકા બેદ;
ભૂપનકી તો ક્યા કથા ? શ્વાસ નિસારે અનેક. ૭

બાર બાર પ્રણતિ[3] કરૂં, ગાઉં મુખસે ગાન;
નાચું હો નિર્લાજ મૈં, મસ્ત ફકીર પુરાણ. ૮

દત્તાષ્ટક જો યહ પઢે, **રંગ** દત્ત નિર્ધાર;
પામર વિષયી કોઉ હો, સાધુ સાધુ ત્રિવાર. ૯

***સુત્ર :- પરસ્પર દેવો ભવ, પરસ્પર દેવો ભવ***

●

---

૧. ગ = ધર્મ, જ્ઞાન, દા = આપવું. ૨. નેતિ = न+इति. આમ (ઈતિ) નહિ (ન). ૩. નમન.

## (૩૧)

**(રાગ-પીલુ, તાલ-કહેરવા)**

તપસી, છોડ દિયા સંસાર ! ટેક.
જૈસી સૂકર[1] વિષ્ઠા ભાઈ,
તૈસો ભવસુખ મુજ મન આઈ,
દત્ત દિગંબર મન લુભાઈ ! - તપસી૦ ૧
લોકલાજ સબ છોડ પરાઈ,
તાર મંજીરા ખૂબ બજાઈ,
નંગી હોકર જગ ફિર આઈ ! - તપસી૦ ૨
સગા સહોદર મન ન ભાઈ,
સાધુકી સંગત ચિત્ત ચુરાઈ,
ખાનપાન મન સબ બિસરાઈ ! - તપસી૦ ૩
ધન દોલત સબ મિટ્ટી મનાઈ,
હાડચામ યહ કછુ ન ભાઈ,
નામ નિકમ્મા મોહ ત્યજાઈ ! - તપસી૦ ૪
સૂરતનૂરતકી[2] ગોલી ચલાઈ,
બંકનાલ[3] ગઢ અગમ જીતાઈ,
અલખ નિરંજન તંબુ તણાઈ ! - તપસી૦ ૫
મનમક્કાકી હજ કરાઈ,
સંતબચન ઝમઝમ[4] પિલાઈ,
પિયા-ગલ-કાબા[5] ખૂબ ચૂમાઈ - તપસી૦ ૬
પશુ પંછી સબ એક સમાઈ,
નર નારી કછુ ભેદ ન પાઈ,
એક અલખ સબ નજરોં આઈ ! - તપસી૦ ૭
**રંગ** દિવાના ફિર ફિર ગાઈ,
સોહં સોહં બેણુ બજાઈ,
વૃત્તિ-ગોપીકા વ્રજ નચવાઈ! - તપસી૦ ૮

---

૧. સૂવર. ૨. વિજાતીય (દેહાદિવિષયક) વૃત્તિઓનો તિરસ્કારપૂર્વક સજાતીય (જીવબ્રહ્મૈક્યતાવિષયક) વૃત્તિઓનો અખંડ એકધારો પ્રવાહ. ૩. વાંકી નેળ; ત્રિકુટીની ઉપરનો સુષુમ્ણાનો વક્ર (વિષમ) માર્ગ, જ્યાંથી સુરતી ઉપર બ્રહ્મરંધ્ર તરફ ચઢે છે. ૪. કાશીની જ્ઞાનવાપીની માફક મુસલમાનોમાં પવિત્ર મનાતો મક્કાનો એક કૂવો; જેના જળનું આચમન કરવાથી યાત્રિકો પોતાને પાવન થએલા માને છે. ૫. પ્રાણપતિ પરમેશ્વરના ગાલરૂપી કાબા (મક્કાની મસ્જીદનો એક પથ્થર છે જેનું યાત્રિકો પવિત્ર પ્રેમભાવથી ચુંબન કરે છે અને જે યાત્રિકોનાં પાપ હરણ કરીને અત્યારે કાળો થયેલો છે.)



## (૩૨)

**(રાગ - મિશ્ર પિલુ, તાલ કહરવા)**

**(ગઝલની રાહમાં ગવાશે)**

તોડી દિવાલો મહેલની, બેઠા જઈ મેદાનમાં,
ઉપર કડાડે આભ તૂટ્યું, તેથી તમારું શું ગયું ? - ટેક.

ફાડી દુશાલા ભરજરી, શતખંડ કંથા શિર ધરી,
ઊભા દિગંબર ચોકમાં, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૧

દિનરાત મિજલસમાં ગઈ, મિષ્ટાન્ન સેવ્યાં પ્રીતથી,
ભૂખે કડાકા જો કીધા, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૨

પીયૂષ[1] પીધું સ્વપ્નમાં, વારિ મળ્યું ના જાગરે,
કાતીલ હલાહલ ગટગટાવ્યું, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૩

કસ્તૂરી છોડી કર્દમે[2], રંગી તનુ[3] ઉમંગથી,
ધૂળી ઉડાડી મોજથી, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૪

અક્કલ ગઈ અસ્માનમાં, યારો ! સતાવો કાં મુને ?
પાગલ ભલે પાગલ રહ્યો, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૫

જે કર્યું તે ભોગવ્યું, જો શેષ ભોગવવું રહ્યું,
નિ:શેષ સંચિત લય થયું, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૬

જો હું કરું હું ભોગવું, ના મેં કર્યું મેં ભોગવ્યું,
બસ **રંગ** કોનું શું ગયું ? જેનું જઈ તેને મળ્યું !!! - તોડી૦ ૭

•

---

૧. અમૃત ૨. કાદવથી ૩. શરીર.

(૩૩)

**(રાગ-કાફી, તાલ-કહેરવા)**

દત્ત દત્ત બોલો, આનંદમસ્ત ડોલો ! - ટેક.
અનસૂયાનો જાયો, એ મોરે મન ભાયો;
દેખો ઉર મતવાલો ! - આનંદમસ્ત૦ ૧
ગૈયા કુક્કુર-સંગે, ઊભો અસંગ ઉમંગે;
મુનિમન - મોહનહારો ! - આનંદમસ્ત૦ ૨
કરમાં કુંડી[1] માળા, શોભે ઝોળી મૃગછાલા;
ચલે ન માયા-ચાળો ! - આનંદમસ્ત૦ ૩
ઘર ઘર અલખ જગાવે, બોધે તિમિર[2] મિટાવે;
નતજન-તારણહારો[3] ! આનંદમસ્ત૦ ૪
આપી નિજ પર-કાજે, દ-દ-દ[4] ગંભીર ગાજે;
વિરલો **રંગ** નિહાળો ! - આનંદમસ્ત૦ ૫

•

(૩૪)

**(રાગ-જોનપુરી, તાલ-ત્રિતાલ)**

દત્ત દિગંબર એક અધારા, યહ બિન જગમેં નહિ નિસ્તારા. -ધ્રુવ.
ઊઠત દત્ત હિ બૈઠત દત્ત; ચલતે ફીરતે સુમરો દત્ત. - દત્ત૦ ૧
જાગત દત્ત હિ સોવત દત્ત; સુપને માંહિ સુમરલો દત્ત. - દત્ત૦ ૨
ખાવત દત્ત હિ પીવત દત્ત; ઠૌરકઠૌર[7] સુમર લો દત્ત. - દત્ત૦ ૩
જહાં દેખો વહાં દત્ત હિ દત્ત; તપસી! દૂજો **રંગ** ન દત્ત. - દત્ત૦ ૪

•

૧. પાપ હરનાર ૨. ગુરુના ચરણકમળનું ધ્યાન ૩. નિત્યપાઠ, મંત્રજપ ૪. (અ) કલિયુગમાં તારનાર (બ) જીવેશ્વરના ઝઘડામાંથી બચાવનાર ૫. ઝેરી ૬. સાપ. ૭. ઠામ ઠામ.



(૩૫)

**(રાગ-ભૈરવી, તાલ-કહેરવા)**

દત્તાજી ! મૈં તો તેરો હિ એક ગુલામ. ધ્રુવ.
ઓર ન જાનું ઔર ન માનું, તેરો હિ ગાવત નામ ! દત્તાજી૦ ૧
કાસી મથુરા કાયકો દૌડૂં, તેરો હિ પદ પર ધામ ! દત્તાજી૦ ૨
રાખે તૂ વૈસો હિ રહું મૈં, ઔર નહિ ઉર કામ[1] ! દત્તાજી૦ ૩
**રંગ** સરન તેરો હિ ચરન હૈ, ઔર ન ઠૈરન ઠામ ! દત્તાજી૦ ૪

•

(૩૬)

**(રાગ - રાગેશ્રી, તાલ - ત્રિતાલ)**

**(સદ્ગુરુ સ્વામી મારે મંદિરે પધારો - એ એકતારાની ધૂન)**

દરશન દીજો દાડી[1] સદ્ગુરુ મારા, બીજું ન માગું હું કાંઈ. - ટેક.
તમ દરશનથી જનમોજનમનાં, ટળશે હમારાં પાપ. - રે દરશન૦ ૧
હૃદયકમળની સેજ બિછાવી, જોઉં હું નિશદિન વાટ. - રે દરશન૦ ૨
ઊંચી થાઉં નીચી થાઉં, અગાસીએ ચઢી જોઉં,
તો યે ન લાગે ભાળ. - રે દરશન૦ ૩
શિર પર જટા સોહે, કાંધે કામળી, પાવડી ખટખટ થાય. - રે દરશન૦ ૪
મદનમનોહર મૂર્તિ નિહાળી, ભૂલી હું તનનું યે ભાન. - રે દરશન૦ ૫
**રંગ** દીવાની ભઈ બાવરી, રાખો ચરણની માંહ્ય ! - રે દરશન૦ ૬

•

## (૩૭)

**(રાગ : માડ, તાલ-કહેરવા)**

દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા;
અરજી કરૂં છું ઉરમાં ધરજો, કરુણાપારાવારા[1]. - ટેક.

પાંવ પાદુકા બાજત ચટચટ, દંડકમંડલુ હસ્ત;
ભીડ પડી છે દોડો વહેલા, નિજાનંદમાં મસ્ત. - દિગંબરા૦ ૧

તમ દર્શનથી અમ અઘ[2] ટળશે, ઉરમાં બાંધી આશ;
ભક્તકામકલ્પદ્રુમ સ્વામી, તોડો માયાપાશ. - દિગંબરા૦ ૨

માફ કરો અપરાધ કરોડો, પાપી હું તમ બાળ;
તમ વિણ બીજું કાંઈ ન જાણું, ભક્ત તણા પ્રતિપાળ. - દિગંબરા૦ ૩

ધ્રુવ પ્રહ્લાદ ઉગાર્યા પ્રભુજી, તારી ગણિકા નીચ;
હાથ ગ્રહી કાં છોડો વ્હાલા, **રંગ** રાંક અધબીચ ! - દિગંબરા૦ ૪

***ધૂન : ૐ ગુરુ ૐ ગુરુ અવધૂતા***
***તું હી ૐ તું હી ૐ શ્રી દત્તા***

•

## (૩૮)

દેખ લિયો મોહન મૈં માઈ ! ધ્રુ૦
વો કાલા તો બહુ મતવાલા, દશ્ય દર્શનસે હૈ વો નિરાલા,
દેખત દેખત ઝટ છિપ જાઈ. - દેખ૦ ૧
કોઉ કહે રૂપી કોઉ અરૂપી, મૈં જાનું વો હૈ બહુરૂપી,
રૂપરૂપમેં વોહિ દિખાઈ. - દેખ૦ ૨
તન બૃંદાબન હિરદા કુંજા, ઠાડો દેખો વહાં વો ખંજા,
ઠાડો ઠાડો બંસી બજાઈ. - દેખ૦ ૩
દેખત દેખત મૂંદી[1] નૈનાં, મોહ મિટા નિકસે ના બૈનાં[2],
ના હમ ના તુમ જગ્ત ન તાંઈ. - દેખ૦ ૪
પીલા પીતાંબર જરિયન જામા, મોરપિચ્છ અરુ ઝગમગ ધામા,
**રંગ**રૂપ બિનુ એક ગુસાંઈ ! - દેખ૦ ૫

•



## (૩૯)

**(રાગ - ગઝલ, તાલ - કહરવા)**

ના દોસ્ત દુશ્મન કોઈ હમારા, હમ સદા નિ:સંગી હૈ,
સચ્ચિદાનંદ હમહી પ્યારે, બ્રહ્મ કેવલ હમહી હૈ. ૧

સાતવેં આસ્માન પર હૈ તખ્ત નિર્ગુણ હમહી કા,
બિન તાર તંબૂર ૐ બજાકે, હમ હમહીમેં મસ્ત હૈં. ૨

ના રાત હૈ ના દિન હૈ, હરદમ હૈ નિરંજન રોશની,
ના શોક હૈ ના મોહ હૈ, હૈ શાંતિ એક સનાતની. ૩

હિંદુ મુસલમીન પારસી ખ્રિસ્તી કહો તો હમહી હૈ,
ના નાત હૈ ના જાત હૈ, ના બાત હૈ, વહાં હમહી હૈ. ૪

ના જન્મ હૈ ના મૃત્યુ હૈ, ના બંધ હૈ ના મોક્ષ હૈ,
જો હૈં સો હમ હૈં ના જુદા હૈ, આદમ ખુદાકી જાત હૈ. ૫

જૂઠે જહાંકે **રંગ** હૈ, ના મૈં ન તૂ, સબ હૈ ફના,
હૈ જ્યોં કા ત્યોં સોહં સદા, ના એક મિટ દુસરા બના ! ૬

***મંત્ર :- ૐ દ્રાં દત્તાત્રેયાય નમ:***

•

## (૪૦)
### (વૈષ્ણવ જન તો તેને કહીએ - એ રાહ)
### (રાગ - ઝીંઝોટી. તાલ - કહેરવા)

નામસુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે,
સૂરજનું અજવાળું થાતાં, ઝટ અંધારું નાસે રે. - ટેક.

ખટરસ સેવી ખટને પોષે, અંતે રડી રડી મરતા રે,
ભજનસુધારસ આનંદ આપે, સહુ દુઃખ એ છે હરતા રે. - નામ ૧

સંતમહંતનું જીવન એ છે, દુખિયાનો વિસામો રે,
ભવરોગીનું ઓસડ મોંઘું, કીમિયો કીમતી જાણો રે. - નામ ૨

જે પીએ તે ફરી નવ આવે, બીજું કંઈ નવ ભાવે રે,
દુનિયામાં દુનિયાથી ન્યારો, કો તોલે નવ આવે રે - નામ ૩

શોક મોહ સંતાઈ જાતાં, આનંદ અર્ણવ રેલે રે,
આપ મહીં સમરસ થઈ સાધુ, આપ વિષે નિત ખેલે રે. - નામ ૪

એ લજ્જત સનકાદિક જાણે, જાણે નારદ જોગી રે,
શુક ઉદ્ધવ તુંબર ઋષિ જાણે, શિવ કૈલાસે ભોગી રે. - નામ ૫

વ્રજવનિતા[1] વર[2] રસ એ જાણે, રસવંતી[3] કો જોગણ રે,
**રંગ** અભાગી મટકાં મારે, દ્વારે પ્રભુ તુજ માગણ રે ! - નામ ૬

•

૧. ગોપીઓ. ૨. શ્રેષ્ઠ ૩. પ્રભુપ્રેમમાં મસ્ત.



## (૪૧)
## (દોહરા)

ના હું ત્યાં શું માહરું ? તારું સઘળું નાથ !
તું જ એક બધે રહ્યો, અહં-રંગ અનાથ

તું હીણો બહુ આથડ્યો, ખાધો જ્યાં ત્યાં માર;
હું ભૂલી તુજમાં ભળ્યો, તર્યો રંગ ગમાર.

અહંભાવ તે જીવ છે. નાહં શિવ સાક્ષાત્;
અહં-બ્રહ્મ મિથ્યા સ્મૃતિ, મૂળ રંગ અજાત.

ર'રા સત્-પદ જાણ તું ગગ્ગા ચિત્-પદ કંદ;
અનુસ્વાર આનંદમય, રંગ સચ્ચિદાનંદ

ના જાણી બક્તો ફર્યો, થતાં ભાન મુખ બંધ;
લખવુ બકવું એ બધા રંગ નકામા ફંદ.

ડૂબી રે'વું અંતરે. આત્મસમુંદર માંહ્ય;
ઉપર તરંગ છો રમે. રંગ ન જલ ભેદાય.

આવે તે કરવું સુખે. રે'વું સદાય નચિંત;
જૂનું ઋણ દેવું ઘટે. કરવું રંગ ન-નૂત્ન.

સુખદુઃખ મનના સોણલાં, જન્મમરણ તન-ગંધ;
બની રમકડું ઈશનું, ખેલ રંગ નિર્દ્વંદ્વ.

**'રંગ' 'રંગ'** જન સંહુ કહે, ''રંગ'' સંતપદધૂળ !
ભાવે સદ્ગુરુ સેવતા, ચાટે જગ પદધૂળ.

ધૂન : ૐ ગુરુ ૐ ગુરુ અવધૂતા તુંહી ૐ તું હી ૐ શ્રીદત્તા

◆

## (૪૨)
### (રાગ : ભૂપાલી)

પ્યારે! ભજ લે રામ દિન રૈનાં, કાહે ફિરત અચૈના! ધ્રુવ.
તનકા તંબૂર મનકી માલા, શ્વાસા બીન સુહાના,
સાંજ સબેર સુમર લે સાંઈ, રહે ન જીના મરના. ...પ્યારે! ૧
યહિ સુમિરનસે તરે બાલ્મીકિ, શંકર નારદ દાના,[૧]
મીરાં નામા[૨] ભયે અમર સબ, સાધન સુમિરન માના. ...પ્યારે! ૨
નામી એક અરુ નામ અનંતા, સચ્ચિત્સુખમય જાના,
રામ કૃષ્ણ ગોવિંદ મુરારે! એહિ ધૂન ગજાના. ...પ્યારે! ૩
દેહ અવધપુર[૩] આતમ રામા, એ હિ દ્વારિકા શ્યાના!
નવ દ્વાર પર દશમ બિરાજે, વહાં કિસનકા થાના !! ...પ્યારે! ૪
ઔર નિકમ્મા ઝઘડા સારા, ખાલી વક્ત ગંવાના,
દ્વૈતાદ્વૈત પરે હો પ્યારે, રંગ સંગ ભૂલ જાના !! ...પ્યારે! ૫

•

## (૪૩)
# ફટ રે ભૂંડા આ શું કર્યું ?

*(રાગ-તિલક કામોદ, તાલ-દીપચંદી) (જંગલ વસાવ્યું રે જોગીએ - એ રાહ)*

ફટ રે ભૂંડા આ શું કર્યું ? ઓળખ્યા નહિ અવિનાશીજી,
નાશી-ને વળગી દુઃખી થયો, દોડે મથુરાં ને કાશીજી ફટ૦ ૧

સકળ તીરથ તારા તન વિષે, ગંગા જમુના સરસ્વતીજી,
સાતે પુરી મોક્ષદાયિની, જાણો ગુરુગમથી વાતજી ફટ૦ ૨

વામ ઇડા ગંગા જાણવી, [૧]દક્ષ પિંગલા કાલિંદીજી[૨],
[૩]મેરુદંડમાં સુષુમ્ણા વહે, શાસ્ત્ર ગંડકી પ્રમાણજી, ફટ૦ ૩

વામ કર્ણે ગાંધારી વસે, વદે કાવેરી સંતજી,
દક્ષ હસ્તિની સિંધુ વહે, જાણો જોગ વિવેકજી ફટ૦ ૪



જીભ મહીં મા સરસ્વતી, વામ નેત્રે તે સુષાજી,
તામ્રપર્ણી એ જાણવી, જાણી કરવું સ્નાનજી ફટ૦ ૫

અલંબુષા ગોમતી સતી, વસે દક્ષિણ નેત્રજી,
કુહ ગુદા વિષે નર્મદા, પતિતપાવન ક્ષેત્રજી. ફટ૦ ૬

લિંગ મહીં બે નદી વસે, શંખિની વીર્યસ્રવનજી,
મૂત્રવાહિની વારુણી, તાપી તાપદહનજી. ફટ૦ ૭

પયસ્વિની સર્વ શરીરમાં, શીલ ઊર્મિ સોહાયજી,
તટ દયા દીપે દમ થકી, ન્હાયે મુક્ત થવાયજી. ફટ૦ ૮

સંયમસ્નાન સોહામણું, કાપે કોટિજન્મપાપજી,
જન્માતીત લક્ષ્ય એ લહે, માપે આતમ અમાપજી. ફટ૦ ૯

સ્નાનથી મેલ શરીરનો, મનનો ધ્યાનથી જાયજી,
ઉભય મેલ નાશ પામતાં, મુક્તિ કરતલ આપજી. ફટ૦ ૧૦

જોગસ્નાનની વાત એ, જાણે વિરલા સંતજી,
[૪]કેવળ કુંભક એને વદે, [૫]તુરીય પવન વિગતજી. ફટ૦ ૧૧

ન્હાયા તે તો નર [૬]પરવાર્યા, બીજાં દેડકાં ન્હાયજી,
કોટિ કલ્પ વીતી ગયા, તોય ન મટી હાયજી. ફટ૦ ૧૨

વિરલો સદ્‌ગુરુબાલકો, [૭]પૂરણ પૂણ્ય પ્રતાપજી,
ન્હાય આત્મનદી સાગરે, થાય તદ્રૂપ રંગજી. ફટ૦ ૧૩

•

---

૧. જમણી ૨. જમના ૩. બરડાની કરોડ ૪. રેચકપૂરકથી રહિત કુંભક ૫. (પૂરક, કુંભકને રેચક એ ત્રણેયની અપેક્ષાએ) ૬. સ્નાનથી કાયમના પરવાર્યા, જન્મ-મરણથી મુક્ત થયા ૭. ગુરુનિષ્ઠ સાધક

## (૪૪)

બન જા અવધૂતા અવધૂતા, શોક મોહ અતીતા. - ટેક.
કર્તા ભર્તા હર્તા સાહેબ, ક્યોં મૂરખ મન રોતા ?
દેહ ભરોંસા મત રખ પ્યારે, ક્યોં આલસમેં સોતા ? - બન જા૦ ૧
પંચ તત્ત્વકા બના પીંજરા, ભીતર ચેતન તોતા,
આપ કરમસે આપ બંધાયા, પલ રોતા પલ હસતા. - બન જા૦ ૨
દૂર દેશ હૈ તેરા પ્યારે, ક્યોં ગાફિલ જગ ફિરતા ?
ઔર ફૈંસલા છોડ નિકમ્મા, સાંસ સાંસ હર સ્મરતા. - બન જા૦ ૩
ભૂત ભૂતકો દે દે પ્યારે, કલકી મત કર ચિંતા,
રામભરોંસે કાજ છોડ કર, નિજાનંદ રસ પીતા. - બન જા૦ ૪
કામ ક્રોધ સંગત દુર્જનકી, માનામાન અતીતા,
ચોરી ચાડી નિંદા જારી છોડ, મુડ[1] ભગવંતા. - બન જા૦ ૫
આપ[2] મારકે આતમ પા લે, બન જા હક ઘરકા બંદા,
ફંદ છોડ દે અન્ય ફકીરા, **રંગ** ધૂલકા ધંધા ! - બન જા૦ ૬
**ધુન :- શ્રી ગુરુદત્તા અવધૂતા, જય અવધૂતા જય અવધૂતા**

•

## (૪૫)

(રાગ - માડ. તાલ-દાદરો)

બાલમ[1] આજો મારે દેશ
મારો જોબન બીથો જાય ! - ટેક.
રાત અકારી નેન ન મીંચે, પલક પલક જાગ જાય,
સુની સેજડી આંસુભીની, લોક વગોવે હાય ! - મારો૦ ૧
કુસુમાકર[2] કેસુડે ફૂલ્યો, ભર પીચકારી માર,
સમી સાહેલી હોરી ખેલે, એકલડી હું નાર ! - મારો૦ ૨
ઘર ઘર હોળી કાષ્ઠ જલાવે, મનહોળી તન- ખાખ,
પ્રેમભભૂતિ ચોળી અંગે, પિયુ પિયુ ફેરૂં માળ ! - મારા૦ ૩
**'રંગ'** ગુલાબી ચિબુક[3] સૂકાયો, શિર પર જટા સુહાય,
અંગભભૂતિ દેખી પેલો, અનંગ[4] દિલ હરખાય ! - મારો૦ ૪
હૃદયકમળની સેજ બિછાવી, સોહં પંખો હાથ,
વાસનવસ્ત્ર[5] ફગાવી વાલમ, વાટ જોઉં દિનરાત ! - મારો૦ ૫

•



## (૪૬)

બોલ રહી કોકિલ કાનનમેં ! ધ્રુ૦
ક્યા જાને વો ક્યોં અસ બોલે ! સૂનત બિરહી તનરા જાલે !
નીંદ નહિ કભુકી નૈનનમેં ! ...બોલ૦ ૧
તૂ...હું તૂ...હું શબ્દ સુનાવે, આપ પરાયો ભેદ મિટાવે,
ઝૂલ રહી આતમ-ઝૂલનમેં ! ...બોલ૦ ૨
ચારોં પર પંચમ સૂર છેરા, બુઝે કોઈ બિરલા ચેરા,
ભૂલત ક્યોં કાગન બાતનમેં ? ...બોલ૦ ૩
બીતા બસંતા બરખા આઈ, ઠૌર ઠૌર મેંડક[1] દિખ પાઈ,
**રંગ** મૌજ માને મૌનનમેં ! ...બોલ૦ ૪

•

૧. દેડકાં

## (૪૭)

**(રાગ - આશાવરી, તાલ - ત્રિતાલ)**

ભણતર મોટું ભૂત, તપસી ! - ટેક.
ગર્વ વધારે વિનય સંહારે, દેવ કહે સબ તૂત,
સહુથી અદકો આપ વખાણે, સંત કહે હડધૂત ! - તપસી૦ ૧
તર્ક કુતર્ક ઉઠાવે કંઈ કંઈ, સ્વચ્છંદ માને પૂત,
સ્થિર ઠરે ના એક ઠેકાણે, કરે કૂદાકૂદ ! - તપસી૦ ૨
અહં અહંની કરે ગર્જના, અન્ય કહે તે જૂઠ,
આપબુદ્ધિ સર્વજ્ઞ પ્રમાણે, બકે શાસ્ત્ર અખૂટ ! - તપસી૦ ૩
કા-કા-શબ્દે હંસ હઠાવે, કરે મિથ્યા કૂટ,
જ્ઞાન લઈને ભાન જો આવે, **રંગ** લહે[1] અવધૂત !! - તપસી૦ ૪

•

## (૪૮)

## (રાગ - મિશ્ર કાફી ગઝલ, તાલ - દીપચંદી)

ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત !
નિરાકારી નિજેચ્છાએ બન્યો સાકાર તું અવધૂત !! - ટેક.

ખૂનીના ખંજરોમાં તું, પ્રિયાના ચુંબનોમાં તું,
હરે ! હરિગર્જનામાં[૩] તું, રહ્યો પિક[૪]કૂજને અવધૂત ! - ભર્યું૦ ૧

ગુલાબી ગાલમાં હસતો, ક્ષયીના હાડમાં વસતો,
બધે નિર્દ્વંદ્વ તું રમતો, નિજાનંદે અહા અવધૂત ! - ભર્યું૦ ૨

વને યોગી થઈ વસતો, જગે ભોગી સમો ભમતો,
કદિ રોગીસમો રડતો, અગમ લીલા કરી અવધૂત ! - ભર્યું૦ ૩

સદા પાસે છતાં આઘે અભાગીને અરે દિસતો,
સહુ રંગે અરંગી તું, લહે તુજ **રંગ** કો અવધૂત ! - ભર્યુ૦ ૪

•

૧. કમળ. ૨. ભમરાની હાર ૩. સિંહગર્જનામાં ૪. કોયલ.

## (૪૯)

## (રાગ-ભીમપલાસ, તાલ-કહેરવા)

ભિક્ષા ૐ દે, મા પારવતી! જેથી આત્મામાં થાય રતિ...ટેક.

વૈરાગ્ય-કફની ધરી હું આવ્યો, નિરહં-ખપ્પર કરમાં લાવ્યો;
રસશૂન્ય અમર રસ દે, મા ઓ! જેથી વિષયે ન રમે કુમતિ. ભિક્ષા૦ ૧

નિત નિત્ય નવું ખાવું દા'ડે, સૂવું સમશાન મહીં કોડે;
ફરવું પેદલ, ન કદિ ઘોડે; હડધૂત બધે હું અવળ જતિ ! ભિક્ષા૦ ૨

ના વસ્ત્ર દિગંબર હું ભટકું, માગું કોરાન્ન[૪] કરી ખટકું;
થાએ સ્હામો તેને પટકું, યમરાજ કરે આવી પ્રણતિ !! ભિક્ષા૦ ૩

તારલિયા અંતરમાં વિલસે, ચાંદો અનિમેષ તિમિર ગ્રસે;
બસ એકજ **રંગ** સુદિવ્ય દિસે, ભાસે સઘળે કૈલાસપતિ !! ભિક્ષા૦ ૪

•

૧. જન્મ મરણનો ફેરો ૨. હોશિયાર, અનુભવી. ૩. નાડ. ૪. (અ) કોરું અન્ન (બ) નિર્મળ, નિરંજન, નિર્વિકાર બ્રહ્મજ્ઞાન.



## (૫૦)

## દત્તદશક

**ભ**વભયહારક શ્રીહરિ, પ્રણમું વારંવાર,
**જ**ન્મમરણ ટાળી વિભો, કરો શીઘ્ર ભવપાર.
**રે**વાતટવાસી નમું, વાસુદેવ યતિરાય,
**મ**દનમનોહર મૂર્તિ શી! લાગું પુનિ પુનિ પાય.
**ના**ના રૂપે તું વસે, નાના નામે એક,
**ભ**ક્તજનોને કારણે ધારે વિધ વિધ ભેખ.
**જ**ન્મ્યું ન્હોતું આ કશું, હતો ત્યાહરે તું જ,
**રે**'શે ના આ તો ય તું હોઈશ સચ્ચિત્પુંજ.
**મ**ન બાંધે મન છોડવે, રચ્યું મને આ સર્વ,
'**ના**ના નેહ' કથે શ્રુતિ, એક અનેકે શર્વ.
**દત્ત** કહે કોઈ તને, રામ કૃષ્ણ વળી કોક,
**દિ**નમણિ શિવ શક્ત્યાદિ તું, નામરૂપ સહુ ફોક!
**ગં**ગા જમુના સરસ્વતી ભિન્નનામ જે છેક,
**બ**હુરૂપી બહુનામમાં જળરૂપે સહુ એક.
**ર**સના નામ ભલે રટે, ચિત્ત લક્ષ્યમાં હોય,
**ભ**વે ભાવથી ભવ મળે, ભક્ત સ્વયં ભવ હોય.
**જ**ન્મમરણ તેને નહિ, સ્વયં જનાર્દન એહ,
**રે**વા સાગરમાં ભળ્યે, રહે ભિન્ન ક્યાં તેહ?
**મ**હાતપસ્વી યોગીઓ, ભેદે ગોથાં ખાય,
**ના**નાત્મૈક્યજ્ઞાનથી **રંગ** પાર થઈ જાય.
દત્ત દશક આ જે પઢે, રાખી લક્ષ્યમાં ધ્યાન,
દત્ત કૃપાએ પર થઈ, પામે નર નિર્વાણ.

•

આ ભજનમાં 'ભજરે મના, ભજરે મના, દત્ત દિગંબર ભજરે મના' ધૂન ગૂંથી લેવામાં આવી છે.

## (૫૧)

**(રાગ - કાફી, તાલ - દીપચંદી)**

**(રટ રામનામ પલપલમેં, મિલ જા લૌકી બાદલમેં - એ રાહ)**

મનકો બિન મારે ગોસાંઈ[1] ઐસો મિલે ન કબહૂ ભાઈ ! - ધ્રુવ.
તન રંગાયા મન ના ધોયા, ધરા ગેરુઆ કપરા,
માન મિજાસ ગયા ના મનસે, આખર જમને પકરા. મનકો૦ ૧
ઉપરસે બક ધ્યાન લગાયા, ચૂન ચૂન મછલી ખાયા,
પરસ્ત્રી પરધન હટા ન મનસે, કીચડ નાવ ફંસાયા. મનકો૦ ૨
કરે કથા અરુ પુરાન બાંચે, લોગ જ્ઞાન બકવાયા,
કરનીકા તો મિલે ન લીટા, ખાલી પેટ બઢાયા ! મનકો૦ ૩
બકે યોગ અરુ ભોગ બઢાવે, ચેલાચેલી લૂટા,
અહં-બ્રહ્મ મુખસેહી કૂટે, અહંકાર ના છૂટા ! મનકો૦ ૪
દેહતરંગ ન ઊઠે દિલમેં, હિલે ન આતમજ્યોતિ,
મન મારુત મિલ જાય મૂલમેં, ગ્રહે **રંગ** જમચોટી !! મનકો૦ ૫

•

## (૫૨)

**(રાગ-કાલિંગડો, તાલ-કહેરવા)**

**(તું તો રામ સુમર-એ રાહ)**

મન છોડ દે કપટ, હરિપદ ભજ રે. - ટેક.
કલિમલતારક ભવભયહારક, શ્વાસ શ્વાસ મન એહિ રટ રે ! - મન૦ ૧
એબ પરાઈ ક્યોં દેખત હૈ ? મૈલ ભર્યો નિજ ચિત્ત હરો રે. - મન૦ ૨
ઉપર તો બક હંસ બન્યો હૈ; ભીતર કામ હરામ ભરો રે ! - મન૦ ૩
દો દિન કર લે ચમન દિવાલી; આખર હોલી **રંગ** જલે રે !! - મન૦ ૪

•

---

૧. કુક્કુર, કૂતરું ૨. આચરણ, કર્મ ૩. આકાશ ૪. નામથી લક્ષિત વસ્તુ, પરમાત્મા.



## (૫૩)

**(ઓ મન ભમરા - એ રાહ)**

**(રાગ : સારંગ, તાલ - કહેરવા)**

મન મૂઢ અજાણ ! ફાંફાં કાં મારે છે અમથાં આભમાં ?
વળ મૂળ નિશાન, જેણે રે સંરક્ષણ કીધું ગાભમાં ? - ટેક.

પળપળમાં જાય કહાં દોડી, શરણું ભગવંતતણું છોડી ?
આખર નાવે ફૂટી કોડી. - મન મૂઢ૦ ૧
અમૃત કીધું દેવો કાજે, સ્તન દૂધ ભર્યું બાળક કાજે,
ફળ ફૂલ અન્ન પૃથ્વી રાજે[1]. - મન મૂઢ૦ ૨
ખડતૃણથી પશુને સંતોષે, કીડી કણ મણ હાથી પોષે,
ભજશે ના તે આખર રોશે. - મન મૂઢ૦ ૩
દિવસે પ્રગટે ભાનુદેવા, રાતે શશીતારકની સેવા,
ઋતુઓ અરપે વિધવિધ મેવા. - મન મૂઢ૦ ૪
સાગરમાં ભરતી લાવે છે, વાદળથી જળ વરસાવે છે,
આકાશે ચાપ[2] ચઢાવે છે. - મન મૂઢ૦ ૫
લખ ચોરાશી જાતિ કીધી, કળ કર્મ તણે હસ્તક દીધી,
વિધવિધતામાં ન કમી કીધી. - મન મૂઢ૦ ૬
જે ઘટ ઘટ માંહી બોલે છે, બાજીગર અળગો ખેલે છે,
જે જાણે તે **રંગ**[3] રેલે છે. - મન મૂઢ૦ ૭

•

## (૫૪)

મનુવા, હરિ ભજના, હરિ ભજના, કૂડ કપટ સબ ત્યજના. - ટેક.
ક્ષણભંગુર યહ દેહ સમજ કર, દેહી[1] મનમેં લાના,
ઘર ઘર જાકે અલખ[2] જગાના, કૂકર[3] ભૂત ભગાના. - મનુવા૦ ૧

સબસે હિલમિલ જગમેં રહેના, મનકા સંગ છુડાના,
'મૈં - મેરા' યહ દ્વૈત ભુલાના, અદ્વૈતાતમ ધ્યાના. - મનુવા૦ ૨

ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના,
શીતલ વચનામૃતધારાસે, દુખિયન દુઃખ મિટાના. - મનુવા૦ ૩

મર કે અમૃત હોના સાંઈ, જીવત્ સમાધિ લેના,
અનહદ બંસી મધુર બજાના, અનલહક્ક મુખ ગાના ! - મનુવા૦ ૪

અહં જલાકે ભસ્મી ધરના, જમઘર અડંગ લગાના !
ત્રિગુણભેદ ત્રિશૂલ પકડકે, **રંગા**ગમન[4] મિટાના !! - મનુવા૦ ૫

**ધૂન :- દત્તાત્રેય પ્રભુ મોરી માય, લાગુ પુનિ પુનિ તુમરે પાય**

●



## (૫૫)

### મરી તો ગયું રે મૃત્યુ મરી તો ગયું
*(રાગ-માંડ, તાલ-કહેરવા)*

મરી તો ગયું રે મૃત્યુ, મરી તો ગયું !
હાય હાય જમડા ! મૃત્યુ મરી તો ગયું !! ....ટેક

પાંચે સહિયારૂં કીધું, વેચ્યું, લીધું, વળી દીધું,
જૂદારું અંતે કીધું, તેમાં મારું શું ગયું ? હાય૦ ૧

મોજાં દેખી લલચાયો, ખોબો ભરી લેવા ધાયો,
મોજાું મૂકી પાણી પાયો, તેમાં વ્યર્થ કાં રડું ? હાય૦ ૨

કારીગર કોડે આવ્યો, મીઠલડે મીન[1] બનાવ્યો,
સિંધુ જઇ અંત સમાયો, તેમાં કોનું શું ગયું ? હાય૦ ૩

વાયુ થઇ થિર[3] ભરાયો. વેગે ચંચળ થઇ ધાયો,
આંસુનું નભદગ્[4] તેથી ટીપું શું ખર્યું ? હાય૦ ૪

સૂરજ ધનુરંગ દિખાયો, ક્ષણક્ષણ જનમન નચવાયો,
રંગે જઇ રંગ સમાયો, તેમાં ખોટું શું થયું ? હાય૦ ૫

◆

૧. માછલી ૨. સુદ્ર ૩. સ્થિર ૪. આકાશનાં નેત્ર

## (૫૬)

### (રાગ-કાલિંગડા, તાલ-કહેરવા)

માઈ, મોરે આનંદ ઉર ન સમાય ! ધ્રુવ.
અખિંયા જસ[1] અંધેકો પાવે, નિર્ધન લાલ કમાય ! માઈ૦ ૧
ખોયા થા સો મિલા અંગનમેં, મન ઉન્મન હો જાય ! માઈ૦ ૨
આપ ન દેખું ઔર ન દેખું, દર્શન દશ્ય સમાય ! માઈ૦ ૩
જિત જિત[2] દેખું ઉત[3] આનંદા, દ્વંદ્વ-તરંગ લપાય ! માઈ૦ ૪
જીના ટૂટા મરના ખૂટા, જમઘર **રંગ** પૂજાય !! માઈ૦ ૫

•

૧. જેવી રીતે. ૨. જ્યાં જ્યાં. ૩. ત્યાં.

## (૫૭)

### (રાગ - દરબારી, તાલ - કહરવા)

મારા મન મંદિરિયા માંહ્ય, આજે આનંદ આનંદ ! - ટેક.
ભેટ્યા દેવ જાતાં વાટે, લીધા રાખી મેં શિરસાટે,
હવે કાં દોડું જગહાટે? આજે૦ ૧
શાણે સ્હેજ સામે જોયું, જોતાં મેં મારાપણ ખોયું,
કો કેમ કે' શું જોયું? આજે૦ ૨
રહ્યો જોનારો ના આન, રહ્યું જોવાનું ના જાણ,
જોવું જોયું ન એ ભાન ! આજે૦ ૩
શોધ્યું ન જડે હું ક્યાંય, જ્યાં ત્યાં દેવ જ એ દેખાય,
ગળ્યો દેવે મુજને હાય ! આજે૦ ૪
'તું' માં 'હું' નું મોત નિહાળ, 'હું'માં 'તું'ની ક્યાંય ન ભાળ,
**રંગ** ક્યાં છે કાયા કાળ ? આજે૦ ૫

**ધૂન :-દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા**
**દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા**

•

૧. ભૂખ.



## (૫૮)

### (રાગ-મિશ્ર દરબારી કાનડો, તાલ-કહેરવા)

મારા હૈયા કેરો હાર, દત્ત એક અવધૂત !
એક અવધૂત, દત્ત એક અવધૂત!! ...ટેક૦
ભક્તોનાં સંકટ જોઈ, સ્મરતાં આવે જે ધાઈ;
એવો કો બીજો દયાળ ? દત્ત એક અવધૂત !! - મારા૦ ૧
ત્યાગીના ત્યાગ ટકાવે, ભોગીના ભોગ ત્યજાવે;
અમર દાન દેનાર, દત્ત એક અવધૂત !! - મારા૦ ૨
નિર્ગુણતા નિજની છોડી, પાસે ના રાખી કોડી;
દીઠો વિશ્વંભર તાર, દત્ત એક અવધૂત !! - મારા૦ ૩
જોતાં વેષ જોગીડાનો, દાને મે'રામણ[1] દયાનો;
**રંગ** અલૌકિક સાર, દત્ત એક અવધૂત !! - મારા૦ ૪
**ધૂન : શ્રી ગુરુદત્તા, જય અવધૂતા, અનસૂયાનંદન ૐ ૐ**

•

## (૫૯)

### (રામ ભજનકું દિયા કમલમુખ...એ રાહ)

મુખસે હરિ હરિ બોલ, પાપીડા પ્રાણી
મુખસે હરિ હરિ બોલ. ટેક.
ધન જોબન કછુ કામ ન આવે (૨)
રામ રતન તું તોલ...પાપીડા૦૧
બાહિર દૃષ્ટિ બંધ કરી તું,
અંતર દૃષ્ટિ ખોલ....પાપીડા૦૨
વિષય વિષમ રસ ઢોળ જમીં પે,
રામ અમીરસ ઘોળ....પાપીડા૦૩
**રંગ** કહે સૂણ સૂણ રતનજી,
એ વિણ જીવન ફોલ....પાપીડા૦૪

•

## (૬૦)

### (રાગ-કાફી, તાલ-દીપચંદી)

મેરો દત્ત દિગંબર એક હિ તારનહાર. -ધ્રુવ.

ગુરુચરનરજ મેરો તીરથ, એ હિ ગંગ અઘહાર[૧]. - મેરો૦ ૧

ગુરુકંજપદધ્યાન[૨] સ્નાન મમ, સંધ્યા તર્પણ સાર. - મેરો૦ ૨

સ્વાધ્યાય[૩] ગુરુગુણસંકીર્તન સેવા તપ કલિતાર[૪]. - મેરો૦ ૩

**રંગ** ગુરુ બિન કોઈ ન તેરો, વિષય વિષારી[૫] વિખાર[૬]. - મેરો૦ ૪

•

## (૬૧)

### (રાગ-દરબારી કાનડો, તાલ-ત્રિતાલ)

મૈં તો દત્ત દિગંબર ધ્યાઉં -ધ્રુવ.

છન છન પલ પલ ગુરુગુન ગાઉં, આવાગમન મિટાઉં. - મૈં તો૦ ૧

લોગ ખીજે આતમ રીઝે; આતમ ખીજે કહાં જાઉં ? - મૈં તો૦ ૨

વિષય વિષારી[૨] અહિગણ[૩] માનું, દૂર હિ દૂર ભગાઉં. - મૈં તો૦ ૩

તપસી! દૂજું કાંઈ ન જાણું, ભૂલ ગયો   સંસારૂં ! - મૈં તો૦ ૪

**રંગ** રંગકે લોગલુગાઈ, કહાં કહાં મન ભટકાઉં ? - મૈં તો૦ ૫

૧. કામના, ઈચ્છા. ૨. ઝેરી. ૩. સાપ.

•

## (૬૨)

મૈં તો બૈઠા ગુરુપદ પાસ, ચિંતા અબ કાહે ! - ધ્રુવ.

દત્ત દિગંબર તારક એક, પતિતોદ્ધારક જોગી ભેખ,

ચૌદોં લોક જગાવત અલેખ, મોહે મન ભાયો !! ...મૈં તો૦ ૧

જાકો તેજ ન વિશ્વ સમાય, ઋષિ મુનિ સુર કિન્નર જશ ગાય,

લાગે પાંવ રંક અરુ રાય, આનંદ ઉર ન્હાયો !! ...મૈં તો૦ ૨

કીનો બન ઔદુંબર બાસ, ખેલે આપ હિ આપે ખાસ,

દેખે જગલીલા ઉદાસ, અમૃત રસ પાયો !! ... મૈં તો૦ ૩

બરનન[૧] કર કર થાકે બેદ, સરન[૨] ચરન શ્વાન બન લેત,

ભાગે દરસનસે સબ ખેદ, **રંગ** સુદંગ ભયો !! ...મૈં તો૦ ૪

**ધૂન :- દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા**

**ગુરુ માઉલી સદા સુખાચી સાવલી**

•



## (૬૩.)

### (રાગ-માડ, તાલ-કહેરવા)

મૈં દિવાની દિવાની, હક[૫] ઘરકી પ્યાસી;

ભટક ભટક જબ સબ જગ થાકી, આ બૈઠી કાસી[૬] ! - ટેક.

પંચ કિસ્મકી મિટ્ટી મિલાઈ, કુટી બની અદ્દભુત;

પંચ[૭] મહેલમેં ફિર ફિર થાકી, ઊઠી ભઈ જાગ્રત ! મૈં દિવાની૦ ૧

કફની પહેની ઈશ્ક હકીકી[૮], અંગ બિરાગ[૯] ભભૂત;

સોહં બીણા કાંધે પકરી, બની બડી અબધૂત ! મૈં દિવાની૦ ૨

જ્ઞાનગંગામેં મલ મલ ન્હાઈ, અહં બહાયા મૈલ[૧૦];

કાયા કંચન સોહન લાગી, અલખ દિખાયો ખેલ ! મૈં દિવાની૦ ૩

કામક્રોધકી ધૂની ધિખાઈ, શીત ભગા અજ્ઞાન;

લક્કડગ્રંથી[૧૧] ખાખ જલાઈ, ભઈ રોશની રાન ! - મૈં દિવાની૦ ૪

આતમકાસી [૧૨]કાસન લાગી, વિશ્વનાથ સબ ઠૌર;

મૈં બૈરાગન **રંગ**[૧૩] દિવાની, પતા નહિ મુજ ઔર - મૈં દિવાની૦૫

૧. મસ્તકમાં રહેલું સહસ્રદળ કમળ, બ્રહ્મરંધ્ર. શરીરનાં દ્વારની અપેક્ષાએ એને દશમું દ્વાર પણ કહે છે, કેમકે એમાંથી પ્રાણોત્ક્રમણ કરી યોગી બ્રહ્મલોકને પામે છે. ૨. લૌકિક ક્ષણભંગુર વીજળી. ૩. પ્રકાશ. ૪. પરમાત્માનું દિવ્ય સ્વરૂપ.  ૫. પરમાત્મા. ૬. કાશી (આત્મ સ્વરૂપ). ૭. પાંચ કોષ. ૮. ઈશ્વરી પ્રેમ (Devine Love) ૯. વૈરાગ્ય. ૧૦. મેલ. ૧૧. ચિદચિદ્ (ચિદ્+અચિદ્) ગ્રંથી. ૧૨. પ્રકાશવા લાગી. ૧૩. પરમાત્માનું દિવ્ય સ્વરૂપ.

•

## (૬૪)

**(રાગ - જોગીઆ, તાલ - દીપચંદી)**

**(માઝા દત્ત પાહિલા કાય - એ મરાઠી રાહ)**

મોહે દત્તદરસકી આસ, કોઈ મિલાવો રે ! - ધ્રુ૦
ઓઢે વ્યાઘાંબર કૌપીન, કાંધે ઝોલી દયાઘન લીન્હ,
હાથમેં માલ ત્રિશૂલ ધર દીન્હ, ભક્ત ઉદ્ધારક જો ! ...મોહે૦ ૧
જંગલ બસ્તી જાકો સમાન, બૈઠે કભી તો જાકે સ્મશાન,
ખેલે સંગ ગૌવાં અરુ શ્વાન, પ્રેમ સમુંદર જો ! ...મોહે૦ ૨
સોહે અંગ ભભૂત સુધૌત, પહેને પાંવ ખડાવ[૬] સુપૂત,[૭]
સિરપે કેસ જટિલ અબધૂત, જ્ઞાન પિલાવત જો !! ...મોહે૦ ૩
જડ ઉન્મત્ત પિશાચક બાલ, જિસકો દેખત કાંપે કાલ,
માયા મમત હોત બેહાલ, **રંગ** સુમંગલ જો !! ...મોહે૦ ૪

•

---

૧. આ ભક્તિશૃંગારરસના ભજનમાં પત્નીની પતિમિલન માટેની વ્યાકુળતાના રૂપકથી ભક્તની પરમાત્મપ્રાપ્તિ માટેની વ્યાકુળતાનું વર્ણન કર્યું છે. ૨. વસંતઋતુ ૩. ગાલ. ૪. કામદેવ. ૫. વાસનાઓરૂપી વસ્ત્ર. ૬. પાદુકા. ૭. અતિપવિત્ર.

## (૬૫)

**(રાગ - કેદાર, તાલ - ત્રિતાલ)**

રે મન ! મસ્ત સદા દિલ રહના,
આન પડે સો સહના. -ધ્રુવ.

કોઈ દિન કંબલ કોઈ દિન અંબર, કભુ દિગંબર સોના,
આત્મનશેમેં દેહ ભૂલાકે, સાક્ષી હોકર રહના. ...રે મન૦ ૧
કોઈ દિન ઘીગુડ મૌજ ઉડાના, કોઈ દિન ભૂક[૧] સહાના,
કોઈ દિન વાડી કોઈ દિન ગાડી, કભુ મસાણ જગાના. ...રે મન૦ ૨
કોઈ દિન ખાટ પલંગ સજાના, કોઈ દિન ધૂલ બિછૌના,
કોઈ દિન શાહ બને શાહોંકે, કભુ ફકીરા દીના. ...રે મન૦ ૩
કડુઆ મીઠા સબકા સુનના, મુખ અમૃત બરસાના,
સમજ દુઃખ-સુખ નભબાદલ સમ, **રંગ** સંગ છૂડાના. ...રે મન૦ ૪

•



## (૬૬)

વડલા હેઠે બાવો રે, ટાઢી ટાઢી ધૂણી તપે,
મૂગો મૂગો બોલે રે, શ્વાસા સાથે સોહં જપે. - ટેક.

વનિતા[૧] તેની છેક જ ઘેલી, જાય ન પતિની પાસ,
ઈચ્છામાત્રે ઓધાન રહ્યું ને, પ્રસવે બે ને પચાસ !
બાવાની બલિહારી રે, દેખી બાવી બાળ [૨]છપે !! - વડલા૦ ૧

કોઈ આશ્ચર્ય માની વિલોકે[૩], કોઈ સૂણે સાશ્ચર્ય,
વિરલો જાણી રાચે મનમાં, કરે ન વાણીવ્યય !
લોકો કહે મૂરખ રે, બાવો આ તે શું રે લપે[૪] ? - વડલા૦ ૨

બાવો કહે ના પરણ્યો કદિએ, મુને ન ઘર કે બાર,
નાર ન દીઠી નજરે તોએ, સહુ એ મુજ પરિવાર !
ભૂખ્યો શું સંહારે રે, અંતે સહુ મુજમાં ખપે !! - વડલા૦ ૩

પાપ ન લાગે મુજને એનું, પુણ્ય ન આવે પાસ,
હર્ષશોક ન સ્પર્શે મુજને, હું તો સદા ઉદાસ[૫] !
દેવ દેવી તિર્યક્[૬] રે, નર પશુ મુજને જપે !! - વડલા૦ ૪

જામ્યો **રંગ** અલૌકિક વનમાં, જોવા જન ઊભરાય,
ગયું તે પાછું નવ આવે, આગ મહીં ઝડપાય !
લીલું સૂકું બાળે રે, કોને વંદે કોને [૭]શપે ? - વડલા૦ ૫

•

---

૧. સ્ત્રી ૨. છુપાઈ જાય, અદશ્ય થાય. ૩. જુએ ૪. બકે. ૫. દ્વંદ્વાતીત. ૬. હલકાં પ્રાણી. ૭. શાપ આપે, નિંદે.

## (૬૭)

વનવડલાની શીતળ છાયા, જોગી જંગલ વસતો રે,
હસતો ગાતો કો દિન રોતો, કો સાથે નવ ભખતો રે. - ટેક.

દિન ગાળે સૂરજને તાપે, રાતે તારક ગોષ્ઠી રે,
વનપંખી સમ ગેલ કરંતો, કોઈ દિન નવ એ કષ્ટી રે. - વન૦ ૧

વૃક્ષો સાથે વાતો કરતો, વ્યાલ[1]વ્યાઘ્ર રમાડે રે,
કૌપીનકંથા ઝોળી ઝંડા, સંગ્રહ ન કરે કોડે રે. - વન૦ ૨

અહં ખાખ લગાવી તનમાં, મદમત્સરને બાળે રે,
પરનારી પરધન નવ ભાળે, નવ ડરતો કો કાળે રે. - વન૦ ૩

નિર્ઝરવારિ પાન કરે ને, ફળટૂકડો કો માગે રે,
વિષય રમકડાં જગનાં ઝેરી, માની નિશદિન જાગે રે. - વન૦ ૪

સદ્‌ગુરુ સેવા સંતસમાગમ, પળપળ હરિની ચર્ચા રે,
ધ્યાનમગ્ન ધીરજ ઉર ધારી, કરતો હરિજન અર્ચા[2] રે. - વન૦ ૫

તૃણશય્યા મખમલ મન માની, આતમરાજ બિરાજે રે,
પ્રાપ્તાપ્રાપ્તે[3] સમબુદ્ધિ ને, સંયમ ઉરમાં રાજે રે. - વન૦ ૬

શાંતિ શીતળ અંદર ઓપે, દીન તણાં દુઃખ કાપે રે,
ત્યાગવિરાગે રાજ કરે ને, શ્વાસ શ્વાસ હરિ જાપે રે. - વન૦ ૭

મનભ્રમણા સહુ ભાગે પળમાં, દુખદરિયો સહુ આટે[4] રે,
હરિરસમાં સમરસ થઈ જાતાં, મુક્તિ પદતલ ચાટે રે. - વન૦ ૮

જોતાં અંતર અન્ય ઠરે ને, **રંગ** ભજનનો જામે રે,
તત્ત્વમસિ તંબૂરો વાગે, લક્ષ્યપ્રસાદી પામે રે ! વન૦ ૯

*ધૂન : ૐ મંગલમ ૐકાર મંગલમ્*
*ગુરુ મંગલમ્ ગુરુપાદ મંગલમ્*

•

૧. સાપ ૨. પૂજન ૩. લાભાલાભ ૪. સૂકાઈ જાય.



## (૬૮)

**(રાગ-મિશ્ર માડ, તાલ-કહેરવા)**

વંદું દત્તપદાંબુજ[3] સાર. - ટેક.
ગાએ મુખ આ ત્વદ્‌ગુણ તારક; જુએ નેન છબી હાર;
થાય ચિત્ત ત્વદ્રૂપે તન્મય; દ્વૈતામય[4] સંહાર !...વંદું૦ ૧
ના માગું બીજું ધન કાંઈ, દે સેવા ભવતાર;
તું જગમાં જગ તુજમાં નિરખું; મહિમા અપરંપાર !...વંદું૦ ૨
એક અનેક બધે તું વ્યાપ્યો, સચ્ચિત્સુખ સોહાય;
કર્મબંધ કાપી કાતીલ આ, દે નૈષ્કર્મ્ય સદાય !...વંદું૦ ૩
ભેદી ભેદ ભયાનક ભવહર, હર ભ્રાંતિ નિઃસાર;
ના હું, ના તું, ના જગ કાંઈ; એક અનેક અસાર !...વંદું૦ ૪
જે છે તે છે, ના તે ના કહ્યુ; નિરાકાર સાકાર !!
**રંગ** રૂપ વિણ એક દિગંબર ! જનિમૃતિસંશય ટાળ !!...વંદું૦ ૫

*ધૂન :- શ્રીદત્તઃ શરણમ્ મમ......*

૧. વર્ણન ૨. શરણ. ૩. ચરણકમળ ૪. દ્વૈતરૂપી રોગ.

## (૬૯)

**(રાગ - ઝિંઝોટી, તાલ - દાદરા)**

વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ, વાંચવા જો ચાહના,
વાંચવું ન અન[1] રહે, મિટે સમૂળ વાંછના !...ટેક.
સૂણ સૂણ ગેબી ગાન, સૂણવા જો દિલ ચહે,
વ્યોમ[2] માંહ્ય તારલા જે ગૂંજી આત્મમાં રહે !...વાંચ૦ ૧
ઘૂ ઘૂ ઘૂઘવે પયોધિ[3], નિર્ઝરો[4] અરણ્યનાં,
વાત પંછી વન તણાં જે ગાય ગીત ધીશનાં[5] !!...વાંચ૦ ૨
દિવ્ય સ્પર્શ, દિવ્ય ગંધ, દિવ્ય રૂપ અંતરે,
દિવ્ય નાદ, રસ સુદિવ્ય, ચાખતાં ન મન ચળે !...વાંચ૦ ૩
મોર નૃત્ય મત્ત ચિત્ત મોદથી કરંત હા !
વેલી-વૃક્ષ જીવ-શિવ, લિંગને[6] ભળે અહા !...વાંચ૦ ૪
દૃષ્ટિ ફેરવી વિલોક **રંગ** એહ અવનવા,
મેઘધનુષ સપ્તમૂળ એક, રૂપ જૂજવાં !!...વાંચ૦ ૫

## (૭૦)

**(રાગ-માડ, તાલ-કહેરવા)**

**(ક્યાંથી આ સંભળાય-એ રાહ)**

શૂન્ય શિખર[1] પર ચઢી, નિહાળ્યો વીજળીનો ચમકાર !
સખી, મેં વિજળીનો ચમકાર !! ટેક.
ચપળા[2] ના એ, વાદળ ત્યાં ના, નૂર જ અપરંપાર ! - સખી૦ ૧
ચંદા સૂરજ આતશ નાહીં, દીપક કોણ જ બાપ ? - સખી૦ ૨
કાળો ધોળો રાતો નાહીં, એક અમાપ જ ભાસ[3] ! - સખી૦ ૩
મનડું મોહ્યું ચિતડું ચોર્યું, દિલ આનંદ અપાર ! - સખી૦ ૪
રંગ કૃપા ગુરુ **રંગ**[4] નિહાળ્યો, નિંદ ગંવાઈ રાત !! - સખી૦ ૫

●



## (૭૧)

**(રાગ - માડ, તાલ - કહરવા)**

સદા ભજો ગુરુદેવ, ગુરુ બિન નાહિ કોઈ અપના. - ધ્રુવ.

નાતે ગોતે સબ સ્વારથકે, નિઃસ્વારથ ગુરુરાના,
આપ સમાન કરે શિષ્યનકો, દેવે પદ નિરબાના[3]. - ગુરુ૦ ૧

કરે લોહકા પારસ સોના, નહિ પારસ કર જાના,
નહિ ઉપમા ગુરુકી ત્રિભુવનમેં, સાક્ષાત્ દેવ પિછાના. - ગુરુ૦ ૨

પૂછો પંડિત પોથી દિખાવે, કાઝી કિતાબ કહેના,
બોલે અંધા 'દૌડો પીછે', સબ મતલબમેં સ્યાના ! - ગુરુ૦ ૩

કથે જ્ઞાન અરુ ક્રિયા સિખાવે, પકડ દસ્ત[4] સલૂના,
ઘાટ અગમપે આપ ચઢાવે, જહાં સાંઈકા થાના. - ગુરુ૦ ૪

બિના તેલ જલે જહાં જ્યોતિ, ઝગમગ દિવસાં રૈનાં[5]
આઠોં જામ[6] બજે સુરબાજાં, **રંગ** અરંગી જાના ! - ગુરુ૦ ૫

●

---

૧. અવગુણ. ૨. દેડકો. ૩. નિર્વાણ. ૪. હાથ. ૫. રાત. ૬. આઠે પ્રહર (પ્રહર = ત્રણ કલાક)

## (૭૨)

**(રાગ-મિશ્ર પહાડી, તાલ-કહેરવા)**

સંતો વેરાગી ! ખાઓ અવધૂતી ખીચડી. - ટેક.

નિરગુણ ચોખા ને સિરગુણ[1] દાળ જી,
માંહે અદ્વૈત ઘૃત[2] રેડી... સંતો વેરાગી૦ ૧

કરમનો ચૂલો ને ભગતીની લકડી,
માંહે જ્ઞાન અગન પ્રજવાળી... સંતો વેરાગી૦ ૨

બુદ્ધિનું પાત્ર ને વિરાગની પોતી[3],
માંહે પ્રેમ વિશુદ્ધ જળ મેલી...સંતો વેરાગી૦ ૩

સત્ત્વનું જીરૂં ને રજસની હળદી,
તમસ-નિમકે લાગે મીઠી...સંતો વેરાગી૦ ૪

શાસ્રોનું દહીં ને દ્વૈતનો પાપડ,
અનુભવ-અથાણે ખૂબ કીધી !...સંતો વેરાગી૦ ૫

તૃપ્તિનો ઓડકાર ઉન્મની નિદ્રા,
અહં-બ્રહ્મ-સમણે વૃત્તિ ઘેરી !!...સંતો વેરાગી૦ ૬

સંતો પધાર્યા ને હરિજન આવ્યા,
અવધૂતી મિજલસ **રંગ** ઊડી !!...સંતો વેરાગી૦ ૭

•

૧. સગુણ. ૨. ઘી. ૩. કંટેવાળો.



## (૭૩)

હરિના નામનો, સૌથી મોટો છે આધાર. - ટેક.

હરિરસ પીધો તે નર જીત્યો, બીજા એળે જાય,
ખાંડ જલેબી મૂકી પામર, કૂકરવિષ્ઠા[1] ખાય ! હરિના ૧

નામમંત્ર મોટો છે જગમાં, જનમમરણ ભૂત જાય,
મુક્તિસુંદરી આવે દોડી, આકર્ષણ એવું થાય ! હરિના ૨

નામરસાયણ લીધું જેણે, નેન વેણ પલટાય,
કાયા કંચન સોહન લાગે, ક્રિયા[2] ફરે તત્કાળ. હરિના ૩

પાપ જનમનાં પળે પલકમાં, કર્મબંધ તૂટ જાય,
શોક મોહ નાસે મૂઠી દઈ, સુખ વર્ણ્યું નવ જાય. હરિના ૪

નામ નાવ ભવસાગર માંહી, સદ્‌ગુરુ નૌકાધાર,
શ્રદ્ધા શઢ ફેલાયો અંબર[3], ક્ષણમાં થાયે પાર. હરિના ૫

નામનામીનો ભેદ મટે ને, નામી[4] આપ હો જાય !
ગાન ગેય ગાનાર ત્રિપુટી, **રંગ** એક થઈ જાય !! હરિના ૬

***મંત્ર :- ૐ શ્રી ગુરુદેવ દત્ત***

•

૧. કુક્કુર, કૂતરું ૨. આચરણ, કર્મ ૩. આકાશ ૪. નામથી લક્ષિત વસ્તુ, પરમાત્મા.

## (૭૪)

હું તો માગણ ગુરુઘર દાસી રે,
એક સેવા તણી ઉપવાસી રે. - ટેક.

એંઠો ટૂકડો તે ગુરુ તમ આપો રે,
મારી જન્મોજનમની ભૂખ કાપો રે.-

વ્હાલા ! વરી છું તમારા નામને રે,
શું કરૂં આ દામ ને ચામને રે. - હું તો૦ ૨

ખાનપાનમાં ચિત્ત નવ ઠરતું રે,
છાનુંમાનું એ નિશદિન રડતું રે. -

પ્રેમજળે તે પગ તમ ધોઉં રે,
મેલ અંતરનો નિજ ખોઉં રે. - હું તો૦ ૪

કાયા બાળીને દીપ જલાવું રે,
તેજે તેજ થઈ નિત રહેવું રે. -

ભોગ રમકડાં નવ ગમતાં રે,
દેખી વિષયીજનો મન હસતાં રે.- હું તો૦ ૬
નામરૂપપસારો ત્યાગી રે,
ગુરુશબ્દ થકી હું તો જાગી રે. -

એકવીતી ન બીજો જાણે રે,
**રંગ** મૌન ગ્રહી મોજ માણે રે ! - હું તો૦ ૮

•



## (૭૫)
### (રાગ - માંડ, તાલ - કહેરવા)

હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી,
ચોરાશી ઘર ભિક્ષા માગી, તોએ રહી ઉપવાસી. - ટેક.

પાંચ પચીસ બત્તીસ ગલી ભટકી, લીધાં રથ્યાચીર[1],
નિર્ગુણ કંથા કાંધે પહેરી, બની ભિક્ષુણી ધીર ! હું ભિખારી૦ ૧

અહં[2]-ખાખ તન રાખ લગાવી, હાથ લીધો પંચપાત્ર[3],
કોહં કોહં કરતી ચાલી, સોહં મળિયો સાથ ! હું ભિખારી૦ ૨

પંચ પકવાને ભરી કાવડી, ફિર ફિર ખાલી આપ,
પુણ્ય પાવડી ખટખટ ચાલી, ફિર ફિર ઊડી આભ ! હું ભિખારી૦ ૩

કામ-કેશ[4] શિર જટા ચઢાવી, વિરતિ[5] વરરસ સાર,
પાપપુણ્યની ગઠરી ગહરી[6] છોડી ગુરુદરબાર ! હું ભિખારી૦ ૪

ગંગા જમુના સરસ્વતી ન્હાઈ, કીધાં અડસઠ ધામ,
અલખ ખલક સબ નજરોં આઈ, આઠોં દિશ વિશ્રામ ! હું ભિખારી૦ ૫

અલખ નિરંજન ભવદુખભંજન, જ્યાં દેખું ત્યાં રામ,
દર્શન પાઈ સુરત ગંવાઈ, સઘળાં સરિયાં કામ ! હું ભિખારી૦ ૬

જ્ઞાનોચ્છિષ્ટે ભરી પેટડી, શૂન્યસુધા જલપાન,
ભઈ મત્ત મૈં **રંગ** દિવાની, ક્યા પરવાહ જગ આન ? હું ભિખારી૦ ૭

•

---
૧. રસ્તાનાં ચીંથરાં. ૨. અહંકાર બાળીને બનાવેલી ભભૂતિ. ૩. કમંડલ અથવા ભિક્ષાપાત્ર.
૪. કામનાઓ. ૫. વૈરાગ્ય. ૬. ભારે.

## (૭૬)

## ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ)

ઊઠ અઘભંજના[1] દત્ત મુનિરંજના, સંસૃતિગંજના[2] વિશ્વમૂર્તે !
પૂર્ણ કરી કામના સત્ય કર નામના, દુઃખ હર વામના ભવ્યમૂર્તે !!..ટેક

ભક્ત આવી ખડા બારણે બાપડા, હાથમાં લઈ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી, શાંતિ દે નરહરિ શ્યામવરણા ..૧

અંત અનંત ના જો હવે ચિદ્ઘના, ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમાં તપ્ત ? પૃથ્વી ક્ષમા, છોડી દે અર્યમા[3] કેમ માઝા ? ..૨

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા દુઃખની હે તતા[4] ! બ્રિદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે ? કાં ઉપેક્ષા ગમે ? દૈવ મારું ! ..૩

દાર[1] ઘર વિસરી ત્વત્પદે નત હરિ ! જનમૃતિ[2] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[3] ભવકાનને શ્રાન્ત[4] શાસ્ત્રાટને, ક્ષાળ[5] કર્દમ[6] મુને ! જ્ઞાનમેઘે ..૪

વિષયધૂલિ ઊડે સૂઝ કંઈ નવ પડે, આંખ ચોળી રડે જીવ હારી,
[7]વિરતિજલધારથી [8]બોધઆસારથી, સ્વાત્મવિચારથી ઠાર હાળી[9] ..૫

દોડ સદ્ગુરુવરા કર હવે તો ત્વરા, આવી આખર જરા[10] કાળદૂતી;
રંગ શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો, વ્યર્થ દોડી મર્યો કરમ કૂટી ! ..૬

◆

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા ૪. હે તાત !

૧. સ્ત્રી ૨. જન્મ-મરણ ૩. ભૂલો પડેલો ૪. થાકેલો ૫. ધો ૬. વિષયરૂપી કાદવ૭. વૈરાગ્ય
૮. બોધીરૂપી વરસાદનાં ઝાપટાંથી ૯. (જીવરૂપી) ખેડૂત ૧૦. ઘડપણ.



## (૭૭)

## જાગ્યને જોગીડા દત્ત દિગંબરા (દરરોજ)

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા, તુજ વિના ભક્તઅઘ[6] કોણ હરશે ?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો, ધર્મસંસ્થાપના કોણ કરશે ? ..ટેક

નાસ્તિકો નગ્ન[7] થઈ વલ્ગના[8] બહુ કરે, ઓચરે જેહ મન જેહ ભાવે;
ભક્તિ પંગુ થઈ અન્ય ખંડે ગઈ, સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે ..૧

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે, ભોગમાં મસ્ત થઈ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા ! નવ ઠરે; વ્હેમ બાધા બધે સ્વૈર[1] ચાલે ..૨

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો, જેહને જે ગમે તેને મુંડે;
'મુંડને મોક્ષ' એ સૂત્ર સોંઘું થયું, વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે ? ..૩

આપપંથી બધા આત્મ નવ ઓળખે, દેવને ભૂલી મંદિર પૂજે !
**રંગ** મૂંગો થઈ તુંહિ તુંહિ ઓચરે, તું વિના આન[2] નવ કાંઈ સૂઝે !! ..૪

૧. જેને જેમ ફાવે તેમ ૨. બીજું અન્ય

◆

(૭૮)

## આવ દિગંબરા દત્ત કરુણાકરા,

આવ દિગંબરા દત્ત કરુણાકરા, તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[1] ચિત્ત નવ આ ઠરે, વ્રેહના[2] દુઃખથી નિત્ય રડતું

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં, વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા; ..ટેક
ઊંચી અટારી ને મેડી સમશાનવત્, શૂન્ય ખાવા ધસે ભૂતવેષા !

ગાય વિણ વાછડું દીન જ્યમ બાપડું, ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી; ..૧
માત વિણ તોક[3] આક્રંદનો પાર નવ, તું વિના દુઃખથી ફાટે છાતી !

કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું, મૃદ્[4] બની કેશ કાળા પખાળું ! ..૨
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા, અંગ પર જો ધરે તું કૃપાળુ !!

મૃગ થઈ [5]વ્યાધથી દેહ વીંધાવું આ, અજિન[6] થઈ બેસવા કામ લાગું ! ..૩
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું, દરશ વિણ આન નવ કાંઈ માગું !!

હૃદયમંચક[7] કરી સાફ રાખ્યો હરિ; પ્રેમજલ પાદ્યથી[8] પગ ધોઉં; ..૪
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના, બાળીને કામક્રુધ ધૂપ દેઉં !

દ્વૈત ભોજન ધરું પેય અઘ[9] આગળું, **રંગ** તાંબૂલ મુખશુદ્ધિ સારું; ..૫
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા, તુજ વિના જીવન લાગે ખારું !! ..૬

---

૧. ઘરધંધામાં ૨. વિયોગ ૩. બાળક ૪. માટી

૫. શિકારી ૬. મૃગછાલા ૭. બાજઠ
૮. ગંધાક્ષતાદિથી યુક્ત ધોવાનું પૂજાજળ ૯. પાપ

◆



(૭૯)

## નારેશ્વરસ્તોત્રમ્ ।

જગત્ત્રસ્તં દૃષ્ટ્વા ત્રિપુરપતિના પૂર્વમખિલં
સ્તુતઃ સ્તોત્રૈર્દિવ્યૈર્વિબુધનિવહૈસ્તત્પ્રહણને ।
વિધાયાલં રૌદ્રં વપુરનલદીપ્ત્યા તમદહન્ -
નરાણામીશં તં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૧॥

ગણાનાં યોઽધીશઃ સકલશુભદાતાઽવનિતલે
તપસ્તેપે ઘોરં ઘનજલકણાશી બહુસમમ્ ।
પુરા સિદ્ધિં પ્રાપ્તો યદનુગ્રહમાત્રેણ હ્યતુલાં
તમીશં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૨॥

કલેશં કાલેશં ધનપતિસખં ધ્યાનસુલભં
ત્રિનેત્રં ત્રાતારં ભવજલધિતસ્તં તનુજુષામ્ ।
શિવં સોમં શાન્તં શરણગતકામેષ્ટફલદં
વિભું તં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૩॥

કપર્દીશં ધીશં સુરનરતિરશ્ચાં ગતિપ્રદં
નટં નાનાકારં કલિમલહરં કામદહનમ્ ।
ગુરું ગીર્વાણેશં વિષયિજનદૂરં વિષધરં
વિષઘ્નં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૪॥

વસન્તં રેવાયાઃ પુલિનગહને પાવનતમે
તમેકં દન્તીશં ત્રિભુવનપતિં તારકગતિમ્ ।
સુરારાધ્યં હ્યાદ્યં પશુપતિમજં પૂર્ણવિભવં
ભવઘ્નં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૫॥

નતાર્તિઘ્નં દેવં પ્રણતસુખદં ભૂતિકલિતં
ગિરીશં ગોવિન્દં ગિરિવરસુતાસેવિતપદમ્ ।
ખલારાતિં રાતિં વિબુધશિવતાર્તિ ફણિપતિં
દધાનં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૬॥

સુરનરમુનિવૃન્દૈર્વન્દનીયો વનેશો
દનુજકુલનિહન્તા ભીતિહર્તા નરાણામ્ ।
સપદિ શિવવિધાતા મોક્ષદાતા નતાનાં
સ વસતુ મમ હાર્દે કામહન્તા નિયન્તા ॥૭॥

યઃ શ્લોકસપ્તકમિદં પઠતીહ મર્ત્યો
'રઙ્ગો'દ્ગતં સકલરઙ્ગનિહન્તૃ નૃણામ્ ।
ભક્ત્યા પ્રભાતસમયે નિયતઃ શુચિઃ સન્
ભુક્ત્વેહ સૌખ્યમખિલં શિવલોકમીયાત્ ॥૮॥

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદ બ્રહ્મચારિ પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ વિરચિતં નારેશ્વરસ્તોત્રં સંપૂર્ણમ્.।

•

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે નારેશ્વરમાં માગશર વદ ચોથ, સંવત ૧૯૮૨માં પ્રથમવાર આસન મૂક્યું. પછી સ્થાન દેવતા ભગવાન શંકરનું સ્તવન કરતું આ સૌ પ્રથમ સ્તોત્ર રચ્યું હતું.



# નારેશ્વરસ્તોત્રમ્નો અર્થ :

[જગત્ ત્રસ્તં = જગતને ત્રાસેલું, દૃષ્ટ્વા = જોઈને, ત્રિપુરપતિના = ત્રિપુરાસુર વડે, પૂર્વમ્ અખિલમ્ = પૂર્વે બધું - સઘળું, સ્તુતઃ = સ્તુતિ કરાયા, સ્તોત્રૈઃ દિવ્યૈઃ = દિવ્ય સ્તોત્રો વડે, વિબુધનિવહૈઃ = દેવઋષિઓના સમૂહ વડે, તત્ પ્રહણને = તે ત્રિપુરાસુરને હણી નાખવા, મારી નાખવા માટે, વિધાય = ધારણ કરીને, અલં રૌદ્રમ્ = બસ રૌદ્ર એવું, વપુઃ = શરીર, અનલદીપ્ત્યા = અગ્નિની જવાળાઓથી, તમ્ અદહન્ = તેને - ત્રિપુરાસુરને બાળીને ભસ્મ કરી નાખ્યો, નરાણામ્ ઈશમ્ તમ્ = તે નરો - મનુષ્યોના ઈશને, પ્રણમત = પ્રણામ કરો, નરો = મનુષ્યો - પુરુષો, જન્મક્ષતયે = જન્મ (મરણ) ના ફેરામાંથી છૂટવા માટે.]

મનુજો ! જન્મ મરણમાંથી છૂટવું છે તમારે ? પગે લાગો લાંબા થઈ તે મનુષ્યોના ઈશ નારેશ્વરને, અત્યંત રૌદ્ર રૂપ ધારણ કરી બાળી નાંખ્યો જેણે પોતાની (તૃતીય નેત્રની) અગ્નિજવાળાથી તે (દુષ્ટ દાનવ) ત્રિપુરાસુરને - એના ત્રાસથી જગત બધું ત્રાસેલું જોઈ પૂર્વે દેવવૃંદોએ તેને મારી નાંખવા માટે મહાદેવની પ્રાર્થના કરેલી.૧

[ગણાનામ્ યઃ અધીશઃ = ગણોના જે અધીશ, સકલ શુભ દાતા = બધાં જ શુભના દાતા- આપનાર, અવનિતલે = પૃથ્વી પર, તપઃ તેપે - ઘોરમ્ = ઘોર (અતિશય) તપ કર્યું, ઘનજલકણાશી = ઘન (મેઘ) ના જલકણનુ અશન - પ્રાશન - ભક્ષણ કરતાં, બહુ સમમ્ = અનેક વર્ષ, પુરાસિદ્ધિં પ્રાપ્તઃ = પૂર્વે સિદ્ધિને પામ્યા, યત્ અનુગ્રહમાત્રેણ = જેના (રુદ્રના) અનુગ્રહ - કૃપા માત્રથી, હિ - જ, અતુલામ્ = તુલનામાં ન આવે તેવી - અતુલ, તમ્ ઈશં નારેશં = તે ઈશ નારેશને, પ્રણમત નરઃ જન્મક્ષતયે = જન્મ (ના ફેરા) નષ્ટ કરવા નરો પ્રણામ કરો.]

મનુષ્યો ! મુક્ત થવું છે તમારે જન્મ મરણના ફેરામાંથી ? ભજો તે અંતર્યામી નારેશ્વરને જેના અનુગ્રહ માત્રથી ગણરાજ, દુનિયામાં સકળ શુભદાતા ગણપતિજી પૂર્વે સકળ સિદ્ધિને પામ્યા, મેઘજળના કણનું ભક્ષણ કરી અનેક વર્ષ તીવ્ર તપ આચરી ! ૨

[કલેશમ્ = મધુર રણકાર (કલ) ના ઈશને, કાલેશમ્ = કાળના ઈશને, ધનપતિ સખમ્ = ધનપતિ - કુબેરના મિત્રને, ધ્યાન સુલભમ્ = ધ્યાન ધરવાથી સુલભ - સારી રીતે પ્રાપ્ત થતાને, ત્રિનેત્રમ્ = ત્રણ નેત્રવાળાને, ત્રાતારં = તારનારને, ભવજલધિતઃ = ભવ - સંસારરૂપી સાગરમાંથી, તમ્ = તે, તનુજુષામ્ = દેહધારીઓની પાસે જનાર - કલ્યાણ કરનાર, શિવમ્ = કલ્યાણ કરનારને, સોમમ્ = સોમ સ્વરૂપને, શાન્તમ્ = શાંત સ્વરૂપને, શરણાગત કામ ઈષ્ટ ફલદમ્ = શરણે આવેલાની કામનાને અનુરૂપ ફળ આપનારને, વિભું તં નારેશં = તે વિભુ - પ્રભુ નારેશને, પ્રણમત = પ્રણામ કરો, નરઃ = હે નરો - મનુષ્યો, જન્મક્ષતયે - જન્મનો નાશ કરવા માટે.]

જન્મનો નાશ કરવો છે તમારે મનુષ્યો ? પ્રણામ કરો ભક્તિભાવથી તે સર્વવ્યાપી કાળના ઈશ, કામ પર સત્તા ચલાવનાર, કુબેરના મિત્ર, ધ્યાનથી સુલભ, ત્રિનયન, પ્રાણીમાત્રને સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરનાર, જગતનું કલ્યાણ કરનાર, પાર્વતીજી સાથે બિરાજમાન, શાંત અને શરણાગતની કામનાઓ પૂર્ણ કરનાર નારેશ્વરને. ૩

[કપર્દીશમ્ = કપર્દિન્ - જટાધારીના ઈશને - મહાદેવને, ધીશમ્ = બુદ્ધિના ઈશને, સુરનરતિરઃ ચાં = સુર - દેવ, નર- મનુષ્ય અને પશુપક્ષિ વગેરેને, ગતિ પ્રદમ્ = ગતિ આપનારને, નટમ્ = નટ - નર્તકને, નાનાકારમ્ = અનેક આકાર ધારણ કરનાર - બહુરૂપીને, કલિમલહરમ્ = કળિયુગના મળ હરનારને, કામ દહનમ્ = કામદેવને બાળી નાખનારને, ગુરુમ્ = ગુરુ સ્વરૂપને, ગીર્વાણેશમ્ = દેવોના ઈશને, વિષયિજનદૂરમ્ = વિષયાસક્ત લોકોથી દૂર રહેનારને, વિષધરમ્ = વિષ ધારણ કરનારને, વિષઘ્નં = ઝેર નાબૂદ કરનારને, નારેશમ્ = નારેશને, પ્રણમત = પ્રણામ કરો, નરો = હે મનુષ્યો, જન્મક્ષતયે = જન્મના નાશ માટે.]

જન્મખંડન કરવું છે તમારે માનવીઓ ? પાયે લાગો પ્રેમથી તે કપર્દીશ્વર, બુદ્ધિના પ્રેરક, દેવ, મનુષ્ય ને પશુપક્ષ્યાદિને સદ્ગતિ આપનાર, નૃત્યકુશળ, બહુરૂપી, કલિના પાપનું ખંડન કરનાર, કામદેવને ભસ્મ કરનાર, અજ્ઞાનાંધકારમાંથી તારનાર, દેવોના ઈશ, વિષયી જનથી દૂર ભાગનાર, કાલકૂટ વિષ ધારણ કરનાર, અને સંસારનાં ઝેરને નાબૂદ કરનાર નારેશ્વરને. ૪



[વસન્તમ્ = વસી રહેલાને, રેવાયાઃ = રેવા - નર્મદાના, પુલિનગહને = ગહન એકાંત ભાઠામાં, પાવનતમે = પવિત્રમાં પવિત્ર (પવિત્રતમ), તમ્ એકમ્ = તે એકને, દન્તીશમ્ = ગણપતિના સ્વામીને, ત્રિભુવનપતિમ્ = ત્રિલોકના નાથને, તારકગતિમ્ = પ્રણવ દ્વારા પ્રાપ્ત થનારને, સુરારાધ્યમ્ = આત્મપ્રણવથી સુકર આરાધના છે જેની તેને, હિ = જ, આદ્યમ્ = આદિ પુરુષને, પશુપતિમ્ = પશુપતિને, અજમ્ = અજન્માને, પૂર્ણવિભવમ્ = પૂર્ણ વૈભવવાળાને, ભવઘ્નમ્ = ભવનો નાશ કરનારને, નારેશમ્ = નારેશને, પ્રણમત = પ્રણામ કરો, નરો = હે મનુષ્યો, જન્મક્ષતયે = જન્મનો નાશ કરવા માટે.]

માણસો ! જન્મથી કંટાળ્યા છો તમે ? પૂર્ણશ્રદ્ધાથી ચરણે માથું મૂકો તે નારેશ્વરના, રેવાતીરે વસે છે જે ભાઠાની (એકાંત) પવિત્ર ઝાડીમાં ! ભજો તે એક ગણપતિના સ્વામી, ત્રિલોકના નાથ, પ્રણવમંત્ર છે પામવાનું સાધન જેને અને આત્મપ્રણવથી સુકર છે આરાધના જેની તે આદિપુરુષ, પશુપતિ, અજ (જન્મરહિત) પૂર્ણવિભવ, ભવનો બેડો પાર કરનાર નારેશ્વરને ! ૫

[નત આર્તિઘ્નમ્ = પ્રણામ કરનારનાં દુઃખ નષ્ટ કરનારને, દેવમ્ = દેવને, પ્રણતસુખદમ્ = પ્રણિપાત કરનારને સુખ આપનારને, ભૂતિકલિતમ્ = વિભૂતિથી શોભનારને, ગિરીશમ્ = પર્વતોના ઈશને, ગોવિન્દમ્ = જીતેન્દ્રિયને, ગિરિવરસુતા = પાર્વતી (વડે), સેવિત પદમ્ = સેવાય પદ - ચરણ જેનાં તેને, ખલ આરાતિં = દુષ્ટોનાં શત્રુને, રાતિમ્ = દાની, વિબુધશિવતાતિમ્ = જ્ઞાનીઓનું અતિ કલ્યાણ કરનારને, ફણિપતિમ્ દધાનમ્ = શેષનાગને ધારણ કરનારને, નારેશમ્ = નારેશને, પ્રણમત = પ્રણામ કરો, નરઃ = હે મનુષ્યો, જન્મક્ષતયે = જન્મનો નાશ કરવા માટે.]

મનુપુત્રો ! જન્મમરણમાંથી છૂટવું છે તમારે ? કરો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ તે શરણગાતના દુઃખ દૂર કરનાર, સ્વયં પ્રકાશ, પ્રણામ કરનારને સુખ દેનાર, ભસ્મથી શોભાયમાન, પર્વતોના ઈશ, જીતેન્દ્રિય, ખલશત્રુ, દાની, જગન્મિત્ર, જ્ઞાનીઓનું કલ્યાણ કરનાર, શેષનાગ ધારણ કરનાર અને પર્વતોના રાજા હિમાલયની પુત્રી જેના પગ તળાંસે છે એવા નારેશ્વરને. ૬

સુરનરમુનિવૃન્દૈઃ = સુર (દેવ) નર (મનુષ્ય) અને મુનિઓના સમૂહો

વડે, વન્દનીયઃ = વંદન કરવા યોગ્ય, વનેશઃ = વનરાજ, દનુજકુલનિહન્તા = રાક્ષસ કુળનો નાશ કરનાર, ભીતિહર્તા = ભય દૂર કરનાર, નરાણામ્ = મનુષ્યોના, સપદિ = તરત જ, શિવવિધાતા = કલ્યાણ કરનાર, મોક્ષદાતા = મોક્ષ આપનાર, નતાનામ્ = નત = નમ્ર = નમન કરનારાઓને, સ=તે (શિવજી), વસતુ = વસો, મમ હાર્દે = મારા હૃદયમાં, કામહન્તા = કામને હણનાર, નિયન્તા = નિયમન કરનાર.

દેવ, મનુષ્યો અને ઋષિવૃન્દો પણ જેને વંદન કરે છે તે પશુપતિ, વનરાજ, રાક્ષસકુળનો નાશ કરનાર, મનુષ્યોનો ભય દૂર કરનાર, ક્ષણમાત્રમાં કલ્યાણ કરનાર, શરણાગતને મુક્તિ આપનાર, કામને બાળનાર, અને સર્વનું નિયમન કરનાર નારપતિ નારેશ્વર મારા હૈયામાં વસો !! ૭

**[**યઃ=જે, શ્લોકસપ્તકમ્ ઈદમ્ = આ સાત શ્લોકવાળું (સ્તોત્ર) પઠતિ ઈહ = અહીં ભણે-વાંચે છે, મર્ત્યઃ = મનુષ્ય, રઙ્ગ - ઉદ્ગતમ્ = રંગથી ઉદ્ભવેલું, સકલરંગનિહન્તૃ = બધા જ (વાસનાના) રંગોનો નાશ કરનાર, નૃણામ્ = મનુષ્યોના, ભક્ત્યા = ભક્તિપૂર્વક, પ્રભાત સમયે = સવારે, નિયતઃ = નિયમમાં રહીને, શુચિસન્ = શુદ્ધ - પવિત્ર થઈને, ભુક્ત્વા ઈહ = અહીં ભોગવીને, સૌખ્યમ્ અખિલમ્ = સકળ સુખ ભોગવીને, શિવલોકમ્ = શિવલોકમાં, ઈયાત્ = જાય.**]**

જે મનુષ્ય, સર્વ સાંસારિક આસક્તિ દૂર કરનાર, **'રંગ'** કૃત આ સાત શ્લોક, પ્રાતઃકાળે જીતેન્દ્રિય અને પવિત્ર થઈ ભક્તિભાવથી પઢે છે તે આ લોકમાં (જીવતાં) સર્વ સુખ ભોગવી (અંતે) શિવલોકમાં જાય છે. ૮

શ્રીદત્તચરણકમળભ્રમર બ્રહ્મચારિ પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ રચિત નારેશ્વર સ્તોત્ર સંપૂર્ણ.

•



(૮૦)

## દત્તપ્રબોધસ્તવઃ।

અજિતામૃત યોગનિદ્રિતાચ્યુતશક્તેઃ સ્વકૃતાતિમોહિત ।
દ્યુમુખેશ્રુતિબન્દિગીતતો ભગવઞ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડ્ય ।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈરિવોક્તૈ-
ર્ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ॥ ૧ ॥

ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષવિશેષહેતોઃ ।
યઃ શેષ એષ સકલઃ સકલસ્વગીતૈસ્-
ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ॥ ૨ ॥

દૃષ્ટ્વા જનાન્ વિવિધકષ્ટવશાન્દયાલુ -
સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોઽત્ર દત્તઃ ।
અત્રેર્મુનેઃ સુતપસોઽત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્તઃ ॥ ૩ ॥

આયાત્યશેષવિનુતોઽપ્યવગાહનાય
દત્તોઽધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધાસ્-
તસ્થુસ્તવાચમનદેશ ઈનોદયાત્પ્રાક્ ॥ ૪ ॥

સન્ધ્યામુપાસિતમજોડપ્યધુનાગમિષ્ય-
ત્યાકાઙ્ક્ષતે કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ।
કૃષ્ણાતટેડપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિકઃ કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ॥ ૫ ॥

ગન્ધર્વસંજ્ઞકપુરેડપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।
મત્વાસ્થુરાચરિતસંનિયતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥ ૬ ॥

પુત્રી દિવઃ ખગગણાન્સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તૂષાઃ ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂદ્યન્
તાક્ષ્યાગ્રજોડ્યમવલોકય તં પુરસ્તાત્ ॥ ૭ ॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોડતઃ ।
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોડ્યમેવ
ચન્દ્રોડપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ॥ ૮ ॥

દ્વારેડર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્યઃ
પ્રહલાદ એષ યદુરેષ મદાલસાજઃ ।
ત્વાં દ્રષ્ટુકામ ઈતરે મુનયોડપિ ચાહ-
મુતિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ॥ ૯ ॥

એવં પ્રબુદ્ધ ઈવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્ ॥
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવઃ ॥ ૧૦ ॥



## દત્તપ્રબોધસ્તવઃનો અર્થ :

**[**અજિત = કોઈથી પરાજિત ન થનાર - હે અજિત, અમૃત = મોક્ષ સ્વરૂપ, યોગનિદ્રિત = યોગનિદ્રામાં રહેલા, અચ્યુત = ચ્યુત ન થનાર, શકતેઃ = શક્તિથી, સ્વકૃતા = પોતે રચેલી, અતિમોહિત = મોહગ્રસ્ત, દ્યુમુખે = ઉષઃકાળે, શ્રુતિબંદિગીતતઃ = શ્રુતિરૂપીબંદિજનોના ગીતથી, ભગવન્ = ભગવાન, જાગૃહિ-જાગૃહિ = જાગો-જાગો, ત્ર્યધિટ્ = ત્રયના અધિપતિ**]**

હે (કોઈથી પરાભૂત ન થનાર) અજિત, અમૃત (મોક્ષ) સ્વરૂપ, (અધ્યાસથી) યોગરૂપી નિદ્રામાં આવેલ (અને તેથી જ) પોતાના કર્મથી મોહ અવસ્થામાં હોવા છતાં અચ્યુત જ્ઞાનશક્તિવાળા (ગુરુ ઉપસત્તિના લક્ષણરૂપી), ઉષઃકાળમાં જેમ બંદિજનો રાજાને તેના પરાક્રમનાં વર્ણન કરી જાગૃત કરે છે તેમ શ્રુતિરૂપી બંદિગીતથી હે ભગવન્, હે દેહત્રયના અધિપતિ, (પ્રમાદ) નિદ્રાનો ત્યાગ કરી જાગૃત થા, જાગૃત થા.

**[**નિત્યો હિ યસ્ય મહિમા = જેનો મહિમા હંમેશ, નહિ માનમ્ એતિ = પામી શકાતો નથી, સ ત્વં મહેશ ભગવન્ = એવા હે ભગવાન તું (તમે), મઘવન્મુખ = ઈન્દ્ર જેમાં મુખ્ય છે તેવા દેવો, ઈડયં = સ્તુતિ કરે છે, ઉત્તિષ્ઠ = ઊઠ-જાગ, તિષ્ઠત્ = ઊભો રહે, અમૃતૈરમૃતૈરિવોકતૈઃ = અમૃતસમાન ઉક્તિઓથી, ગીતાગમૈઃ = ગીતા અને આગમોથી, ચ = અને, પુરુધા - પુરાધો = અગ્રેસર-પુરોહિત બનાવનાર, પુરુધામશાલિન્ = અગ્ર પદે રહેનાર**]**

ઈંદ્રાદિ દેવો જેની સ્તુતિ કરે છે, ગીતા અને શાસ્ત્રોમાં જેનું વર્ણન કર્યું છે, જેનો મહિમા હંમેશ માટે અપાર છે, એવા હે મહેશ ભગવન્ ! આપના ભક્તો ઊભાં ઊભાં, ભાવપૂર્ણ, અમૃત જેવાં મધુર ગીતોથી જગાડી રહ્યા છે તો એમના તરફ દયા કરીને જાગો. ૧

[ભક્તેષુ = ભક્તોમાં (ભક્તો માટે), જાગૃહી = જાગો, મુદાહિ = આનંદ પામ (આનંદ આપ), મુદ્રારભાવમ્ = તંદ્રારુપી ભાવવાળી, તલ્પં = શય્યા (પથારી), વિહાય = છોડીને, સવિશેષ = ખાસ બાકી રહેલા, વિશેષ હેતોઃ = વિશિષ્ટ કાર્યો માટે, યઃ = જે, એષઃ = આ, શેષઃ = શેષ નારાયણ ભગવાન, સકલઃ = કલાવાન, સકલસ્વગીતૈઃ = (પોતાના) બધાજ ગીતો થી, ત્વમ્ = તું, જાગૃહિ = જાગ, શ્રિતપતે = આશ્રિત અથવા શરણાગત અથવા આધાર રાખનાર (શ્રિત), એનાપતિ એટલે પાલક, તપતે = સ્વયં તપનાર (તપસ્વીઓ માટે), નમઃ = નમસ્કાર હો, તે = (તુભ્યમ્) તમને.]

હે આશ્રિતોના પાલક ! (તપસ્વીઓ માટે) સ્વયં તપનાર ! ભક્તો માટે આપ જાગો. (જાગીને) આપ આનંદ પામો અને આનંદ આપો. આપ તંદ્રોભાવવાળી શય્યાનો ત્યાગ કરી (ભક્તો માટેના) ખાસ બાકી રહેલા વિશિષ્ટ કાર્યો માટે (કાર્યો પૂર્ણ કરવા માટે) જાગો. જે આ શેષ નારાયણ છે તેઓ પણ (આ શેષ કાર્યો માટે) (પોતાના) બધાં ગીતોથી કલાવાન બન્યા છે. તો (હે ભગવાન્ !) આપ જાગો. (ભક્તના કાર્યો કરવા તૈયાર થાવ.) આપને પ્રણામ હો.

[દ્રષ્ટ્વા = જોઈને, જનાન્ = લોકોને, વિવિધકષ્ટવશાન્ = જુદા જુદા કષ્ટો - દુઃખોથી ગ્રસ્ત, દયાલુઃ = દયામય, ત્ર્યાત્મા = ત્રિ આત્માવાળો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશના આત્માવાળો), બભૂવ = થયો, સકલાર્તિહરઃ = સકળ દુઃખને હણનાર, અત્ર = અહીં, દત્ત = ભગવાન શ્રીદત્ત, અત્રેઃમુનેઃ=અત્રિમુનિના, સુતપસઃ = સારા - શુભ-તપનું, અત્ર = અહીં, ફલમ્=ફળ, ચ=અને, દાતુમ્ = આપવા માટે, બુધ્યસ્વ = જાગ, સ=તે, ત્વમ્ = તું, ઈહ = અહીં, યત્ = જે, મહિમાનિયત્તઃ = મહિમાન્વિત]

જેનું માહાત્મ્ય અગાધ-અપાર છે એવા શ્રીદત્તાત્રેય, લોકો કષ્ટમાં પીડાથી ઘણા જ પીડાય છે એવું જોઈ, બધાનું દુઃખ દૂર કરનાર ત્રિગુણાત્મક ઈશ્વર, અત્રિઋષિની તપશ્ચર્યાનું ફળ આપવા માટે અવતીર્ણ થયાં, એવા તમે જાગો. ૩



[આયાતિ = આવે છે, અશેષ = પૂરેપૂરો, વિનુતઃ = શુદ્ધ - સ્તુત, અપિ = છતાં ય, અવગાહનાય = સ્નાન માટે, દત્તઃ અધુના = અત્યારે દત્ત, ઈતિ = એમ, સુરસિન્ધુઃ = સમુદ્ર, ગંગાનદી, અપેક્ષતે = અપેક્ષા રાખે છે, ત્વામ્ = તારી, તને, ક્ષેત્રે તથા એવ કુરુસંજ્ઞક = કુરુ નામના ક્ષેત્રે = (કુરુક્ષેત્રમાં) પણ એ જ રીતે, એત્ય = આવીને, સિદ્ધાઃ તસ્થુઃ = સિદ્ધો ઉભા છે, તવ આચમન દેશ = તારા આચમન કરવાના પ્રદેશમાં, ઈનોદયાત્પ્રાક્ = સૂર્ય (ઈન્)ના ઉદયપૂર્વે.]

બધા ભક્તોનો સ્તુતિપાઠ સાંભળતા શ્રીદત્તાત્રેય સ્નાન કરવા હમણાં આવે છે, તેની સુરનદી ગંગા રાહ જોઈ રહી છે, તેમજ કુરુક્ષેત્રમાં ઘણા સિદ્ધો આવી સૂર્યોદય પહેલાં (તમો) આચમન કરવા અહીં પધારશો તેની રાહ જોઈ રહ્યા છે. ૪

[સંધ્યામ્ = સંધ્યા, ઉપાસિતુમ = ઉપાસના કરવા (સંધ્યા કરવા), અજઃ = અજન્મા શ્રી દત્ત, અપિ = પણ, અધુના = હમણાં, આગમિષ્યતિ = આવશે, આકાંક્ષતે = આકાંક્ષા રાખે છે, રાહ જુએ છે, કૃતિજન = પુણ્યવાન લોકો, પ્રતિવીક્ષતે = રાહ જુએ છે, ત્વામ્ = તને-તારી, કૃષ્ણા તટે અપિ = કૃષ્ણા નદીના તટે પણ, નરસિંહ સુવાટિકાયામ્ = નરસોબાની વાડીમાં, સારાતિર્ક = આરતી હાથમાં લઈને, કૃતિજનઃ = પુણ્યવાન લોકો, પ્રતિવીક્ષતે = રાહ જુએ છે, ત્વામ્ = તને-તારી.]

કૃષ્ણા નદીને કિનારે અજ એવા શ્રીદત્તાત્રેય સંધ્યાવંદન કરવા આ રસ્તે જશે એમ ધારી પુણ્યવાન ભક્તો રસ્તામાં રાહ જુએ છે અને નરસેબાની વાડીમાં એમનાં ઓવારણાં લેવા ભક્તોની મહિલાઓ હાથમાં આરતી લઈને વાટ જોઈ રહી છે. ૫

[ગંધર્વસંજ્ઞકપુરે = ગંધર્વનામના પુર, ગાણગાપુરમાં પણ, સુભાવિકાઃ = ભાવિકો, તે = તારા, ધ્યાનાર્થમ્ અત્ર = અહીં ધ્યાન કરવા માટે, ભગવાન્ સમ્ ઉપ એષ્યતિ ઈતિ = ભગવાન અહીં આવશે - પધારશે

એમ, મત્વા = માનીને, સ્થુઃ = ઊભા છે, આચરિત સંનિયત આપ્લવ આદ્યા = નિત્ય નિયમ પ્રમાણે સ્નાન વગેરે કરીને, ઉત્તિષ્ઠ = ઊભો થા, દેવ ભગવન્ અત એવ શીઘ્રમ્ = દેવ ભગવાન તેથી જ સત્વરે]

તેમ ભગવાન દત્ત રોજ ધ્યાન કરવા માટે અહીં આવશે એમ માની ગાણગાપુરમાં પણ તમારા ભાવિક ભક્તો પોતપોતાનું સ્નાન સંધ્યાદિ આહનિક પતાવી ઊભા રહ્યા છે તેથી જ જરા ઉતાવળા જલદી ઊઠો. ૬

[પુત્રી દિવઃ = સ્વર્ગ કન્યા - ઉષા, ખગગણાન્ = પક્ષીઓના સમૂહને, સુચિરમ્ = લાંબા સમયથી (આખી રાત), પ્રસુપ્તાન્ = સૂઈ રહેલાને, ઉત્પાતયતિ = ઊઠાડે છે, અરુણગા = અરુણ પાસે જઈને, અધિરુહ્ય = ઊપર ચડીને, તૂષાઃ = પર્વત - ઉદયાચલ, કાષાયવસ્ત્રમ્ = ગેરુઆ રંગનું વસ્ત્ર, અપિધાનમ્ = ઓઢેલું, અપાવૃણુ = દૂર કરો, અદ્યન્ = હવે, તાર્ક્ષ્યાગ્રજઃ = ગરુડનો મોટો ભાઈ - સૂર્ય, અયમ્ = આ, અવલોકય = જો, તં પુરસ્તાત્ = તારી આગળ, સામે.]

આખી રાત સૂઈ રહેલા પક્ષીગણોને સ્વર્ગકન્યા ઉષા ઉદયાચલ પર ચઢીને અરુણ પાસે જઈ ઉઠાડે છે. હવે તો આ ઓઢેલી ગેરુઆ રંગની છાટી ખસેડો. પેલો ગરુડનો મોટો ભાઈ - સૂર્ય ઊગેલો દેખાય છે. ૭

[શાટી નિભ અભ્ર પટલાનિ = છાટી જેવા (રંગવાળા) વાદળનાં પટલો, સુરેન્દ્રકાષ્ઠાભાગમ્ = પૂર્વ દિશાના ભાગને, યતીન્દ્ર = હે યતીન્દ્ર શ્રી દત્ત, રુરુધુઃ = રોકી રાખી છે - અટકાવી છે, ગરુડ અગ્રજઃ = ગરુડના મોટાભાઈ સૂર્ય, અતઃ=તેથી, અસ્માભિઃ = અમારા વડે, ઈશ = હે પ્રભુ, વિદિતઃ = જણાયો-જાણવામાં આવ્યો, હિ=નક્કી, ઉદિતઃ = ઊગ્યો છે, અયમ્ એવ = આ જ, ચન્દ્રઃઅપિ = ચન્દ્ર પણ, તે = તારા, મુખરુચિમ્ = મુખની કાંતિને, ચિરગામ્ = લાંબા કાળની, જહાતિ = ત્યજે છે.]

હે યતીન્દ્ર ! જુઓ. આપની છાટી જેવા રંગના વાદળાઓએ પૂર્વ દિશામાં રોકી રાખેલો તે અરુણ બધાને ખસેડીને ઊગ્યો છે, પણ અમને એમ લાગ્યું



કે આપના મુખની શોભા હરણ કરનાર ચન્દ્ર જ ઊગ્યો છે. પણ એ તો આ કાંતિનો ત્યાગ કરી પોતે ફિક્કો બન્યો છે. ૮

[દ્વારે અર્જુનઃ તવ = તારે બારણે અર્જુન, ચ = અને, તિષ્ઠતિ = ઊભો છે, કાર્તવીર્યઃ પ્રહલાદઃ એષ યદુઃ એષ મદાલસાજઃ = કાર્તવીય, આ પ્રહલાદ, આ યદુ, આ મદાલસાજાયો અલર્ક, ત્વામ્ દ્રષ્ટુકામ = તને જોવાની ઈચ્છાવાળા, ઈતરઃ = અન્ય, મુનયઃ અપિ = મુનિઓ પણ, ચ અહમ્ = અને હું, ઉત્તિષ્ઠ = ઊઠ, દર્શય = બતાવ, નિજંસુમુખમ્ = પોતાનું સુંદર મુખ, પ્રસીદ = પ્રસન્ન થા.]

આ આપના ભક્તો સહસ્રાર્જુન, યદુ અને મદાલસાના પુત્ર અલર્ક, બીજા ઋષિઓ અને હું પણ આપના મુખકમલનાં દર્શન કરવાની ઈચ્છાથી ક્યારનાય, આપને બારણે ઊભા છીએ તો કૃપા કરી જલદી ઊઠો અને આપના મુખકમલનાં દર્શન કરાવો. ૯

[એવમ્ = એ રીતે, પ્રબુદ્ધ ઈવ = જાણે જાગ્યો હોય એવો, સંસ્તવનાત્ = સ્તુતિથી, અભૂત્ સ = તે થયો, માલામ્ કમંડલુમ્ અથ ડમરું ત્રિશૂલમ્ ચક્રમ્ ચ શંખ = માળા, કમંડળ અને ડમરુ, ત્રિશૂલ તથા ચક્ર અને શંખ, ઉપરિસ્થ = ઊપરના, કરૈઃ = હાથો વડે, દધાનઃ=ધારણ કરેલ. નિત્યમ્ = હંમેશ, સ=તે, મામ્ અવતુ = મારું રક્ષણ કરો. ભાવિતવાસુદેવઃ = વાસુદેવાનંદના ભાવથી ભજાયેલો.]

એવી રીતે ભક્તોએ કરેલી સ્તુતિથી (દત્ત ભગવાન) જાગ્યા જેવા લાગ્યા, પણ એ તો સદા અવસ્થાતીત રહેનારા, માળા, કમંડળ નીચેના હાથમાં, વચલા હાથમાં ડમરુ અને ત્રિશૂળ અને ઉપલા હાથમાં ચક્ર અને શંખ ધારણ કરનાર વાસુદેવાનંદસરસ્વતીએ ભાવથી સ્તવેલા શ્રીદત્તાત્રેય અમારું હંમેશ રક્ષણ કરો. ૧૦

(૮૧)

## દત્તપ્રાતઃસ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્ ।
ઐશ્વર્યવીર્યયશ આદિ ભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ ॥ ૧ ॥

સર્વાત્મકં સકલવન્દિતપાદપીઠં
ભક્તાનુરૂપધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદેકનિલયં નિલયાદિહીનં
તં વ્રાત્યવાતરશનં રસનાતિગં કમ્ ॥ ૨ ॥

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઈવ ગુણાતિગમપ્રમેયમ્ ।
વેદશ્વભિઃ પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈઃ શ્મશાન કુહરે તમતર્કયલીલમ્ ॥ ૩ ॥

માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહાઃ ખલુ યત્ર મૂકાઃ
કોડહં સ્તવે નુ ભગવન્ પ્રણતોડસ્મ્યતો હિ ॥ ૪ ॥

રઙ્ગેણ વિહિતં સ્તોત્રં ચતુઃશ્લોકસમન્વિતમ્ ।
યઃ પઠેત્પ્રાતરુત્થાય તસ્યાહઃ સુખદં ભવેત્ ॥ ૫ ॥

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિન્દ બ્રહ્મચારી પાણ્ડુરઙ્ગ (રઙ્ગઅવધૂત)
મહારાજ વિરચિતં દત્તપ્રાતઃસ્મરણં સમ્પૂર્ણમ્ ।



## દત્તપ્રાતઃસ્મરણમ્નો અર્થ :

૧. [પ્રાતઃ = પ્રાતઃકાળે, સવારે, નમામિ = નમું છું, પ્રણામ કરું છું. ભગવન્તમ્ = ભગવાનને. અનંતમ્=જેનો અંત નથી, જેનો નાશ થતો નથી, આદ્યં=સર્વના મૂળ સ્વરૂપ, સચ્ચિત્સુખાત્મક=સત્, ચિત્ત્ અને આનંદરૂપી, શિરસ્ત્રિતયં=ત્રણ મસ્તકને, દધાનમ્=ધારણ કરનાર, ઐશ્વર્યવીર્યયશઆદિ=ઐશ્વર્ય, વીર્ય, યશ વગેરે. (ભગવાનમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય હોય છે.) ભુજૈઃ=ભુજાઓથી, હાથથી, લસન્તં=શોભતા, તં=તે, દેવમ્=દેવને, અત્રિવરદં= અત્રિમુનીને વરદાન આપનાર, નત=નમન કરનાર, ભક્તજન, દત્તસર્વમ્=સર્વસ્વ અર્પણ કરનાર.]

સત્, ચિત્ અને આનંદરૂપી ત્રણ મસ્તકને ધારણકરનાર, ઐશ્વર્ય, વીર્ય, યશ (શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય) વગેરે છ ભુજાઓથી શોભનાર, ભક્તોને કાજે સર્વસ્વ અર્પણ કરનાર, અત્રિમુનીને વરદાન આપનાર, જેનો કદી નાશ નથી અને જે સર્વના મૂળસ્વરૂપ છે એવા ભગવાન દત્તાત્રેયને પ્રાતઃકાળે પ્રણામ કરું છું.

૨. [સર્વાત્મકં = સર્વના(પ્રાણીમાત્રના)આત્મસ્વરૂપ, સકલવન્દિતપાદપીઠં = જેના ચરણકમળમાં સૌ કોઈ વંદન કરે છે. ભક્તાનુરૂપ= ભક્તોની ભાવનાને અનુરૂપ, ધૃતરૂપમ્ = રૂપ ધારણ કરે છે, અનેકમ્=અનેક, એકમ્=એક (હોવાં છતાં), શાન્તં=શાન્ત, સત્=સત્ય, એક નિલયં=એકમાત્ર રહેવાનું સ્થાન છે, એક માત્ર નિવાસસ્થાન છે. નિલયાદિહીનં=નિવાસસ્થાન વગેરેનું બંધન નથી તે, તં=તે, વ્રાત્ય=જેના પર સંસ્કાર વગેરે જરૂરી નથી તેવા, વાતઃ=વાયુ, પવન, અશનં=ભોજન, રસનાતિગં= વાણીથી પર, જેનું વર્ણન વૈખરી વાણી કરી શકતી નથી, કં=બ્રહ્મસ્વરૂપ.]

જેના ચરણકમળમાં સૌ કોઈ વંદન કરે છે, જે ભક્તોની ભાવનાને અનુરૂપ (જુદા જુદા) શરીરો ધારણ કરે છે, (અને તેથી) જે એક હોવા

છતાં અનેક ભાસે છે, જેને કોઇ એક નિવાસસ્થાન વગેરેનું બંધન નથી અને છતાં જેનું એકમાત્ર નિવાસસ્થાન સત્ય છે, જે શાંત છે, જેનું વર્ણન વૈખરી કરી શકતી નથી, જે મૂળ બ્રહ્મસ્વરૂપ હોવાથી જેના સંસ્કારાદિ નથી એવા, પ્રાણીમાત્રના આત્મસ્વરૂપ તે દત્ત દિગંબરભગવાનને પ્રાતઃકાળે પ્રણામ કરું છું.

૩. [યસ્મિન્=જેમાં, ઇદં=આ, જગદશેષમ્= સમગ્ર (અશેષમ્) જગત, અનુપ્રવિષ્ટં=સમાયેલું છે, દાખલ થયેલું છે, વસ્ત્રે =વસ્ત્રમાં, ગુણાઃ=તાંતણા, ઇવ=જેમ, પેઠે, ગુણાતિગમ્=ગુણોથી પર (સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણે ગુણોથી પર), અપ્રમેયમ્= જેનું માપ કાઢી શકાતું નથી, વેદશ્વભિઃ=વેદરૂપી કૂતરાં સાથે, પ્રતિદિનં=રોજે રોજ, બહુ શોભમાનં= બહુ શોભાવાળા છે. ભૂતૈઃ=ભૂતો(સંકલ્પરૂપી) સાથે, સ્મશાન = સ્મશાન, કુહરે = ગુફામાં, તમ્=તે, અતર્ક્ય= તર્ક (કલ્પના) ન કરી શકાય એવી. લીલમ્ = લીલા.]

વસ્ત્રમાં તાંતણાની પેઠે, આ સમસ્ત જગત જેમાં સમાઇ રહેલું છે, જે સત્ત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણે ગુણોથી પર છે, જેનું કોઇ રીતે માપ કાઢી શકાતું નથી, જે વેદરૂપી કૂતરાં સાથે (શ્વભિઃ) અને સંકલ્પોરૂપી ભૂતો સાથે સ્મશાનમાં પ્રતિદિન અનેક રીતે ક્રીડા કરે છે, જેની લીલાની કલ્પના પણ આવવી મુશ્કેલ છે, એવા દત્તાત્રેય ભગવાન ને (પ્રાતઃ કાળે - સાધનાના પ્રારંભ કાળમાં) પ્રણામ કરું છું.

૪. [માયાપતિં=માયાના પતિ, પતિવિહીન=પતિ (નિયંત્રણ કરનાર) વગરના, નિરસ્તમાયં = માયાનું આવરણ દૂર કરનાર, યં=જેને, યોગિ=યોગી, ભોગિ=ભોગી, જટિ=જટી, મુણ્ડિનઃ= સંન્યાસી, આસ્તુવન્તિ=સર્વતઃ સ્તુતિ કરે છે. નેતીતિ (ન+ઇતિ+ઇતિ) આ નહિ, આ નહિ, વેદનિવહા=વેદોનો સમૂહ, અનંત વેદો, ખલુ=ખરેખર, યત્ર=જ્યાં, મૂકાઃ=મૂંગા, કોઽહં= હું કોણ ? સ્તવે=સ્તવન કરું, નુ = ખરેખર, ભગવન્=હે ભગવાન, પ્રણતઃ=નમસ્કાર, અસ્મિ=છું . અતઃ=આથી, હિ =ખરેખર.]



જે પોતે માયાનો પતિ છે, પણ જેનો પોતાનો કોઇ પતિ નિયંત્રણ કરનાર નથી, અનન્ય આશ્રિત ભક્તજનોની જે માયાનું આવરણ દૂર કરે છે, યોગી, ભોગી, જટી, સંન્યાસી - બધા જેની સર્વતઃસ્તુતિ કરે છે, અનંત વેદો આ નહિ (ન+ઈતિ) એમ પુકારીને જ્યાં મૂંગા થઈ જાય છે ત્યાં હે ભગવન્ ! સ્તુતિ કરવાનું મારું તે શું ગજું ? તેથી હું તો માત્ર તારા પગ આગળ લાંબો થઈને નમસ્કાર કરું છું.

[રઙ્ગેણ=રંગ દ્વારા, વિહિતં=રચાયેલું, સ્તોત્રં=સ્તોત્ર, ચતુઃ=ચાર, શ્લોકસમન્વિતમ્=શ્લોકવાળું, યઃ=જે, પઠેત્ =પાઠ કરશે, પ્રાતઃ=સવારે, ઉત્થાય=ઉઠીને (તમસ્ આદિ ખંખેરી નાંખીને), તસ્ય=તેનો, અહઃ=દિવસ, સુખદં =સુખદાયી, ભવેત્ =બનશે.]

રંગરચિત આ ચાર શ્લોકના સ્તોત્રનો જે કોઇ પ્રાતઃકાળે ઊઠીને તમસ્ આદિ ખંખેરી નાંખીને પાઠ કરશે તેનો દિવસ સુખમાં જશે (દિવસમાં આનંદે આનંદ રેલાશે).

(૮૨)

## શ્રી દત્તમહામાલામન્ત્રઃ ।

ૐ ઈદં વિષ્ણુર્વિચક્રમે ત્રેધા નિદધે પદમ્ ।
સમૂઢમસ્ય પાગ્ગુંસુરે સ્વાહા ॥ ૧ ॥

ત્રીણિ પદા વિચક્રમે વિષ્ણુર્ગોપાઅદાભ્યઃ ।
અતો ધર્મ્માણિ ધારયન્ ॥ ૨ ॥

તદ્વિષ્ણોઃ પરમં પદગ્ગૂં સદા પશ્યન્તિ સૂરયઃ ।
દિવીવ ચક્ષુરાતતમ્ ॥ ૩ ॥

ૐ નમો ભગવતે દત્તાત્રેયાય,
સ્મરણમાત્રસન્તુષ્ટાય, મહાભયનિવારણાય,

મહાજ્ઞાનપ્રદાય, ચિદાનંદાત્મને,
બાલોન્મત્તપિશાચવેષાય, મહાયોગિને, અવધૂતાય,

અનસૂયાનંદવર્ધનાય, અત્રિપુત્રાય,
ૐ ભવબંધવિમોચનાય, આં અસાધ્યસાધનાય,

હ્રીં સર્વવિભૂતિદાય, ક્રૌં અસાધ્યાકર્ષણાય,
ઐં વાક્પ્રદાય, ક્લીં જગત્ત્રયવશીકરણાય,

સૌઃ સર્વ મનઃક્ષોભણાય, શ્રીં મહાસમ્પત્પ્રદાય,
ગ્લૌં ભૂમણ્ડલાધિપત્યપ્રદાય,

દ્રાં ચિરંજીવિને, વષટ્ વશીકુરુ વશીકુરુ,
વૌષટ્ આકર્ષય આકર્ષય, હું વિદ્વેષય વિદ્વેષય,



ફટ્ ઉચ્ચાટય ઉચ્ચાટ્ય, ઠઃ ઠઃ સ્તમ્ભય સ્તમ્ભય,
ખેં ખેં મારય મારય, નમઃ સમ્પન્નય, સમ્પન્નય,

સ્વાહા પોષય પોષય,
પરમંત્ર પરયંત્ર પરતંત્રાણિ છિન્ધિ છિન્ધિ,

ગ્રહાન્ નિવારય નિવારય, વ્યાધીન્ વિનાશય વિનાશય,
દુઃખં હર હર, દારિદ્રયંવિદ્રાવય, વિદ્રાવય

દેહં પોષય પોષય, ચિત્તં તોષય તોષય,
સર્વમન્ત્રસ્વરૂપાય, સર્વયન્ત્રસ્વરૂપાય,

સર્વતંત્રસ્વરૂપાય, સર્વપલ્લવસ્વરૂપાય,
ૐ નમો મહાસિદ્ધાય સ્વાહા ॥

ઈતિશ્રીદત્તમહામાલામન્ત્રઃ ।

●

પ.પ.બ્ર.વાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજે રચેલા 'માઘ માહાત્મ્ય' નામના મરાઠી ગ્રંથની ઓવીઓના પ્રત્યેક ઓવીના ત્રીજા અક્ષરને ઊભેથી વાંચતા આખોય દત્તમાલામંત્ર ગ્રથિત થયેલો મળી આવે છે.

પૂ.શ્રીએ પોતાને થયેલા આદેશ અનુસાર માલામંત્રની શરૂઆતમાં ત્રણ વૈદિક મંત્રો મૂકવાનું સૂચવ્યું. આ ત્રણે વૈદિક મંત્રો (ઈદં વિષ્ણુ ચક્ષુરાતતમ્ ।) ચારે વેદોમાં છે.

# શ્રી દત્તમહામાલામન્ત્રઃનો અર્થ :

(વિષ્ણુઃ) વિષ્ણુએ (ઇદં) આ (જગતને) (વિચક્રમે) ઓળંગ્યું, (સઃ) તેણે (ત્રેધા) ત્રણ પ્રકારે, (પદમ્) પગલાં, (નિદધે) મૂક્યાં. (અસ્ય) એનું, (આ પગલું) (પાંસુરે) ધૂળવાળા સ્થળમાં (સમૂઢમ્) સારી રીતે સંતાયેલું છે, (તે વિષ્ણુને) (સ્વાહા) આહુતિ હોમીએ છીએ. (અદાભ્યઃ) કોઈથી હણાય નહિ એવા, (ગોપાઃ) રક્ષણ કરનાર, (વિષ્ણુઃ) વિષ્ણુએ, (ત્રીણિ) ત્રણ (પદા = પદાનિ) ડગલામાં, (આ જગત) (વિચક્રમે) ઓળંગ્યું, (અતઃ) આનાથી, (આ ત્રણ ડગલાં વડે), (ધર્માણિ) (તે) ધર્મોને, (ધારયન્) ધારણ કરે છે. (દિવિ) આકાશમાં (આતતં) વિસ્તરેલી - પહોળી, (ચક્ષુઃ) આંખ, (ઇવ) જેવા, (વિષ્ણોઃ) વિષ્ણુના, (તત્) તે, (પરમં પદં) પરમ પદને (સ્થાનને), (સૂરયઃ) ઋષિઓ - વિદ્વાનો, (સદા) હંમેશાં, (પશ્યન્તિ) જુએ છે.

**ૐ નમો ભગવતે દત્તાત્રેયાય** = (ૐ)ૐકાર સ્વરૂપ(ભગવતે, દત્તાત્રેયાય) ઐશ્વર્ય સંપન્ન દત્તાત્રેયને (નમઃ) નમસ્કાર.

**સ્મરણમાત્ર - સંતુષ્ટાય** = સ્મરણમાત્રથી સંતુષ્ટ થાય એવા.

**મહાભય-નિવારણાય** = (જન્મ મરણરૂપી) મહાભયને દૂર કરનાર (મોક્ષ આપનાર).

**મહાજ્ઞાન-પ્રદાય** = મહાજ્ઞાન (તત્ત્વમસિનું અપરોક્ષ જ્ઞાન) આપનાર.

**ચિદાનંદાત્મને** = સચ્ચિદાનંદસ્વરૂપવાળા.

**બાલોન્મત્ત-પિશાચવેષાય** = (બાલ) બાળક (ઉન્મત્ત) પાગલ (પિશાચ-વેષાય) અને પિશાચ જેવા વેષવાળા.



**મહાયોગિને** = મહાયોગી

**અવધૂતાય** = અવધૂતને (સંન્યાસીઓની છેલ્લી કક્ષા, પાંચમી કક્ષા) (કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસથી પણ ઉપર)

**અનસૂયાનંદવર્ધનાય** = (માતા) અનસૂયાના (આનંદ) આનંદને (વર્ધનાય) વધારનાર.

**અત્રિપુત્રાય** = અત્રિ(ઋષિ)ના પુત્ર.

**ૐ ભવબંધ-વિમોચનાય** = ૐ સ્વરૂપના ધ્યાન દ્વારા સંસારના બંધનમાંથી છોડાવનાર.

**આં અસાધ્ય સાધનાય** = આં બીજરૂપથી અસાધ્ય વસ્તુને સાધ્ય બનાવનાર.

**હ્રીં સર્વ વિભૂતિદાય** = હ્રીં બીજની ઉપાસનાથી તમામ પ્રકારના વૈભવને આપનાર.

**ક્રોં અસાધ્યાકર્ષણાય** = ક્રોં બીજ દ્વારા અસાધ્ય વસ્તુને ખેંચી લાવનારા.

**ઐં વાક્પ્રદાય** = ઐં બીજથી વાણી (કવિત્વ શક્તિ) આપનાર.

**ક્લીં જગત્ત્રયવશીકરણાય** = ક્લીં બીજ દ્વારા ત્રણેય જગતને વશ કરનારા.

**સૌઃ સર્વ મનઃક્ષોભણાય** = સૌઃ બીજ દ્વારા બધાના મનમાં ક્ષોભ પેદા કરનારા.

**શ્રીં મહાસંપત્પ્રદાય** = શ્રીં બીજથી મોટી સંપત્તિ આપનારા.

| | |
|---|---|
| **ગ્લૌં ભૂમણ્ડલાધિપત્ય-પ્રદાય** | = ગ્લૌં બીજ દ્વારા સમસ્ત ભૂમંડળનું આધિપત્ય આપનારા. |
| **દ્રાં ચિરંજીવિને** | = દ્રાં બીજ જાપથી દીર્ઘ આયુષ્ય આપનાર. |
| **વષટ્ વશીકુરુ વશીકુરુ** | = વષટ્ બીજથી બધાને મારા વશમાં લાવો, વશમાં લાવો. |
| **વૌષટ્ આકર્ષય આકર્ષય** | = વૌષટ્ બીજથી આકર્ષો, આકર્ષો. |
| **હું વિદ્વેષય વિદ્વેષય** | = હું બીજથી દ્વેષ કરાવો, દ્વેષ કરાવો. |
| **ફટ્ ઉચ્ચાટય ઉચ્ચાટય** | = ફટ્ બીજથી ઉચ્ચાટન કરો, ઉચ્ચાટન કરો. |
| **ઠઃ ઠઃ સ્તમ્ભય સ્તમ્ભય** | = ઠઃ ઠઃ બીજથી સ્તંભન કરો, સ્તંભન કરો. |
| **ખેં ખેં મારય મારય** | = ખેં ખેં બીજથી (બધાને) મારો, મારો. |
| **નમઃ સમ્પન્નય સમ્પન્નય** | = નમઃ બીજથી (મારા) કાર્યોને સારી રીતે સંપન્ન કરો, સંપન્ન કરો. |
| **સ્વાહા પોષય પોષય** | = સ્વાહા બીજથી પોષણ અર્પો, પોષણ અર્પો. |
| **પરમંત્ર પરયંત્ર પરતંત્રાણિ છિન્ધિ છિન્ધિ** | = શત્રુએ પ્રયોજેલ પરમંત્ર, પર યંત્ર અને પર તંત્રને છેદી નાંખો, છેદી નાંખો (નિષ્ફળ બનાવો.) |
| **ગ્રહાન્ નિવારય નિવારય** | = ગ્રહપીડા દૂર કરો, દૂર કરો. |
| **વ્યાધીન્ વિનાશય વિનાશય** | = રોગોનો નાશ કરો, નાશ કરો. |



| | |
|---|---|
| **દુઃખં હર હર** | = દુઃખને દૂર કરો, દૂર કરો. |
| **દારિદ્રં વિદ્રાવય વિદ્રાવય** | = દ્રારિદ્રય દૂર કરો, દૂર કરો. |
| **દેહં પોષય પોષય** | = દેહનું પોષણ કરો, પોષણ કરો. |
| **ચિત્તં તોષય તોષય** | = ચિત્તને સંતુષ્ટ કરો, સંતુષ્ટ કરો. |
| **સર્વમંત્રસ્વરૂપાય સર્વયંત્રસ્વરૂપાય સર્વતંત્રસ્વરૂપાય સર્વપલ્લવસ્વરૂપાય ૐ નમો મહાસિદ્ધાય સ્વાહા** | = સર્વમંત્ર, યંત્ર, તંત્ર અને પલ્લવ સ્વરૂપવાળા મહાસિદ્ધને નમસ્કાર. એમને અર્પણ. |

●

શ્રી દત્તયાગ પધ્ધતિ જ્યારે ગ્રથિત થઈ ત્યારે પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે પોતાને પરંપરાથી પ્રાપ્ત થયેલ યંત્ર, તંત્ર, મંત્ર વગેરે ગ્રથિત કરનાર વિદ્વાનો શ્રી વિષ્ણુપ્રસાદ શાસ્ત્રી તથા ચંદ્રકાન્ત શુક્લને આપ્યાં.

વિદ્વાનો દ્વારા ગ્રથિત થયેલું એ બધું પૂ.શ્રીને જે દિવસે અર્પણ થયું તે જ રાત્રે બે વાગે પૂ.શ્રીને માલામંત્રની આગળ વૈદિક મંત્રો મૂકવાનો આદેશ થયો અને પૂ.શ્રીએ પંડિતોને બોલાવીને ‘ઈદં વિષ્ણુ’ વાળા ત્રણ વૈદિક મંત્રો મૂકવા જણાવ્યું.

(૮૩)

# યાચના

પરમાત્મપદે રતિરસ્તુ પરા વરમેકમહં વિનતો યાચે।
હે રંગ ગુરો ન પરં યાચે ।। પરમાત્મ. ।।
પ્રથિતા તવ દાનપરાયણતા વ્યથિતા બહવો વિહિતાઃ સુખિતાઃ।
વિલસન્તિ પદે નિધયો મિલિતા નવ સિદ્ધિયુતા ભવનારાચે ।। *હે રંગ ગુરો. ૧*

દગિયં પરમાત્મનિ તે નિરતા વિહતા વિષયાઃ સ્વયમેવ ગતાઃ।
વિદિતા તવ શાન્તિ સુધા નિધિતા કરુણા ચ જને કૃતપૈશાચે ।। *હે રંગ ગુરો. ૨*

જનની કરકંજકૃતાહારો વિબુધાવરનીર જલાધારો ।
જગતીહ જનો વદ કો નુ પરો યમુદારતરઃ કૃપણો યાચે ।। *હે રંગ ગુરો. ૩*

વિધિમાધવરુદ્રમયી હૃદયે, તવ રાજતિ મૂર્તિરુદસ્તભયે ।
અભયં ચ વરં ચ કરદ્વિતયે પુનરન્યતરં કમિહાયાચે ।। *હે રંગ ગુરો. ૪*

કિમિયં મરુભૂરથવા જલધિઃ ફણિરાડથવા રશનેયમધીઃ ।
નહિ તથ્યવિનિશ્ચયને કૃતધી રધરોમણિરેષ મણૌ-કાચે ।। *હે રંગ ગુરો. ૫*

ચરિતૈરસિ વિસ્મિતયોગિજનો વચસા વિજિતાખિલમૌનિજનઃ।
તપસા પરિતાપિતસૌરજનો ભવતેઽસ્તુ નમો જયિનાં પ્રાચે ।। *હે રંગ ગુરો. ૬*

વિજનેઽપિ વને નિજવાસકૃતે તરુવલ્કલવસ્ત્રજટાદિભૃતે ।
કરદંડધૃતે ભવરોગહૃતે ભગવન્ ભવતેઽસ્તુ નમો વાચે ।। *હે રંગ ગુરો. ૭*

***પંડિત મણિશંકર શાસ્ત્રીજી***
વડોદરા



(૮૪)

**દત્તરક્ષાસ્તોત્ર**

દત્તરક્ષાસ્તોત્રનો આ ઋષિ અવ્યક્ત છે સુધી ।
અનુષ્ટુપ્ છંદ છે તેનો દેવતા દત્ત યોગિરાટ્ ।। ૧ ।।

બીજ દ્રાં શક્તિ હ્રીં **ક્લીં** છે કીલક વજ્ર શું મહાન્ ।
ધર્મઅર્થકામમોક્ષે વિનિયોગ કહ્યો તિહાં ।। ૨ ।।

**ધ્યાન :** માળા કમંડલુ લસે કર નીચલામાં
ડમરુ ત્રિશૂલ વચલા કરમાં બિરાજે ।
ઊંચા દ્વિહસ્તકમલે શુભ શંખ ચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત ।। ૩ ।।

એવું ધ્યાન ધરી પ્રીતે વંદી સાત્ત્વિક ભાવથી ।
માનસપૂજને હેતે રીઝવું ગુરુદેવને ।। ૪ ।।

પૃથ્વીતત્ત્વે કરું ટીલું **લં**-બીજે હરખે તિહાં ।
**હં**-બીજે વ્યોમતત્ત્વે ત્યાં અર્પું પુષ્પો યથામતિ ।। ૫ ।।

**યં**-બીજે ધૂપ વાતાત્મા અગન્યાત્મા દીપ-**રં** વળી ।
નૈવેદ્યાર્થે અમૃતાત્મા **વં**-બીજે સાદર કર્યો ।। ૬ ।।

સર્વાત્મા **સં** થકી કલ્પ્યા રહ્યા અન્યોપચાર જે ।
સર્વાર્પણ બલિ અર્પી દાસ્યે દેહ દમું મુદા ।। ૭ ।।

રક્ષો દત્તાત્રેય માથું ભાલ અત્રિસુતર્ષભ[1] ।
નાસિકા યોગિરાડ્ રક્ષે રક્ષે નેત્ર અનંતદૃક્[2] ।। ૮ ।।

રક્ષો મોઢું સર્વભક્ષી હોઠ રક્ષો જનાર્દન ।
રક્ષો જિહ્વા શારદાત્મા રક્ષો દંત દયાનિધિ ।। ૯ ।।

---
૧. શ્રેષ્ઠ  ૨. જેની આંખોનો પાર નથી એવા

વનસ્પતીશ કેશોને [1]વાતાશ્વારૂઢ કર્ણને ।
રક્ષે હડપચી શૂલી[2] રક્ષે કંઠ કલાનિધિ ॥ ૧૦ ॥

ખભા ખં બ્રહ્મરૂપી જે કાંડા કૃપાંબુધિ તથા ।
હાથ [3]હારી અંગુલીઓ રક્ષે આરણ્યવાસી જે ॥ ૧૧ ॥

રક્ષે છાતી સોમભ્રાતા[4] કલેજું કર્મસાક્ષી એ ।
હરિ હૃદયરક્ષા એ હૃદયસ્થ કરો સદા ॥ ૧૨ ॥

વિશ્વંભર વિશ્વરૂપી રક્ષે પેટ સનાતન ।
રક્ષે કટિ કામરૂપી જંઘા આજાનબાહુ એ ॥ ૧૩ ॥

ઢીંચણો અત્રિસૂનુ ને ઘૂંટણો ઘનનીલ જે ।
નખો નાનારૂપધારી વામનાત્મા તથા પદ ॥ ૧૪ ॥

યમરૂપી ગુદા રક્ષે રક્ષે લિંગ પ્રજાપતિ ।
કર્મેન્દ્રિયો કર્મશૂન્ય જ્ઞાની જ્ઞાનેન્દ્રિયો વળી ॥ ૧૫ ॥

રક્ષે મજ્જા મહામાયી મેદ ત્રૈલોક્યમોહન ।
માંસ મેધાનિધિ રક્ષે રક્ત લોહિત લોચન ॥ ૧૬ ॥

અસ્થિ આનંદમૂર્તિ એ ત્વચા તારુણ્ય મૂર્તિમાન ।
રક્ષે વીર્ય ચિરંજીવી લાળ લાવણ્યનો નિધિ ॥ ૧૭ ॥

ષડ્ભુજ [5]ચક્રષડ્ રક્ષે [6]સહસ્ત્રાર નિવાસી એ ।
આપાદશીર્ષ અદ્વૈત નાડયાદિ નરરૂપધૃક્ ॥ ૧૮ ॥

કામાદિ દુર્વિકારોથી રક્ષે નૃસિંહ નાટકી ।
આધિ વ્યાધિ ઉપાધિથી વાસુદેવ યતીટ્[7] તથા ॥ ૧૯ ॥

---

૧. પવનરૂપી ઘોડા પર બેઠેલા ૨. જેના હાથમાં ત્રિશૂલ છે.
૩. (કંઠમાં) હારવાળા ૪. ચંદ્નાભાઇ ૫.મૂલાધા દિ ચક્રો
૬. સહસ્ત્ર કમળમાં વસનારા ૭. સન્યાસીઓ ના રાજા (શ્રેષ્ઠ)



ભૂતપ્રેતાદિથી રક્ષે શ્રીપાદવલ્લભ બધે ।
કાલકાલ દુર્ગ્રહોથી જન્મમૃત્યુ થકી હર ॥ ૨૦ ॥

પૂર્વે પવનભક્ષી એ પશ્ચિમે પાવકોપમ[1] ।
ઉત્તરે વ્યોમકેશી ને રક્ષે દૈત્યારિ દક્ષિણે ॥ ૨૧ ॥

ચારે ખૂણે કામચારી[2] ઊંચે અવ્યક્ત આતિથિ ।
નીચે સચ્ચિત્સુખાત્મા જે શેષછત્ર સ્થળે સ્થળે ॥ ૨૨ ॥

મધ્યે મૃત્યુતણો મૃત્યુ મૃત્યુંજય તથા બધે ।
જને જાત્યનવચ્છિન્ન[3] સહ્યવાસી વને તથા ॥ ૨૩ ॥

જલશાયી જળે રક્ષે [4]સ્થાણુરૂપી સ્થળે વળી ।
અગ્નિમહીં અનંતાત્મા રક્ષે શસ્ત્રાશસ્ત્રથી બળી[5] ॥ ૨૪ ॥

રક્ષે દુષ્ટો થકી દાતા ખેચરોથી[6] ખલાંતક[7] ।
વ્યાલાદિથી[8] જગન્નાથ ભૂચરોથી[9] ભયાન્તક ॥ ૨૫ ॥

જલે જળચરાદિથી રક્ષે પન્નગભૂષણ[10] ।
જટાધારી બધે રક્ષે સંકટે વિષમે[11] તથા ॥ ૨૬ ॥

જાગતાં સ્મર્તૃગામી એ સૂત્રાત્મા સ્વપ્નમાં વળી ।
મૂર્છાદિમાં અમેયાત્મા[12] ઊંઘમાં અનઘાપ્રિય[13] ॥ ૨૭ ॥

રક્ષે રોગે રોગશૂન્ય ભોગે ભોગદ સર્વથા ।
સ્વાસ્થ્યે શર્મદ[14] શાન્તાત્મા સદા બ્રહ્મ દિગંબર ॥ ૨૮ ॥

---

૧. આકાશ જેવા વાળ એવા સર્વવ્યાપી ૨. સ્વેચ્છાએ ફરનાર ૩. જાતિ થી પર
૪. અચલ, શિવ સ્વરૂપ ૫. બળવાન ૬. આકાશમાં ઊડનારા પક્ષીઓ,
ભૂત પ્રેતાહિથી વિ. ૭. દુષ્ટોનો નાશ કરનારા ૮. સર્વ વ્યાઘ્રાદિથી
૯. જમીન પર વસનારા ૧૦. સર્પ એજ જેનું ઘરેણું છે એવા ૧૧. આફતમાં
૧૨. અમાપ સ્વરૂપ ૧૩. માયાપતિ ૧૪. કલ્યાણ કરનારા

દુર્ભિક્ષે અન્નપૂર્ણેશ સુભિક્ષે સકલાર્તિહા[૧૫] ।
સૂતકે શરણત્રાતા મંગલે મોદદાયક[૧૬] ॥ ૨૯ ॥

રક્ષે સદા સિદ્ધરાજ સર્વત્ર સર્વથા સુધી ।
દોષો બધા કરી માફ યથા માતા સ્તનંધય[૧૭] ॥ ૩૦ ॥

દત્તરક્ષા પઢે જે કો સ્તોત્ર ભોગાપવર્ગદ[૧૮] ।
ત્રિકાળે એક કાળે વા ભય તેને નહીં કહીં ॥ ૩૧ ॥

ઔદુંબર તળે બેસી પ્રાતઃકાળે પઢે નર ।
સ્હાંજે ગૃહાંગણે બેસી અથવા શયનસ્થળે ॥ ૩૨ ॥

બપોરે દેવમંદિરે શુચિર્ભૂત થઇ બધે ।
પઢતાં ભાવથી રક્ષે અત્રિવરપ્રદ સદા ॥ ૩૩ ॥

શ્રીદત્ત દત્ત કુલતારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત રિપુમારક દત્ત દત્ત ।
શ્રીદત્ત ભયહારક દત્ત દત્ત
શ્રીદત્ત મુદદાયક દત્ત દત્ત ॥ ૩૪ ॥

દત્ત દત્ત સ્મરતાં રે નિર્જને દેહ આ પડો ।
પામે તૃપ્તિ પશુ-પક્ષી મિષ્ટાન્ને દેહના યથા[૧૯] ॥ ૩૫ ॥

જે જે સ્થળે આ મન જાય મારું
તે તે સ્થળે સદ્ગુરુ રૂપં તારું ।
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે ॥ ૩૬ ॥

---

૧૫. બધા દુઃખો હરનારા ૧૬. આનંદ આપનાર ૧૭. ધાવણું બાળક
૧૮. ભુક્તિ મુક્તિ આપનાર

ઇતિ શ્રીદત્તપાદારવિંદ મિલિંદ બ્રહ્મચારિ પાંડુરંગ (રંગ અવધૂત)
મહારાજ વિરચિતં શ્રી દત્તરક્ષાસ્તોત્ર સંપૂર્ણમ્



(૮૫)

## અઘોરકષ્ટોદ્ધરણસ્તોત્રમ્ ।

શ્રીપાદ શ્રીવલ્લભ ત્વં સદૈવ
શ્રીદત્તાસ્માન્પાહિ દેવાધિદેવ ।
ભાવગ્રાહ્ય કલેશહારીન્સુકીર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૧॥

ત્વં નો માતા ત્વં પિતાઽઽપ્તોઽધિપસ્ત્વં
ત્રાતા યોગક્ષેમકૃત્સદ્ગુરુસ્ત્વમ્ ।
ત્વં સર્વસ્વં નોઽપ્રભો વિશ્વમૂર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૨॥

પાપં તાપં વ્યાધિમાધિં ચ દૈન્યં
ભીતિં કલેશં ત્વં હરાશુ ત્વદન્યમ્ ।
ત્રાતારં નો વીક્ષ ઈશાસ્તજૂર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૩॥

નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા
ત્વત્તો દેવ ત્વં શરણ્યોઽકહર્તા ।
કુર્વાત્રેયાનુગ્રહં પૂર્ણરાતે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૪॥

ધર્મે પ્રીતિં સન્મતિં દેવભક્તિં
સત્સંગાપ્તિં દેહી ભુક્તિં ચ મુક્તિમ્ ।
ભાવાસક્તિં ચાખિલાનંદમૂર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૫॥

શ્લોકપંચકમેતદ્યો લોકમંગલવર્ધનમ્ ।
પ્રપઠેન્નિયતો ભક્ત્યા સ શ્રીદત્તપ્રિયો ભવેત્ ॥ ૬ ॥

# અઘોરકષ્ટોદ્ધરણસ્તોત્રમ્‌નો અર્થ :

૧. [શ્રીપાદ શ્રી વલ્લભ=હે શ્રીપાદ શ્રીવલ્લભ, ત્વં=તમે, સદૈવ=હંમેશાં જ, શ્રીદત્ત=હે શ્રીદત્ત, અસ્માન્=અમોને, અમારું, પાહિ=બચાવ, રક્ષણ કર, દેવાધિદેવ=હે દેવોના પણ દેવ, ભાવગ્રાહ્ય=ભાવ ગ્રહણ કર, કલેશહારીન્ = હે કલેશ હરનાર, સુકીર્તે = હે સત્કીર્તિવાળા, અઘોરાત્ = અઘોર, કષ્ટાત્=દુઃખમાંથી, કષ્ટમાંથી, ઉદ્ધર=ઉદ્ધાર કર, અસ્માન્ =અમોને, અમારો, નમઃ = નમસ્કાર હો, તે =તમને, આપને.]

હે શ્રીપાદ શ્રી વલ્લભ! હે શ્રી દત્ત ! હે દેવાધિદેવ ! તું સદાયે અમારું રક્ષણ કર. હે કલેશ હરનાર, હે સત્કીર્તિવાળા ! (અમારો) ભાવ ગ્રહણ કરીને (તું) અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો !

૨. [ત્વં= તમે, આપ, તું, નો=નઃ=અમારા, માતા=માતા, ત્વં= તમે, આપ, પિતા=પિતા, બાપ, આપ્તઃ=આપ્તજન, પોતાના માણસ, અધિપઃ = અધિષ્ઠાતા, ત્વં=તમે, ત્રાતા=રક્ષણ કરનાર, બચાવનાર, યોગક્ષેમકૃત=યોગ અને ક્ષેમ (સંભાળનાર) ચલાવનાર, સદ્‌ગુરુઃ=સદ્‌ગુરુ, ત્વમ્ = તમે, આપ, ત્વં=તમે, આપ, સર્વસ્વં=બધું, સર્વ, નઃ=અમારા, અપ્રભઃ=જેનો કોઈ જ પ્રભુ નથી એવા, વિશ્વમૂર્તે=વિશ્વ જેની મૂર્તિ છે તે, ભગવાન.]

તું અમારી માતા છે , તું (અમારો) પિતા છે, આપ્તજન છે, અધિષ્ઠાતા પણ તું જ છે. યોગ અને ક્ષેમ ચલાવનાર તથા રક્ષણ કરનાર સદ્‌ગુરુ પણ તું જ છે. હે વિશ્વમૂર્તિ ! તું અમારું સર્વસ્વ છે. જેનો કોઈ જ પ્રભુ નથી એવા હે (શ્રીપાદ દત્ત!), તું અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો.



૩. [પાપં=પાપ, તાપં=તાપ, વ્યાધિં=માનસિક પીડા, આધિં=આધિ, રોગ, ચ=અને, દૈન્યં=દૈન્ય(ગરીબાઈ), ભીતિં=ભીતિ, બીક, કલેશં=કલેશ, ત્વં=તું, હરાશુ=જલદી (આશુ) હરી લે (હર), દૂર કર, ત્વત્ =તારા જેવો, તારા વિના, અન્યમ્=બીજો કોઈ, ત્રાતારં=રક્ષણ કરનાર, નઃ=અમારો, વીક્ષ=જો, ઈશાસ્તજૂર્તે = જેનું ઘડપણ (જુર્તિ) અસ્ત પામ્યું છે તે ઈશ, અજર.]

પાપ, તાપ, માનસિક પીડા, રોગ, દૈન્ય, ભીતિ, કલેશને તું જલદીથી દૂર કર. તારા વિના (હે ઈશ!) અમારો બીજો કોઈ રક્ષક નથી. જેને જીર્ણ અવસ્થા નથી તેવા હે ઈશ ! (તું) અમારા તરફ જો અને અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો.

(૪) [ન = નથી, અન્યઃ=બીજો, ત્રાતા=રક્ષણ કરનાર, બચાવનાર, ન=નહિ, અપિ=પણ, દાતા=દેનાર, દાતા, ન=નહિ, ભર્તા=સ્વામી, (ભરણપોષણ કરનાર), ત્વત્તઃ =તારાથી, દેવ=દેવ, ત્વં=તમે, શરણ્યઃ= શરણલેવાને યોગ્ય, અકહર્તા = દુઃખ(અક)હરનાર, કુરુ=કરો, આત્રેય =અત્રિમુનીના પુત્ર, દત્તપ્રભુ, અનુગ્રહં=કૃપા, પૂર્ણરાતે = પૂર્ણદાન આપનાર (જાત આપી દેનાર).]

તારા વિના બીજો કોઈ તારક નથી, દાતા અને સ્વામી પણ નથી. હે દેવ ! તું જ શરણ્ય છે અને પાપને હરનાર છે. હે આત્રેય (દત્ત)! કૃપા કર અને હે પૂર્ણરાતે ! અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. તમને નમસ્કાર હો !

૫. [ધર્મે=ધર્મમાં, પ્રીતિં=પ્રીતિ, સન્મતિં =સારી મતિ, દેવભક્તિં=દેવની ભક્તિ, સત્સંગાપ્તિં =સત્સંગની પ્રાપ્તિ, દેહી=આપો, ભુક્તિં=દુન્યવી ભોગો, ચ=અને, મુક્તિં=મુક્તિ, ભાવાસક્તિં = ભાવની આસક્તિ, ચ = અને, અખિલ આનંદમૂર્તે = અખિલ આનંદની મૂર્તિ.]

ધર્મમાં પ્રીતિ, સન્મતિ, દેવની ભક્તિ, સત્સંગની પ્રાપ્તિ, ભુક્તિ અને મુક્તિ આપ. હે અખિલ આનંદની મૂર્તિ ! !(અમને) ભાવની આસક્તિ આપ અને અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો.

૬. [શ્લોકપંચકમ્ = પાંચશ્લોક, એતત્=આ, યઃ=જે, લોકમંગલ = લોકોનું મંગલ, વર્ધનમ્=વધારનાર, પ્રપઠેત્=પાઠકરશે, નિયતઃ=સંયત થઈને. ભકત્યા= ભક્તિપૂર્વક, સઃ=તે, શ્રીદત્ત પ્રિયઃ=શ્રીદત્ત ભગવાનને પ્રિય, ભવેત્ = થશે.]

લોકોના મંગળને વધારનારા આ પાંચ શ્લોકોનો જે સંયત થઈને ભક્તિપૂર્વક પાઠ કરશે (કરે છે) તે દત્ત ભગવાનને પ્રિય થશે. (પ્રિય થાય છે.)

- અઘોર = અતિ ઘોર (જેમ કે લોક અને અલોપ)
- યોગક્ષેમ = ન હોય તે મેળવવું તે યોગ અને મેળવેલું સાચવવું તે ક્ષેમ
- પોતાનું નહિ, પણ લોકોનું મંગલ વધે એવી પ્રાર્થના છે.



(૮૬)

## ક્ષમાપનમ્ ।

રસજ્ઞાવશાત્ તારકં સ્વાદુલભ્યં
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥ ૧ ॥

વિયોન્યંતરે દૈવ દાઢર્યાદ્વિભો પ્રાગ્
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો કિલન્નચિત્ત ॥ ૨ ॥

મયા માતૃગર્ભસ્થિતિ પ્રાપ્ત કષ્ટાદ્
ગૃહિતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં......................... ॥ ૩ ॥

મયા જાતમાત્રેણ સંમોહિતેન
ગૃહિતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં......................... ॥ ૪ ॥

મયા ક્રીડનાસકતચિત્તોન બાલ્યે
ગૃહિતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં......................... ॥ ૫ ॥

મયા યૌવનેડજ્ઞાનતો ભોગતોષાદ્
ગૃહિતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં......................... ॥ ૬ ॥

મયા સ્થાવિરે નિઘ્ન સર્વેન્દ્રિયેણ
ગૃહિતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં........................ ॥ ૭ ॥

હૃષીકેશ મે વાઙ્મન કાયજાતં
હરે જ્ઞાનતોઽજ્ઞાનતો વિશ્વસાક્ષિન્ ।
ક્ષમસ્વાપરાધં......................... ॥ ૮ ॥

સ્મૃતો ધ્યાત આવાહિતોઽસ્યર્ચિતો વા
ન ગીતઃ સ્તુતો વંદિતો વા ન જપ્તઃ ।
ક્ષમસ્વાપરાધં......................... ॥ ૯ ॥

દયાબ્ધિર્ભવાદૃઙ્ન સાગાશ્ચ માદૃગ્
ભવત્યાપ્તમંતોર્ભવાન્મે શરણ્યઃ ।
યથાઽઽલંબનં ભૂર્હિ ભૂનિઃસૃતાંઙ્ઘ્રે -
રીતિ પ્રાર્થિતં દત્તશિષ્યેણ સારમ્ ॥ ૧૦ ॥

ઈતિ શ્રી પ.પ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ વિરચિતં દત્તાપરાધક્ષમાપન સ્તોત્રં સંપૂર્ણ।



## ક્ષમાપનમ્નો અર્થ :

૧. [રસજ્ઞા =જીભ, વશાત્=વશ થવાથી, તારકં=તારક, તારનારું, સ્વાદુલભ્યં=સ્વાદિષ્ટ, ગૃહીતં=લીધું, કદાચિત્ =કદાચ, ન=નહિ, તે=(તવ)તારું, નામ=નામ, દત્ત=હેદત્ત! ક્ષમસ્વ=ક્ષમા કરો, અપરાધં=અપરાધ, ગુનો, પ્રભો!=હે પ્રભુ, ક્લિન્નચિત્ત=દયાભીના ચિત્તવાળા.]

જીભને વશ થવાથી સ્વાદિષ્ટ અને તારક તારું નામ હે દત્ત પ્રભુ! જો કદાચ મેં ન લીધું હોય તો હે દયાર્દ્ર ચિત્તવાળા! તમે મારો અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો.

૨. [વિયોન્યંતરે = જુદી જુદી અનેક યોનીઓમાં, દૈવદાઢર્યાત્=દૈવવશાત્, વિભો=હે વિભુ, પ્રાગ્ =પૂર્વના.]

હે વિભુ ! પૂર્વે દૈવવશ જુદી જુદી યોનીઓમાં મેં તારું નામ કદાચ ન લીધું હોય તો હે દયાભીના ચિત્તવાળા ! મારો અપરાધ માફ કરો, અપરાધ માફ કરો, અપરાધ માફ કરો.

૩. [મયા=મારાથી, મેં, માતૃગર્ભ સ્થિતિ=માતાના ગર્ભમાં રહેવાની સ્થિતિ, પ્રાપ્ત કષ્ટાત્ = પ્રાપ્ત થયેલા (મળેલા) દુઃખથી]

હે દત્ત ! માતાના ગર્ભમાં રહેવાથી પ્રાપ્ત થયેલા કષ્ટને કારણે મેં કદાચ તારું નામ ન લીધું હોય તો હે દયાળુ ચિત્તવાળા ! તું મારો અપરાધ માફ કર, માફ કર, માફ કર.

૪. [મયા=મારાથી, મેં = જાતમાત્રેણ = જન્મતાંજ, સંમોહિતેન મોહવશ]

મેં જન્મતાં જ મોહવશ હે પ્રભુ, જો કદાચ આપનું નામ ન લીધું હોય તો આપ મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો.

૫. [મયા=મારાથી, મેં, ક્રીડનાસક્તચિત્તેન=રમતમાં આસક્ત ચિત્તને કારણે, બાલ્યે=બાળપણમાં]

હે દત્ત પ્રભુ! બાળપણમાં રમવામાં જ આસક્ત ચિત્તને કારણે મેં આપનું નામ કદાચિત ન લીધું હોય તો હે દયાભીના ચિત્તવાળા! મારો અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો.

૬. [મયા=મારાથી, મેં, યૌવને=યુવાનીમાં, અજ્ઞાનતઃ = અજ્ઞાનતાથી, ભોગતોષાદ્ = ભોગમાં જ સંતોષ માનીને.]

હે દત્ત ! મેં યુવાનીમાં અજ્ઞાનતાને કારણે ભોગમાં જ સંતોષ માનીને કદાચ તારું નામ ન લીધું હોય તો હે દયાળુ ચિત્તવાળા ! મારો અપરાધ માફ કરો. (૩).

૭. [મયા = મારાથી, મેં, સ્થાવિરે = ઘડપણમાં, નિઘ્ન = શિથિલ, પરવશ, સર્વેન્દ્રિયેણ = સર્વ ઈંદ્રિયોથી.]

હે દત્ત ! મેં ઘડપણમાં બધી ઈંદ્રિયો શિથિલ થવાથી કદાચિત તારું નામ ન લીધું હોય તો હે દયાર્દ્ર ચિત્તવાળા ! મારો અપરાધ માફ કરો (૩).

૮. [હૃષિકેશ = હે હૃષિકેશ ! (હૃષિક = ઈન્દ્રિય, ઈશ = સ્વામી, ભગવાન કૃષ્ણ.) મે = મારા, વાક્ = વાણી, મનઃ = મન, કાય = શરીર, જાતં = થયેલા, હરે = હે હરિ ! જ્ઞાનતઃ = જાણીને, અજ્ઞાનતઃ = અજાણતામાં, વિશ્વસાક્ષિન્ = હે વિશ્વસાક્ષી.]

હે હૃષિકેશ ! મારા વાણી, મન અને કાયાથી જાણે અજાણે થયેલા - (જન્મેલા) અપરાધોને હે વિશ્વસાક્ષી ! ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો.

૯. [સ્મૃતઃ = સ્મરણ, ધ્યાત્ = ધ્યાન, આવાહિતઃ = આવાહન, અસ્ય = એનું, અર્ચિતઃ = અર્ચન, વા = અથવા, ન = નહિ, ગીતઃ = ગાન, સ્તુતઃ = સ્તુતિ, વંદિતઃ = વંદન, વા = અથવા, ન = નહિ, જપ્તઃ = જપ.]



મેં આપનું સ્મરણ, ધ્યાન, આવાહન, અર્ચન, ગાન, સ્તુતિ, વંદન અથવા જપ કર્યા નથી. તો હે દયાભીના ચિત્તવાળા ! મારા અપરાધ માફ કરો. (૩)

૧૦. [દયાબ્ધિ = દયાના સાગર, ભવાદૃગ્ = આપના જેવો, ન = નથી, સાગાઃ = પાપી, ચ = અને માદૃગ્ = મારા જેવો, ભવતિ = થયેલો, આપ્તમંતઃ = આપનામાંથી, ભવાન્ = આપ, મે = મારું, શરણ્યઃ = શરણ, યથા = જેમ, આલંબનં = આધાર, ટેકો, ભૂઃ=પૃથ્વી, હિ = ખરેખર, ભૂઃ = પૃથ્વી, નિઃસૃતાંઘ્રેઃ = ડગમગતા પગ, ઈતિ = એમ, પ્રાર્થિતં = પ્રાર્થના કરી છે, દત્ત શિષ્યેણ = દત્તના શિષ્ય દ્વારા (સ્વામી મહારાજે), સારમ્ = અદ્દભુત.]

આપના જેવો (બીજો કોઈ) દયાનો સાગર નથી અને મારા જેવો (કોઈ) પાપી નથી. આપનામાંથી થએલાં એવાં મારું આપ જ શરણ છો - જેમ ભૂમિ પર ડગમગતા પગ ભૂમિ ઉપર જ સ્થિર થાય છે તેમ. આ રીતે દત્ત શિષ્યે આપની અદ્દભુત પ્રાર્થના કરી છે.

•

(૮૭)

ૐ

શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ।
શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્।

## સાયં પ્રાર્થના

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ
દ્વંદ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતમ્
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥

નમો ગુરુભ્યો ગુરુપાદુકાભ્યો, નમઃ પરેભ્યઃ પરપાદુકાભ્યઃ । ...૧
આચાર્યસિદ્ધેશ્વર-પાદુકાભ્યો, નમોઽસ્તુ લક્ષ્મીપતિપાદુકાભ્યઃ॥

નમો બ્રહ્માદિભ્યો બ્રહ્મવિદ્યાસંપ્રદાયકર્તૃભ્યો । ...૨
નમો વંશઋષિભ્યો નમો વાસુદેવાનંદેભ્યઃ ॥

આનંદમાનંદકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્ । ...૩
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં શ્રીસદ્‌ગુરું નિત્યમહં નમામિ ॥

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્ ...૪
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતમ્
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

જય જય ગુરુ મહારાજ ગુરુ, જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ ...૫

•



(૮૮)

## દત્તસાયંસ્મરણમ્ ।

સાયં સ્મરામિ સ્મરણાતિગમાત્મદેવ–
માન્દસાગરમપારમનન્તવીર્યમ્ ।
વાઙ્માનસાતિગગુરું વિષયાતિદૂરં
વાક્‌શક્તિદં શમવતાં શરણં વરેણ્યમ્ ॥ ૧ ॥

યો નિર્ગુણોઽપિ વિમલોઽપિ નિરીહ આત્મા
ભક્તાનુકમ્પનધિયા સગુણો બભૂવ ।
તં યોગિરાજમવધૂતદિગમ્બરાખ્યં
દત્તાહ્વયં સતતમાત્મનિ સંસ્મરામિ ॥ ૨ ॥

અધ્યસ્તમેતદખિલં જગદેવ યસ્મિં-
શ્ચિત્રં પટે જલનિધાવિવ વીચયશ્ચ ।
સર્પિર્યથા પયસિ દારુણી વહ્નિરેવ
ગૂઢશ્ચરાચરચયે નિપુણૈઃ સુલક્ષ્યઃ ॥ ૩ ॥

એકો બભૂવ ભજતામભિલાષ સિદ્ધયૈ
યોઽનેકરૂપ ઈનચન્દ્રગણેશબ્રહ્મ ।
વિષ્ણવીશ શક્તિ પ્રમુખૈરિહ ભૂરીરૂપૈ -
સ્તં જ્યોતિષાં પ્રવરજ્યોતિરહં નમામિ ॥ ૪ ॥

ગાયન્તિ ભક્તનિવહા ગદલશ્રુ સાયં
ધ્યાનેન નિશ્ચલદશા હ્યવલોકયન્તિ ।
તં ધૂલી ધૂસરતનું ધૃતભક્તભારં
ભાસ્વન્તમાત્મનિ સદા સતતં નતોડસ્મિ ॥ ૫ ॥
માડડલસ્યમાતનુ સખે ત્વિહ ચિત્ત મૂઢ
ત્વં ચિન્તયાત્રિતનુજં તરણે મતિશ્ચેત્ ।
પ્રાણપ્રયાણસમયે શરણં સ એવ
નાન્યે ચ કેડહ્યુદિતસૂર્ય પ્રપૂજકાસ્તે ॥ ૬ ॥

શ્લોકષટ્કમિદં પુણ્યં રચિતં રઙ્ગપાણ્ડુના ।
યઃ પઠેત્ ભકિતતઃ સાયં તસ્ય દોષા સુખાવહા ॥ ૭ ॥

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદ બ્રહ્મચારી પાણ્ડુરઙ્ગ (રઙ્ગ અવધૂત) મહારાજ વિરચિતં દત્તસાયંસ્મરણં સમ્પૂર્ણમ્ ।



# દત્તસાયંસ્મરણમ્નો અર્થ :

૧. [સાયં=સાયંકાલે, સંધ્યાકાળે, સ્મરામિ=યાદ કરું છું, ચિંતન કરું છું, સ્મરણાતિગમ્= સ્મરણથી પર, ચિંતન કરવા છતાં ખ્યાલ ન આવે એવું, આત્મદેવમ્=આત્મસ્વરૂપે પ્રકાશનાર, આનન્દસાગરમ્=આનંદના સાગર સ્વરૂપ, અપારમ્=અપાર, પાર ન પામી શકાય એવા, અનન્તવીર્યમ્ =અનંત શક્તિવાળા, વાઙ્માનસાતિગ= વાણી અને મનથી પર, વાણી અને મન જેને પહોંચી શકતા નથી એવાં. ગુરું=ગુરુ, દત્તપ્રભુ. વિષયાતિદૂરં=વિષયથી અતિ દૂર. વાક્શક્તિદં=વાક્શક્તિ આપનાર, શમવતાં =મનોનિગ્રહ કરનારાઓનું, શરણં=શરણ, વરેણ્યં=શ્રેષ્ઠ.]

મન કેટલુંય ચિંતન કરે છે છતાં જેનો પૂરેપૂરો ખ્યાલ આવી શકતો નથી, જેનો કોઈ પાર પામી શકતું નથી અને જેની શક્તિનો તાગ કે છેડો નથી, એવા આનંદના સાગરસ્વરૂપ, વાણી અને મન જેને પહોંચી શકતા નથી, જે વાક્શક્તિ આપે છે અને મનોનિગ્રહ કરાનારા પુરુષનું જે શ્રેષ્ઠ અવલંબન છે, એવા પ્રાણીમાત્રના આત્મસ્વરૂપે પ્રકાશનાર અને તેમનો અજ્ઞાન અંધકાર દૂર કરનાર દત્તપ્રભુનું હું સાંયકાળે ચિંતન કરું છું.

૨. [યઃ=જે, નિર્ગુણઃ=નિર્ગુણ છે, અપિ=છતાં પણ, વિમલઃ=મળ વગરના, નિર્મળ. અપિ=પણ, નિરીહ=ઈચ્છા વગરના, આત્મા=પરમાત્મા, ભક્તાનુકમ્પનધિયા=ભક્ત ઉપર અનુગ્રહ કરવા માટે જ. સગુણઃ = સગુણ (સ્વરૂપે), બભૂવ=પ્રગટયો, થયો, તં= તે, યોગિરાજમ્ = યોગિરાજને, અવધૂતદિગંબરાખ્યં=અવધૂત દિગંબર નામથી, દત્તાહ્વયં=દત્ત તરીકે ઓળખાતાં, સતતમ્=સતત, હંમેશાં. આત્મનિ=અંતઃકરણમાં, સંસ્મરામિ=સ્મરણ કરું છું, યાદ કરું છું.]

જે પરમાત્મા નિર્ગુણ છે, નિર્મળ છે, જેને કોઈ પણ જાતની ઈચ્છા નથી (અને) છતાં કેવળ ભક્તો ઉપર અનુગ્રહ કરવા માટે જ સગુણ સ્વરૂપે પ્રગટ થાય છે એવા અવધૂત દિગંબર દત્ત નામથી ઓળખાતા યોગિરાજને મારા અંતઃકરણમાં હું સતત યાદ કરું છું.

૩. [અધ્યસ્તમ્=આરોપિત, ભાસમાત્ર, એતદ્=આ, અખિલં=અખિલ, જગદેવ=જગત માત્ર, યસ્મિન્ =જેમાં, ચિત્રં = ચિત્ર, પટે =કપડા ઉપર, જલનિધૌ= સમુદ્રમાં, ઈવ=જેમ, વીચયઃ= મોજાં, ચ=અને, સર્પિઃ=ઘી, યથા=જેમ, પયસિ=દૂધમાં, દારુણી = લાકડામાં, વહ્નિઃ = અગ્નિ, એવ=માફક, તે રીતે, ગૂઢઃ=ગૂઢ, ગહન, ચરાચરચયે=ચેતન (ચર) અને જડ (અચર)ના સમૂહમાં, નિપુણૈઃ=સૂક્ષ્મ દષ્ટિવાળાઓથી, નિપુણતા ધરાવનારાઓથી, સુલક્ષ્યઃ=સારી રીતે જોઇ શકાય છે.]

જેવી રીતે કપડાં ઉપર ચિત્ર, સમુદ્રમાં મોજાં, દૂધમાં ઘી અને લાકડામાં અગ્નિ રહેલો છે, તેવી જ રીતે આ આખું જગત જેની અંદર આમ બાહ્ય દષ્ટિએ ગૂઢ હોવા છતાં (રહેલું છે અને) સૂક્ષ્મ દષ્ટિવાળાઓ જેને સારી રીતે જોઇ શકે છે તેનું હું સતત ચિંતન કરું છું.

૪.[એકઃ=એક (હોવા છતાં), બભૂવ =થયો, પ્રગટ્યો, ભજતામ્ = ભજનારની, અભિલાષસિદ્ધયૈઃ=અભિલાષા પૂરી કરવા માટે, યઃ=જે, અનેકરૂપ = અનેકરૂપ, ઈન=સૂર્ય, ચન્દ્ર = ચંદ્ર, ગણેશ= ગણપતિ, બ્રહ્મ=બ્રહ્મા, વિષ્ણુ=વિષ્ણુ, ઈશ =શંકર, શક્તિઃ=શક્તિ, પ્રમુખૈઃ = વગેરે વગેરે, ઇહ=અહીં, ભૂરીરૂપૈઃ=અનેક રૂપે, તં=તે, જયોતિષાં=પ્રકાશનારને, પ્રવરજ્યોતિઃ= શ્રેષ્ઠ જ્યોતિસ્વરૂપ, અહં=હું, નમામિ =નમન કરું છું.]

જે એક હોવા છતાં (તે તે સ્વરૂપે ) ભજનારની ઈચ્છા પૂરી કરવા માટે સૂર્ય, ચંદ્ર, ગણપતિ, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, શક્તિ, વગેરે વગેરે, અનેકરૂપે થયો તે અગ્નિ-સૂર્યાદિ પ્રકાશોને પણ પ્રકાશ આપનાર શ્રેષ્ઠ જ્યોતિસ્વરૂપને હું નમન કરું છું.

૫. [ગાયન્તિ=ગાય છે, ભક્તનિવહા= ભક્તોનો સમૂહ, ગદલશ્રુ =આંસુ સારતાં, ભાવભીની આંખે. સાયં=સાયંકાળે, ધ્યાનેન=ધ્યાનથી, નિશ્ચલદશા= સ્થિરદષ્ટિથી, હિ=ખરેખર, અવલોકયન્તિ=જુએ છે, તં=તે, ધૂલિ=ધૂળ, ધૂસર=ખરડાયલું,



તનું=શરીરને, ધૃતભક્તભારં=ભક્તોનો ભાર વહન કરનારને (સઘળી ચિન્તા વહન કરનારને ), ભાસ્વન્તમ્ = પ્રકાશમાન, આત્મનિ=અંતઃકરણમાં, સદા=હંમેશાં, સતતં=સતત, નતઃ=નમેલો, ઢળી પડેલો, અસ્મિ=છું.]

ભાવભીની આંખે ભક્તજનો જેનું સાયંકાળે ગાન કરે છે, અને સ્થિરદષ્ટિથી ધ્યાન ધરે છે, એ ભક્તોની સર્વ ચિંતા વહન કરનાર, ધૂળથી અલંકૃત શરીરવાળા (ધૂળથી ખરડાયેલા શરીરવાળા), પ્રાણીમાત્રના અંતઃકરણમાં પ્રકાશમાન પરમાત્મસ્વરૂપ આગળ હું હંમેશા ઢળી પડું છું.

૬. [મા=નહિ, આલસ્યમ્=આળસ, આતનુ=વિસ્તાર કરવો, સખે=હે મિત્ર, તુ=તો, ઇહ=અહીં, ચિત્તમૂઢ=હે મૂઢ ચિત્ત, ત્વં=તું, ચિન્તય=ચિંતન કર, અત્રિતનુજં=અત્રિના પુત્ર, દત્ત, તરણે=તરવા માટે, મતિઃ=બુદ્ધિ, ચેત્=જો, પ્રાણપ્રયાણસમયે = પ્રાણ જવાના સમયે, શરણં=શરણ, સઃ=તે, એવ=જ, નાન્યે =બીજો નહિ (ન+અન્યે), ચ=અને, કે=કોણ, હિ=કારણકે, ઉદિતસૂર્ય=ઊગતા સૂર્યને, પ્રપૂજકા :=પૂજનારાઓ, તે = તેઓ.]

હે મિત્ર, મૂઢ ચિત્ત ! જો તારે (ભવસાગરમાંથી) પાર ઉતરવું જ હોય તો તું આ કામમાં આળસ તો કરીશ જ નહિ. અત્રિનંદન ભગવાન દત્તનું ચિંતન કર, કારણકે પ્રાણ જવાના સમયે એ એક જ તારો આશરો છે. ઊગતા સૂર્યને પૂજનારા બીજા કોઇ તે વખતે કામ નહીં લાગે.

૭. [શ્લોકષટ્કમ્=છ શ્લોકનો, ઈદં= આ, પુણ્યં= પવિત્ર, પુણ્યદાયી, રચિતં રઙ્ગપાણ્ડુના =પાંડુરંગ (મહારાજ) દ્વારા રચિત, યઃ=જે, પઠેત્=પાઠ કરશે, ભક્તિતઃ=ભક્તિથી, સાયં=સાયંકાળે, તસ્ય=તેની, દોષાઃ=રાત્રી, સુખાવહા=સુખમાં પસાર થશે, સુખાળી થશે.]

શ્રી પાંડુરંગ મહારાજ વિરચિત આ પવિત્ર છ શ્લોકનો જે સાયંકાળે (સંકટસમયે ) પાઠ કરશે તેની રાત્રી સુખમાં પસાર થશે.

•

(૮૯)

## કરૂણાત્રિપદી ॥૧॥

શાંત હો શ્રી ગુરુદત્તા મમ ચિત્તા શમવીં આતા... ॥ધ્રુ॥
તૂં કેવળ માતા જનિતા, સર્વથા તૂં હિતકર્તા
તૂં આપ્તસ્વજન ભ્રાતા, સર્વથા તૂંચિ ત્રાતા
ભયકર્તા તૂં ભયહર્તા, દંડધર્તા તૂં પરિપાતા
તુજ વાંચુનિ ન દુજી વાર્તા તૂં આર્તા-આશ્રયદાત્તા...શાંત હો ॥૧॥

અપરાધાસ્તવ ગુરૂનાથા, જરિ દંડા ધરિસિ યથાર્થા,
તરી આમ્હીં ગાઉની ગાથા, તવ ચરણીં નમવૂં માથા
તૂં તથાપી દંડિસી દેવા, કોણાચા મગ કરું ધાંવા
સોંડવિતા દૂસરા તેંવ્હાં, કોણ દત્તા આમ્હાં ત્રાતા...શાંત હો ॥૨॥

તૂં નટસા હોઉની કોપી, દંડિતાહીં આમ્હી પાપી;
પુનરપિહી ચુકતાં તથાપિ, આમ્હાંવરી નચ સંતાપી,
ગચ્છતઃ સ્ખલનં કવાપિ, અસેં માનુની નચ હો કોપી,
નિજકૃપા લેશા ઓપીં આમ્હાં વરી તૂં ભગવંતા...શાંત હો ॥૩॥

તવ પદરીં અસતાં તાતા, આડમાર્ગી પાઉલ પડતાં,
સાંભાળૂની માર્ગાવરતા, આણિતા ન દુજા ત્રાતા,
નિજ બિરુદા આણુની ચિત્તા, તૂં પતિતપાવન દત્તા
વળે આતા આમ્હાં વરતા, કરૂણાઘન તૂં ગુરુનાથા...શાંત હો ॥૪॥

સહકુટુંબ સહપરિવાર દાસ આમ્હીં હે ઘરદાર,
તવ પદીં અર્પું અસાર સંસારાહિત હા ભાર,
પરિહરિસી કરુણાસિંધો, તૂં દીનાનાથ સુબંધો,
આમ્હાં અઘલેશ ન બાધો, વાસુદેવ પ્રાર્થિત દત્તા...શાંત હો ॥૫॥



## કરૂણાત્રિપદી ॥૨॥

શ્રી ગુરૂદત્તા જય ભગવંતા, તેં મન નિષ્ઠુર ન કરી આતાં...॥ધ્રુ॥
ચોરેં દ્વિજાસી મારિતા મન જે, કળકળલેં તેં કળકળો આતાં...શ્રી ગુરૂદત્તા...૧
પોટશુળાનેં દ્વિજ તડફડતાં, કળકળલે તે કળકળો આતાં...શ્રી ગુરૂદત્તા...૨
દ્વિજસુત મરતાં વળલેં તેં મન, હોકીં ઉદાસીન ન વળે આતાં...શ્રી ગુરૂદત્તા...૩
સતીપતિ મરતાં કાકુળતી યેતાં, વળલેં તેં મન ન વળેકીં આતાં શ્રી ગુરૂદત્તા...૪
શ્રી ગુરૂદત્તા ત્યજીં નિષ્ઠુરતા, કોમળ ચિત્તા વળવીં આતાં...શ્રી ગુરૂદત્તા...૫

## કરૂણાત્રિપદી ॥૩॥

જય કરુણાઘન નિજ જનજીવન, અનુસૂયાનંદન પાહિ જનાર્દન ॥ધ્રુ॥
નિજ અપરાધેં ઊફરાટી દ્રષ્ટિ, હોઊની પોટીં ભય ધરું પાવન ॥૧॥
જયકરુણાઘન...
તૂં કરૂણાકર કધીં આમ્હાં વર, રુસસી ન કિંકરવરદ કૃપાઘન ॥૨॥
જયકરુણાઘન...
વારીં અપરાધ તૂં માયબાપ, તવ મનીં કોપ લેશ ન વામન ॥૩॥
જયકરુણાઘન...
બાલકાપરાધાં ગણે જરી માતા, તરી કોણ ત્રાતા દેઈલ જીવન ॥૪॥
જયકરુણાઘન...
પ્રાર્થી વાસુદેવ પદીં ઠેવી ભાવ, પદીં દેવો ઠાવ દેવ અત્રિનંદન ॥૫॥
જયકરુણાઘન...

**ધૂન**

**પાવના દત્તા પતિતપાવના દત્તા**
**પાવના દત્તા પતિતપાવના દત્તા**
**॥ અવધૂતચિંતન શ્રીગુરૂદેવદત્ત ॥**

## (૯૦)

# વંદન

માલાકમંડલુરધઃ કરપદ્મયુગ્મે ।
મધ્યસ્થપાણિયુગલે ડમરુત્રિશૂલે
યસ્યસ્થ ઊર્ધ્વકરયોઃ શુભશંખચક્રે
વંદે તમત્રિવરદં ભુજષટ્કયુક્તમ્ ॥૧॥

કાષાયવાસસમજં કમલાક્ષમેકં ।
માલાકમંડલુધરં રમણીય લીલમ્
ગોશ્વાનક્રીડનપરં નિગમાન્તકેલિં
દેવત્રયાત્મકમહં સતતં નતોઽસ્મિ ॥૨॥

ઔદુંબરઃ કલ્પવૃક્ષઃ સંગમઃ કામદાયકઃ ।
ચિંતામણિર્ગુરોઃ પાદૌ દુર્લભં ભુવનત્રયે ॥૩॥

કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનંદનઃ ।
દ્વાપરે રામ-કૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભઃ ॥૪॥

જે જે સ્થળે આ મન જાય મારું ।
તે તે સ્થળે સદ્ગુરુ રૂપ તારું
જયાં જયાં મૂકું મસ્તક હું ગુરો હે
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે ॥૫॥

અવધૂત ચિંતન શ્રી ગુરુદેવદત્ત
શ્રીમત પરમ સદ્‌ગુરુ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ કી જય ।
ભગવતી રુક્‌મામ્બા માતકી જય ।
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજકી જય ।
ગુરુદેવ દત્ત ! ગુરુદેવ દત્ત !! ગુરુદેવ દત્ત !!! નર્મદે હર !
ૐ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર



## વંદનનો અર્થ :

૧. [માલાકમંડલુઃ = માળા અને કમંડળ, અધઃ = નીચેના, કરપદ્મ = કરકમળ, યુગ્મે = બે, જોડકાં, મધ્યસ્થ = વચ્ચેના, પાણી = હાથ, યુગલે = બે, ડમરુ ત્રિશૂલે = ડમરુ અને ત્રિશૂળ, યસ્ય = જેના, સ્ત = છે (અસ્તિ, સ્તઃ સન્તિ), ઊર્ધ્વકરયોઃ = ઉપરના બે હાથમાં, શુભશંખચક્રે = મંગલ શંખ અને ચક્ર છે, વંદે = (હું) વંદન કરું છું, તમ્ = તે, અત્રિવરંદ = અત્રિને વરદાન આપનાર (દત્ત ભગવાન)ને, ભુજ ષટ્કયુક્તમ્ = છ હાથવાળા]

જેના નીચેના બે હાથમાં માળા અને કમંડળ છે, વચ્ચેના બે હાથમાં ડમરુ અને ત્રિશૂલ છે અને ઉપરના બે હાથમાં મંગલકારી શંખ અને ચક્ર છે એવા છ હાથવાળા અને અત્રિને વરદાન આપનાર તે (દત્ત) ને હું વંદન કરું છું.

૨. [કાષાય = ભગવા રંગના, વાસસમ્ = વસ્ત્ર, અજં = અજ-અજન્મા, કમલાક્ષમ્ = કમળ જેવી આંખવાળા, એકં = એક, માલાકમંડલુધરં = માળા અને કમંડળુ ધારણ કરનાર, રમણીય લીલમ્ = રમણીય લીલા કરનાર, ગો = ગાય, શ્વાન = કૂતરો, ક્રીડન પરં = ક્રીડા કરનાર, નિગમાન્તકેલીં = વેદો સાથે રમત રમનાર, દેવત્રયાત્મકમ્ = ત્રિદેવરૂપ દત્તાત્રેય ભગવાનને, અહં = હું, સતતં = સતત, નતોઽસ્મિ = નમન કરું છું, પ્રણામ કરું છું.]

ભગવા વસ્ત્રવાળા, કમળ જેવી આંખવાળા, (હાથમાં) માળા અને કમંડળ ધારણ કરનારા, સુંદર (રમણીય) લીલા કરનારા, વેદો સાથે રમત રમનારા એવા દત્તાત્રેય ભગવાનને હું સતત નમન કરું છું.

૩. [ઔદુંબરઃ કલ્પવૃક્ષ = ઔદુંબર એ કલ્પવૃક્ષ છે, સંગમઃ કામદાયકઃ = સંગમ, (કૃષ્ણા અને વેણી નદીનો) ઈચ્છિત ફળ આપનારો છે. ચિંતામણિગુરોઃ પાદૌ = ગુરુના બન્ને પગ ચિંતામણી છે. દુર્લભં ત્રિભુવનત્રયે = ત્રણે ભુવનમાં મળવા મુશ્કેલ છે.]

ઔદુંબર કલ્પવૃક્ષ છે, સંગમ ઈચ્છિત ફળ આપનાર છે, ગુરુના ચરણ ચિંતામણી છે. આ (ત્રણે) ત્રિભુવનમાં મળવા મુશ્કેલ છે.

૪. [કૃતે = સત્યયુગમાં, જનાર્દન = જનાર્દન સ્વામી (એકનાથના ગુરુ), દેવઃ = દેવ, ઈશ્વર, ત્રેતાયાં = ત્રેતાયુગમાં, રઘુનંદનઃ = રામચંદ્ર ભગવાન, દ્વાપરે = દ્વાપર યુગમાં, રામ-કૃષ્ણૌ ચ = રામ (બલરામ) તથા કૃષ્ણ, ચ = અને, કલૌ = કલિયુગમાં, શ્રીપાદવલ્લભઃ = શ્રીપાદવલ્લભ.]

સત્યયુગમાં જનાર્દન સ્વામી, ત્રેતાયુગમાં રામચંદ્ર, દ્વાપરમાં બલરામ તથા શ્રીકૃષ્ણ અને કળિયુગમાં શ્રીપાદવલ્લભ ભગવાન છે.

•

આ સ્તોત્રમાં પહેલી લીટીમાં માલાકમંડલુરધઃ છે. જ્યારે બીજા શ્લોકની બીજી લીટીમાં માલાકમંડલુધરં છે. માલાકમંડલુરધઃ એટલે માલાકમંડલુઃ + અધઃ. અધઃ = નીચેના. જ્યારે માલાકમંડલુધરં એટલે માલાકમંડલને ધારણ કરનાર.

ત્રેતાયાં રઘુનંદન છે. પછી દ્વાપરે રામકૃષ્ણૌમાં રામ એટલે બલરામ સમજવાનું છે.



(૯૧)

## दत्तप्रणतिः

યસ્મિન્નોતં પ્રોતમશેષં જગદેતદ્
યજ્જં યત્સ્થં ચાન્તે યસ્મિંલ્લયમેતિ ।
વાચાઽગમ્યં વેદનરુપં ત્રિગુણેશં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧ ॥

જેમાં આ જગત સંપૂર્ણપણે ઓતપ્રોત છે, જેમાંથી જન્મેલું છે, જેમાં સ્થિત છે અને અંતે જેમાં લય પામે છે તે હૃદયમાં સ્થિત, વાણીથી પર, જ્ઞાન સ્વરૂપ દત્તાત્રેયને હું પ્રણામ કરું છું.

પ્રાદુર્ભૂતં હ્યત્રિતપઃ કિં જગદર્થે
કિં હ્યનસૂયાપાતિવ્રત્યં ફલિતં તત્ ।
મૂર્તામૂર્તાતીતં જાતં હ્યજમેનં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૨ ॥

શું જગતનાં કલ્યાણ માટે અત્રિઋષિનું તપ જ પ્રગટ થયું છે ! શું તે અનસૂયાના પાતિવ્રત્યનું જ પરિણામ છે ! (તે) હૃદયમાં સ્થિત, સાકાર-નિરાકારથી વિલક્ષણ, અજન્મા હોવા છતાં જન્મેલા, એવા દત્તાત્રેયને હું પ્રણામ કરું છું.

અગ્નિર્યદ્દત્તં તૃણમેકં ન શશાક
દગ્ધું વાયુહર્યુત્થાપયિતું સ્વબલેન ।
જ્ઞાતું ચેન્દ્રવિરોચનપ્રમુખાઃ પ્રજ્ઞાનં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૩ ॥

જેણે આપેલા એક તણખલાને બાળવા અગ્નિ, પોતાના બળ વડે સમર્થ ન થયો, વાયુ પણ તે તણખલાને ઉડાડી ન શક્યો, ઈન્દ્ર, વિરોચન વગેરે પણ જાણવા માટે સમર્થ ન થયા. તે હૃદયમાં સ્થિત પ્રજ્ઞાનરૂપ દત્તાત્રેયને પ્રણામ કરું છું.

એકોઽહં સ્યાં બહ્વિતિ ભૂતોઽનેકો યો
ભક્તાધીનો ભાવનરુપો ગુરુરાદ્યઃ ।
યન્નિઃશ્વસિતં શાસ્ત્રમખણ્ડં નિગમાદિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૪ ॥

જે "હું એક છું અનેક થાઉં" આવો સંકલ્પ કરીને અનેકરૂપે થયા છે. જે ભક્તને આધીન છે, ભાવસ્વરૂપ છે, જે આદિગુરુ છે. જેના નિઃશ્વાસરૂપ વેદ વગેરે સંપૂર્ણ શાસ્ત્ર છે. તે હૃદયમાં વસનારા દત્તાત્રેયને પ્રણામ કરું છું.

કાન્તં કારુણ્યાબ્ધિમકામં કમનીયં
દાન્તં દેવેડ્યં દમ્ભારિં દકદાભમ્ ।
શાન્તં સર્વેશં શમરુપં શફરાક્ષં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૫ ॥

જે સુંદર, કરુણાના સાગર, કામનારહિત, ઈચ્છવાયોગ્ય, દમનશીલ, દેવો વડે સ્તુતિ કરાયેલા, દંભના શત્રુ, મેઘ જેવા, શાન્ત, સર્વના નિયંતા, શમરૂપ, માછલી જેવી આંખોવાળા, તે હૃદયમાં રહેનારા દત્તાત્રેયને હું પ્રણામ કરું છું.

અગ્નિશ્ચૈકો યત્પ્રતિકાષ્ઠે વિવિધઃ સ્યાદ્
યદ્વચ્ચામ્ભઃ પાત્રવિભેદે બહુરુપમ્ ।
તદ્વત્તત્તદ્રૂપમરુપં વિભુમેકં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૬ ॥

જેમ અગ્નિ એક હોવા છતાં પ્રત્યેક લાકડામાં વિવિધરૂપે રહેલો છે. અને વળી જેવી રીતે જુદા જુદા પાત્રમાં પાણી, જુદા જુદા આકારવાળું થાય છે તેવી રીતે જે જે રૂપો જણાય છે તે તે રૂપે અર્થાત્ સર્વરૂપે એક, અરૂપ સર્વવ્યાપક દત્તાત્રેય રહેલા છે, હૃદયમાં રહેલા તેમને પ્રણામ કરું છું.



યદ્ભાસા રવિચન્દ્રમસૌ તૌ ભાસ્વન્તૌ
યં ભાસયિતું નો શક્તૌ તૌ સ્વબલેન ।
યં ભાન્તં હ્યનુભાતિ સમસ્તં તડિદાદિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૭ ॥

જેના પ્રકાશ વડે, તે સૂર્ય અને ચંદ્ર પ્રકાશમાન છે, પોતાના બળ વડે જેને પ્રકાશવા માટે તે બંને શક્તિમાન નથી, જેના પ્રકાશવાથી જ વીજળી વગેરે સંપૂર્ણ જગત જણાય રહ્યું છે. તે હૃદયમાં સ્થિત દત્તાત્રેયને હું પ્રણામ કરું છું.

યત્સત્તાકં પ્રાણિતિ સર્વં પ્રાણાદિ
શ્રોત્રં શબ્દં વૃણુતે મનુતે મન આદિ ।
એકં નાનાયં કવયન્તિ જ્ઞવિશેષા
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૮ ॥

જેની સત્તા વડે પ્રાણ વગેરે સર્વ પ્રાણનક્રિયા કરી રહ્યા છે, કાન શબ્દને સાંભળે છે, મન વગેરે વિચાર વગેરે કરે છે. જેને જ્ઞાનીઓ એકરૂપ અને અનેકરૂપે કહે છે. તે હૃદયમાં સ્થિત દત્તાત્રેયને પ્રણામ કરું છું.

દૂરે ચાન્તિક એષ સુગુપ્તઃ સર્વાન્ત
ર્નિત્યઃ શુદ્ધઃ સાક્ષ્યગુણોઽપીડ્ગુણમેતિ ।
ભક્તેચ્છાપરિપૂર્ત્યર્થમજો હ્યવિનાશી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૯ ॥

આ દૂર છે અને નજીક પણ છે. આમ, અત્યંત ગુપ્ત રીતે વર્ણવાયેલા છે. સર્વના અન્તર્યામી, નિત્ય, શુદ્ધ, સાક્ષી અને ગુણરહિત હોવા છતાં ભક્તની ઈચ્છાની પરિપૂર્તિ માટે ઈશ્વરપણાને પ્રાપ્ત થાય છે, તે હૃદયમાં સ્થિત દત્તાત્રેયને હું પ્રણામ કરું છું.

દૃષ્ટ્વા લોકાઞ્શોકનિમગ્નાન્કરુણાપ્તો
બદ્ધ્વા સેતું જ્ઞાનમયં યશ્ચિરજીવી ।
નિન્યે નન્દં નતસન્નાર્તાન્ દિગ્વસ્ત્રો
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૦ ॥

શોકનિમગ્ન લોકોને જોવાથી કરુણાયુક્ત થઈને, જ્ઞાનરૂપ સેતુ બાંધીને, શરણાગતિયુક્ત આર્તજનોને જેમણે આનંદ આપ્યો છે તે હૃદયમાં સ્થિત દિશારૂપી વસ્ત્રવાળા નિરુપાધિક દત્તાત્રેયને પ્રણામ કરું છું.

નિસ્ત્રૈગુણ્યઃ સંસૃતિભઙ્ગો નિઃસઙ્ગો
બાલોન્મત્તપિશાચસુવેષોઃ બહરુઙ્ગઃ ।
લીલારુપમરુપો ધૃત્વા બહુ રેમે
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૧ ॥

ગુણોથી પર, સંસારનાશક (અજ્ઞાનનાશક), અસંગ છતાં, બાળ, ઉન્મત્ત, પિશાચ વગેરે સુંદર વેષને લીલા માટે ધારણ કરનારા છે, અરૂપ છતાં અનેક રૂપો ધારણ કરીને અનેક પ્રકારે રમણ (લીલા) કરવાવાળા છે. તે હૃદયમાં રહેનારા દત્તાત્રેયને પ્રણામ કરું છું.

વાસોહીનો વાસયતીદં સકલં યો
હ્યન્તર્બાહ્યં વ્યાપ્યૈકપદે હ્યવશિષ્ટઃ ।
આત્મરામો વનવિશ્રામો વરવર્ણી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૨ ॥

જે આ બધામાં વસે છે છતાં નિવાસ રહિત છે. જે અંદર-બહાર સર્વત્ર વ્યાપીને એકરૂપે જ અવશિષ્ટ છે. તે આત્મારામ, વનમાં વિશ્રામ કરનાર અતિવર્ણાશ્રમી હોવાથી શ્રેષ્ઠ વર્ણવાળા છે. તે હૃદયમાં રહેલા દત્તાત્રેયને પ્રણામ કરું છું.



વર્ણા વર્ણાતીત સુવર્ણસ્ત્વતિવર્ણો
ધર્માધર્માતીતસુધર્મસ્ત્વતિધર્મા ।
કર્માકર્માતીતસુકર્મા યઃ કર્તા
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૩ ॥

વર્ણ અને અવર્ણથી રહિત એવા સુંદર વર્ણવાળા છતાં વર્ણથી પર છે. ધર્મ અધર્મથી રહિત એવા શ્રેષ્ઠ ધર્મવાળા છતાં ધર્મથી પર છે. કર્મ અને અકર્મથી રહિત એવા સુંદર કર્મવાળા કર્તા છે. તે હૃદયમાં સ્થિત દત્તાત્રેયને પ્રણામ કરું છું.

ત્યાગી ભોગી જટિલો મુણ્ડી યો ભિક્ષુઃ
શિક્ષાર્થં કુરુતે મિતભૈક્ષ્યં મધ્યાહ્ને ।
યં હ્યવધૂતં નો જાનીતે હતભાગ્યો
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૪ ॥

જે ત્યાગી હોય કે ભોગી હોય, જટાધારી કે મુંડનવાળો ભિક્ષુ (સંન્યાસી) હોય, (કે જે) અધ્યયન થઈ શકે માટે મધ્યાહન કાળે મિતાહાર કરવાવાળો હોય, (છતાં પણ) જે અવધૂતને (આત્મતત્ત્વને) ન જાણતા (મનુષ્ય) હતભાગી (રહે છે) તે હૃદયમાં રહેલા દત્તાત્રેય અવધૂતને પ્રણામ કરું છું.

હંસં તમસઃ પારં સારં નૃભવસ્ય
કાલં કાલાતીતમતીતં વિભવસ્ય
ગોકુક્કુરસમદૃષ્ટિં દૃષ્ટિં દૃષ્ટિર્હિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૫ ॥

હંસસ્વરૂપ, અજ્ઞાનથી પર, મનુષ્યલોકના સારરૂપ, કાળસ્વરૂપ, કાળાતીત, સંસારના પારરૂપ, ગાય, કૂતરામાં સમદૃષ્ટિવાળા અને જે દૃષ્ટિની પણ દૃષ્ટિરૂપ છે તે હૃદયમાં રહેલા દત્તાત્રેયને હું પ્રણામ કરું છું.

અન્તર્યામી યો બહિરાસ્તે ગુરુરુપો
વિષ્ણુબ્રહ્મસદાશિવરુપો બહુરુપઃ ।
દાનાદિત્રિતયં યચ્છિક્ષા ત્વકહન્ત્રી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૬ ॥

જે અંતર્યામી, બહાર ગુરુરૂપે રહેલા છે, જે વિષ્ણુ, બ્રહ્મા અને સદાશિવરૂપે અનેક રૂપવાળા છે જેની શિક્ષા (ઉપદેશ), દાન વગેરે ત્રણ વડે ખરેખર પાપને હણવાવાળી છે તે હૃદયમાં સ્થિત દત્તાત્રેયને પ્રણામ કરું છું.

યં જ્ઞાત્વાઽન્યજજ્ઞાતવ્યં નો ભુવિ કિઞ્ચિદ્
યં દૃષ્ટવાઽન્યદ્દ્રષ્ટવ્યં નો યદ્વર્જ્યમ્ ।
દશ્યાતીતં દશ્યવિહીનં દગરુપં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૭ ॥

જેને જાણીને આ જગતમાં કંઈપણ બીજું જાણવા યોગ્ય રહેતું નથી, જેને જોઈને તેના સિવાય બીજું કંઈ જોવા યોગ્ય રહેતું નથી. એવા દશ્યથી પર, દશ્ય વગરના, દષ્ટિસ્વરૂપ, તે સ્થિત દત્તાત્રેયને પ્રણામ કરું છું.

શુદ્ધં બુદ્ધમનન્તં નિશ્ચલમનવદ્યં
ગેયં ધ્યેયં જ્ઞેયમજસ્રં સમ્રાજમ્ ।
શબ્દામેયં શબ્દસ્ફોટં સન્માત્રં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૮ ॥

શુદ્ધ, બુદ્ધ, અનંત, નિશ્ચળ, પાપરહિત, ગાવાયોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, જાણવા યોગ્ય, નિરંતર સમ્રાટ, શબ્દથી અપ્રમેય, શબ્દના સ્ફોટરૂપ, સત્સ્વરૂપ એવા તે હૃદયમાં રહેલા દત્તાત્રેયને પ્રણામ કરું છું.



ભાવાતીતં ભાવિતભક્તં ભવદાવં
વન્દ્યં વાદવિવર્જિતવેધં વનિવર્જ્યમ્ ।
સ્ત્રીપુંભેદવિહીનમભેદં સુખરુપં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૧૯ ॥

ભાવથી પર, ભક્તો દ્વારા ભાવના કરાયેલા, સંસાર બાળનાર દાવાનળરૂપ, વંદના કરવા યોગ્ય, વાદરહિત જાણવા યોગ્ય, ઈચ્છારહિત, સ્ત્રી-પુરુષના ભેદથી રહિત અભેદસ્વરૂપ અને સુખસ્વરૂપ એવા તે હૃદયમાં રહેલા દત્તાત્રેયને પ્રણામ કરું છું.

જાગરસ્વપ્નસુષુપ્તિવિહિનો યો નિત્યઃ
ભક્તાર્તિઘ્નો જાગર્તીહ પ્રત્યક્ષમ્ ।
બાહ્યાભ્યન્તરપૂર્ણવરેણ્યો વરકીર્તિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૨૦ ॥

જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી રહિત, નિત્યસ્વરૂપ છે. ભક્તના દુઃખને હણનાર છે. જે અહીં પ્રત્યેક ઈન્દ્રિયમાં જાગી રહ્યો છે. બહાર-અંદર પૂર્ણ અને પસંદ કરવા યોગ્ય છે તે હૃદયમાં રહેલા શ્રેષ્ઠ કીર્તિવાળા દત્તાત્રેયને પ્રણામ કરું છું.

ત્રીશં તિષ્યે તારકમાદ્યં તત્પદદં
દેહે દેહાતીતમભેદ્યં ભક્તેષ્ટમ્ ।
આદાવન્તે હ્યેકમભઙ્ગં વરં 'રઙ્ગં'
દત્તાત્રેય તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥ ૨૧ ॥

ત્રણ ઈશરૂપ, કળિયુગમાં તારણહાર, સર્વના કારણરૂપ, ભક્તોને ઈષ્ટ એવા તત્પદ એટલે બ્રહ્મપદને આપનાર તથા દેહમાં દેહથી ભિન્ન હોવાથી અભેદ્ય છે. આદિ અને અંતમાં એકમાત્ર અભંગ, એવા શ્રેષ્ઠ રંગસ્વરૂપ છે. તે હૃદયમાં સ્થિત દત્તાત્રેયને પ્રણામ કરું છું.

## (૯૨)
## આર્ત પ્રાર્થના

**દત્તાત્રેય ત્રીશ માતઃ પરેશ**
**કારુણ્યાબ્ધે, દીનબન્ધો પ્રસીદ ।**
**પ્રાણેશ ત્વં પ્રાણિનાં પ્રાણદાતા**
**હર્તા ભર્તા, હયેક એવ ત્રિલોકે ॥ ૧ ॥**

હે દત્તાત્રેય ! ત્રણે લોકના નાથ, હે માતા, માયાના નિયંતા, કરુણાના સાગર, દીનબધું મારા પર દયા કરો. હે પ્રાણનાથ ! સર્વ પ્રાણીઓને પ્રાણ આપનાર તમે જ છો અને ત્રણે લોકમાં તમે જ એક સર્વનું પોષણ કરનાર છો અને દુઃખનો સંહાર કરનાર પણ તમે જ છો.

**કઃ શક્તઃ સ્યાત્ત્વદ્ગુણાન્ગાતુમત્ર**
**માતું મહાત્મ્યં ત્રિલોકે ન કોઙપિ ।**
**કોઙહં ડિમ્ભો મૂઢવાગ્દુર્બલઃ સ્યાં**
**સ્તોતું મૂકોઙનન્તજિહ્વોપિ વેદઃ ॥ ૨ ॥**

તારા ગુણોનું ગાન કરવા આ લોકમાં કોણ શક્તિમાન છે ? તારા મહિમાનું માપ કાઢવા ત્રણે લોકમાં કોઈ સમર્થ નથી. જ્યાં અનંત જીહ્વાવાળો વેદ પણ તારું સ્તવન કરતાં મૂગો થઈ જાય છે ત્યાં મારા જેવા મૂઢ અને તૂટેલી વાણીના બાળકની શી કથા ?

**નાહં જાને કોઙપરાધઃ કૃતો મે**
**નાયાસિ ત્વં નો દદાસીહ વાચમ્ ।**
**કષ્ટં ભૂમંસ્ત્વદ્દિના જીવિતં મે**
**સસ્યસ્યેવ પ્રાવૃડમ્ભો વિનામ્બ ॥ ૩ ॥**



મેં શો અપરાધ કર્યો છે કે જેથી તું નથી આવતો કે નથી કંઈ પ્રત્યુત્તર આપતો, તે હું નથી જાણતો. હે સર્વવ્યાપી પરમાત્મન્ ! જેવી રીતે વરસાદના પાણી વગર પાકની દુર્દશા છે તેવી રીતે તારા વગર મારું જીવવું દુઃખમય છે.

**જમ્ભોઙયં ભોઃ કામરૂપઃ પ્રકામં**
**દીનં બાલં નિર્દયં માં નિહન્તિ ।**
**હત્વા હયેનં સ્વાત્મરાજ્યં પ્રદેહિ**
**કોઙન્યસ્ત્રીશ ત્વદ્દિનાસ્ય પ્રભુઃ સ્યાત્ ॥ ૪ ॥**

હે દેવ ! આ કામરૂપી જંભ રાક્ષસ મને દીન બાળકને નિર્દયતાથી અત્યન્ત પ્રહાર કરી રહ્યો છે માટે એનો સંહાર કરી મને સ્વાત્મરાજ્ય દે. હે પ્રભુ ! તારા વિના એને સીધો કરવા બીજો કોણ સમર્થ છે ?

**પશ્યૈતં માં ત્વત્પદાબ્જપ્રલીનં**
**હીનં દીનં ભર્ત્સયન્તિ પ્રવેદાઃ ।**
**વેદાતીતં ત્વત્પદં તત્પ્રદર્શ્ય**
**ચ્છિન્ધિ દ્વૈતં દુઃખમૂલં મમૈતત્ ॥ ૫ ॥**

જો તો ખરો, તારા ચરણ કમળમાં લીન થનાર હીન અને દીન એવા મને આ વેદિયા પંડિતો ખૂબ નિંદી રહ્યા છે, વેદોથી પણ અતીત એવા તારા પદના સાક્ષાત્કાર કરાવી બધા દુઃખોનું મૂળ એવું મારું આ દ્વૈત છેદી નાંખ

**ભિક્ષુશ્ચાહં દ્વારિ તે ભૈક્ષ્યકામ-**
**સ્તિષ્ઠામ્યેષોઙજ્ઞાનદારિદ્રયદુઃખી ।**
**દત્ત્વા ભૈક્ષ્યં જ્ઞાનવિજ્ઞાનસારં**
**ભર્તસ્ત્ર્યાત્મન્ સાર્થકત્વં પ્રયાહિ ॥ ૬ ॥**

હે આત્મસ્વરૂપ દેવ ! અજ્ઞાનના દાનરિદ્રયથી પીડાતો હું તારે બારણે ભિખારી થઈ ભીખ માગતો ઊભો છું. માટે મને જ્ઞાન અને વિજ્ઞાનરૂપી ભિક્ષા આપી હે ભર્તા ! તારું નામ સાર્થક કર.

**દીનશ્ચાહં નિન્દિતો લોકસઙ્ઘૈ**
**નિ:સ્વો નગ્નો નિસ્રપં ત્વાં પ્રપદ્યે ।**
**આપન્નાર્તિચ્છેદને દીક્ષતાત્મન્**
**યતકર્તવ્યં તત્કુરૂષ્વાશુ દત્ત ॥ ૭ ॥**

લોકોનાં ટોળાઓથી નિંદીત થયેલો અકિંચન નગ્ન દીન એવો હું તારે શરણે આવ્યો છું. પણ તને મારી લાજ નથી. હે પ્રભુ ! શરણે આવેલાનું દુઃખ દૂર કરવાનું જેનું વ્રત છે એવા હે આત્મસ્વરૂપ દત્ત ! જે કરવું ઘટે તે વિના વિલંબે કર.

**રિક્તો ગચ્છેયં કદાચિત્પૃથિવ્યાં**
**કા મે હાનિર્હાસ્યમેવાપિ તે સ્યાત્ ।**
**કો વા દાતા ત્વત્પરોડન્યો દયાલુ**
**ર્દીન કો વા મત્પરોડન્યો દયાર્હઃ ॥ ૮ ॥**

કદાચ મારે જગતમાં તારે બારણે ખાલી હાથે ફરવું પડેતો પણ મારે શું નુકશાન છે ? તેમ થશે તો હાંસી તારી જ થવાની છે. તારાથી બીજો વધારે દયાળુ દાતા કોણ છે ? તેમજ મારાથી વધારે દયાપાત્ર એવો દીન પણ બીજો કોણ મળનાર છે ?

**શ્રાન્તોડત્યન્તં તત્ર તત્રાટનેન**
**ભ્રાન્તોડટવ્યામાગમાનાં સુખાર્થી ।**
**ભગ્નઃ ખિન્નો મર્તુકામો યદાસં**
**પ્રાપ્તં દિષ્ટ્યા ધામ તે દેવજુષ્ટમ્ ॥ ૯ ॥**



આમતેમ ભટકીને હું થાકી ગયો છું. સુખને માટે શાસ્ત્રોના જંગલમાં ભટક્યો પણ ખૂબ છું. છેવટે નિરાશ થઈને ખિન્ન ચિત્ત જ્યારે મરવાનો નિશ્ચય કર્યો ત્યારે હે દેવ ! દેવોથી સેવાએલું તારુ ધામ પૂર્વપુણ્યે પ્રાપ્ત થયું છે.

**ઈન્દ્રશ્ચાયં દ્વારિ તે કાર્તવીર્યઃ**
**પ્રહલ્લાદોડયં પિંઙ્ગલો વિષ્ણુશર્મા ।**
**અન્યેડપ્યેતે દ્દષ્ટુકામાસ્તથાહં**
**પ્રાપ્તાઃ સર્વે નો વિલમ્બોડત્ર યુક્ત ॥ ૧૦ ॥**

આ ઈન્દ્ર અને કાર્તવીર્ય તારે બારણે ઊભા છે. આ પ્રહલાદ પિંગલ નાગ અને વિષ્ણુશર્મા પણ ખડા છે. તેમજ બીજા કેટલાએ તથા હું પણ, દર્શનાર્થે વાટ જોઈ રહ્યા છે. માટે તું દર્શન આપવામાં ઢીલ કરે તે યોગ્ય નથી.

**શ્રુત્વેવેદં દીનમાક્રન્દનં સ**
**પ્રાદુર્ભૂતઃ શૂલખટ્વાઙ્ગધારી ।**
**ભિન્દન્ભીમં ભીષણં જન્મશૂલં**
**પાયાદેવો મૌનગર્ભોડત્રિસૂનુઃ ॥ ૧૧ ॥**

આ દીન આક્રંદ સાંભળીને જ હોય તેમ શૂલ અને ખટવાંગ ધારણ કરનાર મૌનધારી અત્રિપુત્ર દત્ત પ્રગટ થયો. ભયંકર અને બીક લાગે એવું જન્મમરણનું દુઃખ દૂર કરનાર એ મારૂં રક્ષણ કરો.

**રઙ્ગો રઙ્કઃ પ્રાર્થયન્દીનમેવં**
**મુક્તઃ કલેશાશૃત્યતીહ પ્રમત્તઃ ।**
**અન્યેડપ્યેવં શ્રદ્ધયા સાનુરાગં**
**ગાયન્તસ્તં દુઃખમુક્તા ભવન્તિ ॥ ૧૨ ॥**

આવી રીતે દીનતાથી પ્રાર્થના કરતાં રંક એવો રંગ બધા કલેશોથી મુક્ત થઈ જગતમાં દેહભાન ભૂલી નાચી રહ્યો છે. અને બીજા પણ એવી જ રીતે શ્રદ્ધાથી અને પ્રેમથી એનું ગાન કરતાં દુઃખથી મુક્ત થશે.

*ઈતિ શ્રીદત્તપાદારવિન્દમિલિન્દબ્રહમચારિપાડુંરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતમ્ આર્તપ્રાર્થના સંપૂર્ણ.*

●



(૯૩)

## જયલાભયશઃપ્રાપ્તિસ્તોત્રમ્

દત્તાત્રેય મહાત્માનં વરદં ભકતવત્સલમ્ ।
પ્રપન્નાર્તિહરં વંદે સ્મર્તૃગામી સ નોઽવતુ ॥ ૧ ॥

દીનબંધું કૃપાસિધું સર્વકારણકારણમ્ ।
સર્વરક્ષાકરં વંદે સ્મર્તૃગામી સ નોઽવતુ ॥ ૨ ॥

શરણાગતદીનાર્ત-પરિત્રાણપરાયણમ્ ।
નારાયણં વિભું વંદે સ્મર્તૃગામી સ નોઽવતુ ॥ ૩ ॥

સર્વનર્થહરં દેવં સર્વમંગલમંગલમ્ ।
સર્વકલેશહરં વંદે સ્મર્તૃગામી સ નોઽવતુ ॥ ૪ ॥

બ્રહ્મણ્યં સર્વતત્ત્વજ્ઞં ભક્તિકીર્તિવિવર્ધનમ્ ।
ભક્તાભીષ્ટપ્રદં વંદે સ્મર્તૃગામી સ નોઽવતુ ॥ ૫ ॥

શોષણં પાપપંકસ્ય દીપનં જ્ઞાનતેજસઃ ।
તાપપ્રશમનં વંદે સ્મર્તૃગામી સ નોઽવતુ ॥ ૬ ॥

સર્વરોગપ્રશમનં સર્વપીડાનિવારણમ્ ।
આપદુદ્ધરણં વંદે સ્મર્તૃગામી સ નોઽવતુ ॥ ૭ ॥

જન્મસંસારબંધધ્નં સ્વરુપાનંદદાયકમ્ ।
નિઃશ્રેયસપ્રદં વંદે સ્મર્તૃગામી સ નોઽવતુ ॥ ૮ ॥

જયલાભયશઃકામદાતુર્દત્તસ્ય યઃ સ્તવમ્ ।
ભોગમોક્ષપ્રદસ્યેમં પ્રપઠેત્ સ કૃતી ભવેત્ ॥ ૯ ॥

## (૯૪)

***પાણીથી હાથ સ્વચ્છ કરી, તુલસી કે ફૂલની પાંખડી મૂકી ભગવાનને થાળ ધરાવવો***

ૐ થાળ ૐ

**॥ ત્વમેવ સર્વ મમ રંગદેવ ॥**

**(રાગ-જમો જમાડું પાંડુરંગ)**

પ્રેમે પધારો સદ્‌ગુરુનાથ, મારા નારેશ્વરના નાથ (૨)
તમે ભિક્ષા જમોને મારા હાથની, હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની ..ટેક
પહેલાં મંગળ સ્નાન કરીને, તન ને મનથી પવિત્ર થઈને,
મેં તો સગડી સળગાવી ભલી ભાતની. હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની..૧
મારે હાથે દળેલા ઘઉંનો, લૂવો બાંધ્યો ઘી મોવણનો,
પ્રેમે શેકી બનાવી રૂડી ભાખરી..હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની ..૨
મેં તો બનાવી મગની દાળ, કીધો ઘી-જીરાનો વઘાર,
સાત્ત્વિક સુગંધ ફોરે છે એના સ્વાદની..હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની..૩
પરવરબટાકામાં એમ, સિંધવ-જીરૂ નાંખી તેમ,
મેં તો વ્યંજન વઘાર્યું ભલા ભાવથી..હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની..૪
મેં અવધૂતી ખીચડી કીધી, અંદર ઘીની સેરો દીધી,
મોળા દહીંનો કટોરો ભર્યો ભાવથી...હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની..૫
મૂળા, મોગરી, ટામેટાનું કીધું કચુંબર મજાનું,
નથી ભૂલી લીબુંની ફાડ લાવવી..હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની ..૬
નિર્મળ રેવાજીનાં વારિ, હું તો લાવી ભરીને ઝારી,
પ્રેમે આચમન કરાવું મારા હાથથી..હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની ..૭
***(અહીં અટકવું, ગુરુમહારાજે ભિક્ષા ગ્રહણ કરી લીધી છે (એ ભાવથી) એ સમય દરમિયાન આપણે અહીં થોડા અટકવું. (દરેક જણે મનમાં થાળની શરૂઆતની બે પંક્તિઓ બોલવી, 'પ્રેમે પધારો....ઉઠી'તી અવધૂત અરધી રાતની)***
કાળી દ્રાક્ષ, મરી, સિંઘવને લીબુના રસમાં ઘોળીને,
એની ગોળી સ્વીકારો મુખવાસની..હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની ..૮
મારા રંગ ને જમતા જોતાં, નૈને નેહનાં નીર નિતરતાં
એણે આશા પૂરી છે દીન 'બાળ'ની હું તો ઊઠી'તી અવધૂત અરધી રાતની ..૯

***ધૂન થાય એ દરમિયાન આરતી પ્રગટાવવી અને ભગવાનને ધૂપ ઓળાવવો***

**ધૂન...ૐ ગુરુ ૐ ગુરુ અવધૂતા, તું હિ ૐ તું હિ ૐ શ્રીદત્તા**

◆



## (૯૫)

## રંગ અવધૂત મહારાજની આરતી

**જય દેવ ! જય દેવ ! (ટેક)**

જય પાંડુરંગ સ્વામી ! ગુરુ રંગ અવધૂત સ્વામી,
સહુના અંતર્યામી પૂરણ નિષ્કામી... જય દેવ૦ ૧
આરતી પ્રેમે ઉતારું આણી ઉમંગ, ગુરુ આણી ઉમંગ૦
દર્શનથી દુઃખ ટાળો, બાળો ભવસંગ... જય દેવ૦ ૨
સગુણ સ્વરૂપે દેવ ભક્તની ભીડ ભાંગો, ગુરુ ભક્તની૦
દુઃખી હૃદયને જાણી દયા દિલે આણો... જય દેવ૦ ૩
પરમકૃપાળુ ગુરુદેવ સૌને સુખ કર્તા, ગુરુ સૌને૦
અંતરના આનંદથી વિમુખ નવ રહેતા... જય દેવ૦ ૪
લેતાં આપનું નામ સંકટ સહુ જાયે, ગુરુ સંકટ૦
જન્મમરણની ભીતિ દેખતાં દૂર થાયે... જય દેવ૦ ૫
અખંડ બ્રહ્મ સ્વરૂપ બ્રહ્મચારી પોતે, ગુરુ બ્રહ્મચારી૦
પ્રથમ આશ્રમ પાળી રહ્યા, શુકદેવને જોટે... જય દેવ૦ ૬
કળિયુગમાં ગુરુદેવ કષ્ટ સહન કર્તા, ગુરુ કષ્ટ૦
દ્વૈત નિકંદન કાઢી અદ્વૈતે રમતા... જય દેવ૦ ૭
ત્રિવિધ તાપના તાપ તેનો ભય ટાળો, ગુરુ તેનો૦
જ્ઞાનામૃત છાંટીને શુદ્ધિમાં લાવો... જય દેવ૦ ૮
શિષ્યા કહે ગુરુદેવ ષડ્‌રિપુ સંહારો, ગુરુ ષડ્‌રિપુ૦
સંશય સઘળા કાપી સદ્‌બુદ્ધિ આપો... જય દેવ૦ ૯
રંગ અવધૂતની આરતી જે કોઈ ગાશે, ગુરુ જે ભાવે ગાશે૦
કૃપા દત્ત પ્રભુની, કૃપા શ્રી રંગ અવધૂતની તેના પર થાશે... જય દેવ૦ ૧૦

કર્પૂરપૂરેણ મનોહરેણ સુવર્ણપાત્રાંતરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન નીરાજનં તે અવધૂત કુર્વે ॥

કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિન્દે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્ મંગલં ગરુડધ્વજઃ ।
મંગલં પુંડરિકાક્ષો મંગલાયતનં હરિઃ ॥

સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

(૯૬)

# દત્તબાવની

જય યોગીશ્વર[૧] દત્તદયાળ ! તુંજ એક જગમાં પ્રતિપાળ[૨] (૧)
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટયો જગકારણ નિશ્ચિત. (૨)
બ્રહ્માહરિ[૩]હર[૪]નો અવતાર. શરણાગતનો તારણહાર; (૩)
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ. (૪)
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય. (૫)
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. (૬)
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ ! (૭)
સૂણી *અર્જુન કેરો સાદ, રીઝયો પૂર્વે તું સાક્ષાત્; (૮)
દીધી ઋદ્ધિ, સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ[૫] સાર, (૯)
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના આલંબ[૬] !! (૧૦)
વિષ્ણુશર્મ દ્વિજ[૭] તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ. (૧૧)
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ[૮]; (૧૨)
વિસ્તારી માયા, દિતિસુત[૯] ઈન્દ્રકરે હણાવ્યો તુર્ત. (૧૩)
એવી લીલા કંઈ કંઈ શર્વ[૧૦], કીધી વર્ણવે કો તે સર્વ ? (૧૪)
દોડ્યો આયુ સુતને[૧૧] કામ, કીધો એને તેં નિષ્કામ; (૧૫)
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ. (૧૬)
એવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ ? (૧૭)
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !! (૧૮)

૧. યોગીશ્વર=યોગીઓના ઈશ્વર (માર્ગદર્શક, ભગવાન). ૨. પ્રતિપાળ=રક્ષણ (પાલન) કરનાર. ૩. હરિ=વિષ્ણુ. ૪. હર=શિવ. ૫. મહાપદ = મોટું (શ્રેષ્ઠ) ધામ. ૬. આલંબ = આશરો. ૭. દ્વિજ = બ્રાહ્મણ, બે વાર જન્મનારો (જનોઈ = બીજો જન્મ). ૮. તતખેવ = તરત જ. ૯. દિતિ (કશ્યપની પત્ની)નો પુત્ર = દૈત્ય. ૧૦. શર્વ = શિવસ્વરૂપ. ૧૧. સુત = પુત્ર. * સહસ્રાર્જુન.



જોઈ દ્વિજસ્ત્રી[૧૨] કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ. (૧૯)
સ્મર્તૃગામી[૧૩] કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર. (૨૦)
પેટપીડથી તાર્યો વિપ્ર[૧૪], બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર[૧૫]. (૨૧)
કરે કેમ ના મારી વ્હાર ? જો આણી ગમ[૧૬] એકજ વાર !! (૨૨)
શુષ્કકાષ્ઠને[૧૭] આણ્યાં પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર ? (૨૩)
જર્જર[૧૮] વંધ્યા[૧૯] કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન[૨૦]. (૨૪)
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ. (૨૫)
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ[૨૧]. (૨૬)
ઝાલર[૨૨] ખાઈ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ. (૨૭)
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર ! (૨૮)
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઉઠાડ્યો શૂર. (૨૯)
હરી વિપ્રમદ અંત્યજ હાથ[૨૩], રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત !! (૩૦)
નિમેષમાત્રે તંતુક[૨૪] એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ ! (૩૧)
એકીસાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ. (૩૨)
સંતોષ્યા નિજભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્. (૩૩)
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. (૩૪)
રામકૃષ્ણરૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ. (૩૫)
તાર્યા પથ્થર, ગણિકા, વ્યાધ ! પશુપંખી પણ તુજને સાધ !! (૩૬)
અધમઓધારણ તારું નામ, ગાતાં સરે ન શા શાં કામ ? (૩૭)
આધિ[૨૫] વ્યાધિ[૨૫] ઉપાધિ[૨૭] સર્વ ટળે સ્મરણ માત્રથી શર્વ[૨૮] ! (૩૮)

૧૨. દ્વિજસ્ત્રી = બ્રાહ્મણની પત્ની. ૧૩. સ્મર્તૃગામી = સ્મરણ કરનારની પાસે જનાર, હાજર થનાર. ૧૪. વિપ્ર = બ્રાહ્મણ. ૧૫. ક્ષિપ્ર = એકદમ, જલ્દીથી. ૧૬. આણીગમ = આ તરફ (મારી સામું). ૧૭. શુષ્કકાષ્ઠ = સુકું લાકડું. ૧૮. જર્જર = ઘરડું. ૧૯. વંધ્યા = વાંઝણી. ૨૦. કૃત્સ્ન = બધાં. ૨૧. તતખેવ = તત્ક્ષણ. ૨૨. ઝાલર = વાલોરના દાણા (શીંગો). ૨૩. અંત્યજ = હરિજન. ૨૪. તંતુક = વણકર. ૨૫. આધિ = માનસિક રોગ.

મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ. (૩૯)
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર, (૪૦)
નાસે મૂઠી દઈને તુર્ત, દત્તધૂન સાંભળતા મૂર્ત, (૪૧)
કરી ધૂપ ગાએ જે એમ, દત્ત-બાવની આ સપ્રેમ, (૪૨)
સુધરે તેના બન્ને લોક, રહે ન તેને ક્યાંયે શોક ! (૪૩)
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્ર્ય[૨૯] તેનાં જાય !! (૪૪)
બાવન ગુરુવારે નિત નેમ[૩૦], કરે પાઠ બાવન સપ્રેમ; (૪૫)
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદિ ન દંડે યમ. (૪૬)
અનેકરૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ ! (૪૭)
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક !! (૪૮)
વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર ! (૪૯)
થાકે વર્ણવતાં જ્યાં શેષ[૩૧], કોણ રાંક હું બહુકૃતવેષ[૩૨] (૫૦)
અનુભવ-તૃપ્તિનો ઉદ્‌ગાર[૩૩], સૂણી હસે તે ખાશે માર. (૫૧)
તપસી[૩૪] તત્ત્વમસિ[૩૫] એ દેવ ! બોલો જય જય શ્રી ગુરુદેવ !! (૫૨)

---

૨૬. વ્યાધિ = શારીરિક રોગ. ૨૭. ઉપાધિ = સંકટ. ૨૮. શર્વ = શિવ. ૨૯. દારિદ્રય = ગરીબાઈ. ૩૦. નેમ = નિયમ. ૩૧. શેષ = હજાર જીભવાળો શેષનાગ. ૩૨. બહુકૃતવેષ = અનેક વેષ ધારણ કરનાર. ૩૩. ઉદ્‌ગાર = ઓડકાર. ૩૪. તપસી = મોદીકાકાને સંબોધન (તપ કરનાર, તપસ્વી ઉપરથી) ૩૫. તત્ત્વમસિ = વાક્યનો લક્ષ્યાર્થ - પરબ્રહ્મ તે એ દત્તાત્રેય દેવ છે (તે તું છે).



(૯૭)

## રેવાગીતમ્ ।

ગાયતિ રેવા રવ-મધુરમ્ ॥ ધ્રુવ ॥

હર હર ૐ ૐ હર હર ૐ ૐ
હર હર ૐ ૐ હર હર ૐ ।
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં
હર હર ૐ ૐ સતતમિતિ ॥ગાયતિ.॥૧॥

મેકલજાતા મનસિ વિભાતા
રૌતિ કલં કિમપીહ ચિરમ્ ।
ત્વમહમહં ત્વં ત્વમહમહંત્વં
ત્વમહમહં ત્વં ત્વમહમિતિ ॥ગાયતિ.॥૨॥

તડિદુજ્જવલજલમુખતઃ સ્તૌતિ ।
નીરંગં નાના રંગમ્ ।
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદં
જલશીકરવદભિન્નમિતિ ॥ગાયતિ. ॥૩॥

નર્મદા માતકી જય

રુદ્રદેહા નર્મદા શિવપદ તું દેનાર,
અમલ નીર તારું અહા સદા રટે ૐકાર.

સ્નાને તાર્યા કંઈકને પાને જીવ અનેક
દર્શન માત્રે તું કરે પૂર્ણ મનોરથ ટેક.

યન્નામસ્મરણે ટળે વિષબાધા ક્ષણામાંહ્ય
કુષ્ઠાદિક રોગો બધા સ્નાનમાત્રથી જાય.

## રેવાગીતમ્નો અર્થ :

૧. ગાયતિ = ગાય છે, રેવા = નર્મદા, રવ = અવાજ, મધુરમ્ = મધુર, મીઠા, હર હર ૐ ૐ = હર હર ૐ ૐ, સાયં પ્રાતઃ = સાંજ સવાર, પ્રાતઃ સાયં = સવાર-સાંજ, સતતમ્ = સતત, ઈતિ = એમ.

નર્મદા મધુર અવાજથી ગાય છે. હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર, એમ સાંજ - સવાર (અને) સવાર સાંજ સતત હર હર ૐ ૐ એમ મધુર અવાજથી ગાય છે.

૨. મેકલજાતા = મેકલ (નામના પર્વત)માંથી જન્મેલી, મનસિ = મનમાં, વિભાતા = પ્રકાશે છે, રૌતિ = અવાજ કરે છે, કલં = મધુર, કિમપિ = કંઈક, ઈહ = અહીં, ચિરમ્ = લાંબા સમયથી, ત્વમહમહંત્વં = તું (ત્વમ્) હું, (અહમ્), હું, તું, તું-હું, હું-તું, તું-હું, ત્વમહમિતિ = તું-હું એમ.

મેકલ (પર્વત)માંથી જન્મેલી (નર્મદા) મનમાં પ્રકાશે છે. અહીં લાંબા સમયથી કંઈક મધુર અવાજ કરે છે. તું હું છું, હું તું છું, તું હું છું, હું તું છું, તું હું છું, હું તું છું, તું હું છું એમ મધુર અવાજથી (નર્મદા) ગાય છે.

૩. તડિત્ = વીજળી, ઉજ્જવલ = ઉજળી, પ્રકાશતાં, જલ = પાણી, મુખતઃ = મુખથી, સ્તૌતિ = સ્તુતિ કરે છે. નીરંગં = રંગ (સંસાર) વગરના (છતાં) નાના રંઙ્ગમ્ = જાતજાતના રંગવાળા, બ્રહ્માહં = હું બ્રહ્મ છું, ત્વં = તું, બ્રહ્મૈવ = બ્રહ્મ જ, ઈદં = આ, જલશીકરવત્ = પાણીનાં ટીપાં (શીકર)ની જેમ, અભિન્નમ્ = એકબીજાથી અભિન્ન છે, ઈતિ = એમ.

વીજળી જેવા પ્રકાશતા જળ રૂપી મુખ દ્વારા રંગ (સંસાર) વગરના છતાં જાતજાતના રંગવાળા (પરમાત્મા)ની નર્મદા સ્તુતિ કરે છે. હું બ્રહ્મ છું, તું બ્રહ્મ છે. અને આ બધું પાણી અને એના ટીપાંની માફક એક બીજાથી અભિન્ન છે.



(૯૮)

**ધૂન**

એક મને તારો આધાર દિગંબરા
દત્ત દિગંબરા, રંગ અવધૂતા
શ્રીપાદવલ્લભ દિગંબરા
દત્ત દિગંબરા, રંગ અવધૂતા

(૯૯)

**ધૂન**

શ્રી ગુરુદત્તા, જય અવધૂતા
અનસૂયાનંદન ૐ અનસૂયાનંદન ૐ ૐ

(૧૦૦)

**ધૂન**

દિગંબરા દિગંબરા શ્રી પાદ વલ્લભ દિગંબરા
દિગંબરા દિગંબરા શ્રી પાદ વલ્લભ દિગંબરા

(૧૦૧)

**મંત્ર-ધૂન**

ૐ દ્રાં દત્તાત્રેયાયનમઃ
ૐ શ્રી ગુરુદેવ દત્ત
ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ

(૧૦૨)

**ધૂન**

ગુરુ ગુરુ કરતા જાઓ મારા પ્રાણ દત્તા

## (૧૦૩)
## અમે બાલુંડા રે, રંગ પરિવારના
(અમે મહિયારા રે.....એ રાહ)

અમે બાલુંડા રે, રંગ પરિવારના, અમે બાલુંડા રે, રંગ પરિવારના,
રહીશું હળીમળી ભેળાં બાલુડા રે...અમે બાલુંડા રે, (૨) ટેક

માત, તાત, ભ્રાત, સખા નારેશ્વરનો નાથ છે,
સુખમાં ને દુઃખમાં સદા એનો સંગાથ છે,
હાં રે અમે રંગાની ભક્તિમાં ઘેલાં - બાલુડાં રે...રંગ

રંગાજી રાજી રહે એવા કામ કરશું,
રંગાની ભક્તિમાં જીવીશું ને મરશું,
હાં રે અમે રંગાની ભક્તિમાં ડૂબેલાં - બાલુડાં રે...રંગ

ભૂખ્યાં ને દુઃખિયાંના આંસૂડા લૂછશું,
આપવાનું શિખીને માંગવાનું ભૂલશું,
હાં રે અમે ભરીશું પરિવાર - પ્રેમ - મેળાં બાલુડા રે...રંગ

પાપીગણું રંગ તણો એક જ આધાર છે,
જીવનમાં જંગમહી એનો જયકાર છે,
હાં રે અમે રંગાના પ્રેમને વરેલાં - બાલુડાં રે...રંગ

(પંચામૃતમ્
પાન નં. ૩૭)

●



## (૧૦૪)
## આંખડીમાં આવીને સમાયો

આંખડીમાં આવીને સમાયો
જંગલનો જોગી
મારી આ આંખમાં સમાયો,
મનગમતા એ અવધૂતજીએ
આંખડીમાં અડ્ડો જમાવ્યો... જં...ટેક
આંખમાં વસીને એણે નજરુ તો બાંધીને મારી
જાદુ તો એવો ચલાવ્યો
જ્યાં જ્યાં મારી દ્રષ્ટિ નાંખું
ત્યાં ત્યાં એજ દેખાયો... જંગલનો જોગી (૧)
અંજન આંજ્યાં કાજલ આંજ્યાં
ભાતીગર સુરમો નંખાવ્યો
ઔષધ કેરા પાટા બાંધ્યા
તોયે ન રોગ દૂર થયો... જંગલનો જોગી (૨)
આંખડી કેરા વૈદ્યડા આવ્યાને
તેને ડોળો બતાવ્યો
આંખો જોઈને ચમક્યા એ વૈદ્યડા
કોઈથી ના રોગ પરખાયો.. જંગલનો જોગી (૧)
જ્યારથી આ આંખડીમાં
વસીયો છે યોગી
આંખનો ચાળો બદલાયો
નેણને વેણ પલટેલાં જોઈને
''બાળક'' બહું હરખાયો.. જંગલનો જોગી (૧)

**ગોવિંદ ઉપાધ્યાય**
પોર
તા. ૧૨-૯-૧૯૬૮

## (૧૦૫)

## કેવી આશિષ ?

(એવો દિ દેખાડ-એ રાહ)

એવી આશિષ આપ રંગા, એવી આશિષ આપ,
પગલે પગલે ચાલી તારા, કરીએ મન નિષ્પાપ. ...ટેક
આજે તારાં પૂજન કરતાં, કરીએ એ નિર્ધાર,
રંગા ! કરીએ એ નિર્ધાર

મક્કમ થઈને વળગી રહીએ, ધીરજ એવી આપ ૧
ઝંડો લઈને ફરીએ, નારેશ્વરનો નાદ,
રંગા ! નારેશ્વરનો નાદ,

દેશ વિદેશ વિજયી થઈએ, શ્રદ્ધા એવી આપ ૨
ટંટો ઝઘડો મારું તારું, સોંપી તારી પાસ,
રંગા ! સોંપી તારી પાસ.

તારી સાને સમજી જઈએ, બુદ્ધિ એવી આપ,
એકબીજાનાં દૈવી ભાવે, કરીએ સગળાં કામ,
રંગા ! કરીએ સઘળાં કામ,

માનવતાના ભાવો ભરીએ, હૈયું એવું આપ ૪
મસ્તી એવી રેલંછેલ, જાએ સૌ સંતાપ
રંગા ! જાએ સૌ સંતાપ

બાળક તારાં લાયક બનીએ, જેવો તું છે બાપ ૫

●



## (૧૦૬)

## કોઈ કોઈનું નથી રે કોઈ કોઈનું નથી રે

***નાહકના મરે બધા મથી મથીરે......કોઈ.......ટેક***

મનના માનેલા કે છે બધા મારા, માનીલે જીવડા તારા કે મારા
સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે .......કોઈ ૧

આ મારો દીકરોને આ મારો બાપ છે, આ મારી ઘરવાળી
આ મારી માત છે, મુઆની સંગાથે કોઈ જાતું નથી રે .......કોઈ ૨

કંઈક ગયા ને કંઈક જવાના, ના કોઈ રહ્યાને ના કોઈ રહેવાના
ગયા તેના કોઈ સમાચાર નથી રે .......કોઈ ૩

સમજી લે જીવડા ફેરો સુધારને, માનવનો દેહ મળ્યો હરિને સંભાળને
સાચો સંગાથી શ્યામ વિના કોઈ નથી રે .......કોઈ ૪

●

(૧૦૭)

## જીવનનો વ્યવહાર તને શિખવાડે છે અવધૂત

જીવનનો વ્યવહાર તને શીખવાડે છે અવધૂત
ઘરમાં સ્વર્ગ ઉતારવા કાજે વાંચ ગુરુલીલામૃત
અમૃતનું પાન કરાવે, સાચું તને ભાન કરાવે. (૨)...જીવનનો...ટેક

પથ્થરને તેં દેવ ગણ્યા ને ખર્ચ્યા લાખો ભાઇ, (૨)
માત-પિતાને કાજ કદી ના ખર્ચી તેં રાતી પાઇ,
દેવ રહે ક્યાંથી રાજી ? ગોઠવી ઊંધી બાજી (૨)...જીવનનો...ટેક

પતિ એ મારો પરમેશ્વર એ મંત્ર જ ભૂલી ગઇ,
મંત્ર જપ્યા બીજા લાખ હજારો ઊંધે રસ્તે તું ગઇ,
વળે ક્યાંથી તારો દહાડો, સાચા પંથે રે ચાલો (૨)...જીવનનો...ટેક

એકબીજાને દેવ ગણો[૧] એ ભૂલ્યા ગુરુ ઉપદેશ,
દેવને ભૂલી મંદિર પૂજે, વધાર્યા રાગને દ્વેષ,
વધી જીવનમાં ભ્રાંતિ, મળે તને ક્યાંથી શાંતિ (૨)...જીવનનો...ટેક

પાપીગણું તો રંગચરણમાં મૂકી દઇને શીશ,
વિનવે વ્હાલા આપી દેજો અંતરના આશિષ,
કહ્યલું તારું માનું, સાચા પંથે રે ચાલું. (૨)...જીવનનો...ટેક

(પંચામૃતમ - પાન -૪૪)

●

૧. પરસ્પર દેવો ભવ



(૧૦૮)

## બેટાને શિખામણ પિતાની

*(રાગ-હે રામચંદ્ર કહ ગયે સિયાસે)*

**બાપ કહે સૂણ બેટા મારા પાપને પંથે ચાલીશ માં**
**હરિભજનમાં ભંગ પડે એવી ઘો ને ઘરમાં ઘાલીસમાં**

પરધન કે પરનારીને કદી, બૂરી નજરથી જોતો ના .............(૨)
સ્નેહભર્યા સંસારમાં તારા, ઘરનું સુખ બગાડીશના......હરિભજનમાં
દુઃખિયાને તુ મદદ કરજે, હરામી ભેગો હાલીશ ના............(૨)
રામ રાખે એમ રહેજે જગમાં, ખોટુ અભિમાન કરતો ના ....હરિભજનમાં
થોડાક સુખને ખાતર કોઇથી, બોલીને બગાડીશ મા .......હરિભજનમાં
કરી કમાણી સાચવજે તું, અવળે માર્ગે ઉડાડીશ માં .......હરિભજનમાં
માતા-પિતાની આંતરડીને, દીકરા તું દુભાવીશ ના.............. (૨)
છંછેડેલા સાપનું પૂછડું ઝડપ દઇને ઝાલીશ ના .........હરિભજનમાં
કહે ''પુરષોત્તમ'' પ્રભુ પ્રતાપે, ખોટી મોટપમાં મ્હાલીશમાં.......(૨)
અંતરની શિખામણ માની, જીવતરને બગાડીશના .......હરિભજનમાં

●

## (૧૦૯)

## માતા માતૈવ કેવલમ (ગાયતિરેવા)

**જય જય ૐ ૐ જય જય ૐ ૐ જય જય ૐ ૐ**
**જય જય ૐ ૐ રુકમામ્બા**

**મા** સમ દૈવત ના ત્રિભુવનમાં !
**તાર**ક તત્સેવા ભવજલમાં ........ધ્રુવ

**મા**ત પરમ પ્રત્યક્ષ દેવ છે, સેવા ભક્તિ સુલભ જેનાં,
**તૈ**જસ શક્તિ શુભાશિષ તેની, સદા વિજયપ્રદ આ જીવનમાં .. ૧
**વ**ન નારેશ્વરમાં રંગ વસિયા માતૃદેવ સેવાવ્રતમાં,
**કે**વલ જગશિક્ષાર્થે વ્રતને સ્વયં આચર્યું આ કલિયુગમાં .. ૨
**વ**ન્દ્ય સર્વદા સેવ્યાં માતા, થાકે સુર મહિમા ગાતાં,
**લં**બોદર ઉત્તમ ફળ પામ્યા, કરી માતાની પરિક્રમા .. ૩

●



## (૧૧૦)

## તારા આધારે

તારા આધારે બેઠો છું રંગા તારી છે મોટી આશ;
તારી આશાએ બેઠેલા બાળને જોજે ન કરતો નિરાશઃ
આજે લાજ મારી જો જાશે, વ્હાલા ! તારી હાંસી થાશે

ડગમગ ડોલતી નાવ મારી કંઠે આવ્યાં મારા પ્રાણઃ
તારા વિના બીજું કોણ બચાવે....(૨) સોંપ્યું મેં તુજને સુકાન,
નાવ મારી તારો કે મારો, મારે એક આશરે તારો .......૧

દોડ દોડ ઓ ભક્ત કે પ્યારા ! દુભાય તારો બાળ,
તારા બાનાની પત રાખવાને....(૨) દોડને વ્હેલો દયાળ !
આજે કેમ વિલંબ કીધો ? ભરૂંસો શીદને દીધો ? .......૨

લોકો કહેશે કે જોયો જોયો હવે તારો નારેશ્વરનો નાથ;
દીન બાળકને દુઃખમાં દીઠો....(૨) તોય ન ઝાલ્યો હાથ,
લોકો એમ મ્હેણાં દેશે, વ્હાલા ! હુંથી કેમ સહેવાશે ? .......૩

શ્રદ્ધાને જોરે કહું છું કે મારી અવધૂત રાખશે લાજ
ભક્તને કાજે દોડશે એને....(૨) હૈયે છે દીનની દાઝ,
**બાળક**-આશ પૂરી થાશે, નિંદકોનાં મોં પડી જાશે .......૪

**ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ**
**ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ**
**ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ**
**ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ**

●

## (૧૧૧)

## અવધૂત ચાલ્યો જાય

રોક્યો ના રોકાય અવધૂત ચાલ્યો જાય (૨)
અવધૂત ચાલ્યો જાય, અવધૂત ચાલ્યો જાય
સિર્ફ લંગોટી-કાયા ખોટી તોયે જડે ના જગમાં જોટી (૨)
મોટી-મોટી ફાળે દોડ્યો જાય, દોડ્યો જાય
દોડ્યો જાય.....રોક્યો ના (૧)

એની ચાલે ચાલે ફૂલનાં બિછાનાં બિછાય (૨)
વણ માગેલા ધનના ઢગલા એની સામે થાય,
તોયે એનું દુઃખ દુનિયામાં સમજ્યું ના સમજાય
દુઃખ સમજ્યું ના સમજાય .....રોક્યો ના (૨)

અંતરના અંધારે એણે ધૂણી ધીખતી રાખી (૨)
પીડિતોના એ પુણ્યશ્લોકને વંદે અવની આખી,
પરના દુઃખને દુઃખી એનું કાળજડું કોરાય
એનું કાળજડું કોરાય .....રોક્યો ના (૩)

પિયા મિલનની પ્યાસે, એનું મુખડું તગતગ થાય (૨)
અનમ શોધમાં નયન બાવરાં, પદમ્સમાં વિકસાય
શ્વાસે શ્વાસે ૐ ૐ નો નાદ ગજવતો જાય
એનો નાદ ગજવતો જાય .....રોક્યો ના (૪)

દિવ્ય દંડથી બ્રહ્મતણો, કેડી કોરતો જાય (૨)
સમીર લહેરે જટા લટુરી, મસ્તક પર લહેરાય,
દિવ્ય ચરણમાં ખટ-ખટ નાદે, પાદુકા રણકાય
એની પાદુકા રણકાય .....રોક્યો ના (૫)



કંકર-કટંક વાગે પગમાં, પીડા અતિશે થાય (૨)
લોહી નિતરતાં ચરણો એના ધરતી પર ચંપાય
તેજ ઝબોળ્યું મુખડું તોયે, મરક મરક મલકાય.
મુખડું મરક મરક મલકાય .....રોક્યો ના (૬)

જગ-જન-જર છોડી જંગલમાં મહાલે બેપરવાહ (૨)
અવનીપર આનંદે જાણ શાહનો શાહ,
ચૌદલોકની સંપત એના ચરણોમાં રેલાય...
એના ચરણોમાં રેલાય .....રોક્યો ના (૭)

◆

## (૧૧૨)

## દત્ત દિગંબર ! આવો આવો

(રાગ-માલકૌંસ)

દત્ત દિગંબર ! આવો આવો (૨)
અંતરના મહેમાન !
તમારા શા કરીએ સન્માન !
નારેશ્વરના નાથ પધારો, દઈ દરશન અમ પાપ નિવારો,
દોષ અમારા રંગ સુધારો, ભવ સાગરથી પાર ઉતારો,
આજ અમારા દુઃખ સાગરનાં રંગ ગ્રહો સુકાન....તમારા.
રેવાતટ પર રાજ તમારું, નારેશ્વર છે ધામ તમારું
રંગ રંગ હર ઘર સંભાળાએ, ભક્તો તમારી ધૂન મચાવે,
ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા અવધૂતા
ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા અવધૂતા
આજ અમારા ગરીબ ઘરનાં, રંગ ! બનો મહેમાન .....તમારા
ભક્ત મંડળ શીશ ઝૂકાવે, પ્રેમે પધારો ગુરુ ! અમ દ્વારે,
તુમ વિણ અમને કોણ સંભાળે ? ભવ સાગરથી પાર ઉતારે,
દાસ તમારો શરણે જાણી, હરજો વિઘ્ન તમામ ....તમારા.

◆

## (૧૧૩)

**(રાગ-ભૈરવી રાહ : હાં હાં રે મને લાગ્યો)**

હાં હાં રે મને લાગ્યો અવધૂતજીનો રંગ....ટેક

હે...રેવાના નીરમાં ને લીમડાની ડાળમાં
જોયો અવધૂતજીનો રંગ,
જાણે અજાણે મને લાગ્યો છે ક્યારથી,
જોયો અવધૂતજીનો રંગ....હાં..હાં..રે....૧

હે...આંખના અંબારથી આંજી દીધો મને
સાચો અવધૂતજીનો રંગ,
જીવનતરંગની પૂરી રંગોળી એમાં,
ખીલ્યો અવધૂતજીનો રંગ ....હાં..હાં..રે....૨

હે...આબાલ વૃદ્ધ એની પાદુકા ને પૂજતાં,
પામ્યાં અવધૂતજીનો રંગ
એવા અંતરના ભાવથી ને શુદ્ધ સ્વભાવથી
માણ્યો અવધૂતજીનો રંગ ....હાં..હાં..રે....૩

હે... માતૃસેવામાં દીઠા અવધૂતને
કહેવાયો અવધૂતનો રંગ,
રુકમાના, રેવાના, ગંગાના ખોળામાં,
ખીલ્યો અવધૂતજીનો રંગ ....હાં..હાં..રે....૪

હે... સામે બેસીને એની મૂર્તિ નિહાળું ત્યારે
જોઉં અવધૂતજીનો રંગ,
મનડાનો મોર મારો નાચી ઉઠે ત્યારે,
ગાઉં અવધૂતજીનો રંગ....હાં..હાં..રે....૫

હે..આખરીનો ફેંસલો સોંપ્યો એના હાથમાં,
સાથમાં અવધૂતજીનો રંગ,
**પાપીગણુ** તો રંગ રાગમાં ફરતો ફરે,
ઝીલ્યો અવધૂતજીનો રંગ ....હાં..હાં..રે....૬

◆



## (૧૧૪)

## ભજન

*(રાગ-ભોળી રં ભરવાડણ હરિને વેચવાને... -હે રામચંદ્ર કહ ગયે સિયાસે)*

હાથ લાકડી થાજે કોઈની, પગની ઠોકર થાતો ના
દુઃખિયા કેરાં દુઃખડો જોઈને, મનમાં તું હરખાતો ના
ભલું ન થાએ કોઈનું તો બુરૂ કોઈનું કરતો ના
સુખી જનોના સુખડાં જોઈને, અંતરમાં તું બળતો ના
સત્કર્મે તને લક્ષ્મી મળે તો, મનડામાં મલકાતો ના
...દુઃખીયા કેરાં દુઃખડા

જનમ દીધો છે પ્રભુએ તુજને, એના ગીતડાં ગાજે તુ
પંથ ભૂલ્યાને મારગ ચીંધી, મનમાં રાજી થાજે તું
પાપ જુએ કોઇ તારા પગલે, એવું પગલું ભરતોના
...દુઃખીયા કેરાં દુઃખડા

માત-પિતાની સેવા કરજે, અડસઠ તીરથ મળશે રે
અંતરના આશીષ એમના ફળતા, અડસઠ તીરથ ફળશે રે
માત-પિતાના મનડાં બાળી, ગંગા જમુના ન્હાતો ના
...દુઃખીયા કેરાં દુઃખડા

જે સ્થિતિમાં રાખ્યો પ્રભુએ, એમાં આનંદ કરજે તું
જેવી કરણી તેવું ફળ છે, આ વાતો મન ધરજે તું
**પાપી** પેટને માટે ભાઈ, જીવતર કોઈનું બગાડીશ ના
...દુઃખીયા કેરાં દુઃખડા

◆

# દોહરા - "ગુરુલીલામૃત"

**❁ વિડિયો-ઓડીયો-સીડી-કેસેટમાં ગવાયેલા દોહરા ❁**

"શ્રી ગુરુદત્ત પરંપરા", "શ્રી ગુરુ મહિમા" - વિડિયો-ઓડીયો-સીડી-કેસેટમાં ગવાયેલા દોહરા

**સ્મરણ માત્રે : અધ્યાય : ૮ દોહરા નં. ૧૧૫, ૧૧૬**

સ્મરણમાત્રે જે હરે, કષ્ટ સકળ તત્કાળ;
દર્શન આપી ભક્તને, એવો કોણ દયાળ ? ૧૧૫
ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ...

કેવળ દેખે ભાવને, નવ દેખે અવગુણ;
નિર્ગુણ; ભક્તિવશ થયો, દેવ જેહ સગુણ. ૧૧૬
ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ...

**● ગંગા પાપ હરે ●**

૧. ગંગા પાપ હરે, શશી તાપ, કલ્પતરુ દૈન્ય;
ગુરુદર્શન ક્ષણમાં હરે, પાપ તાપને દૈન્ય. ૬૮/૧૫૫
૨. સદ્‌ગુરુ આશિર્વાદ જે વૃથા કેમ તે થાય ?
નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય. ૬૭/૪૩
૩. જે કો શ્રી ગુરુને ભજે, વરે સકલ સંપદ;
પાય પડે સિદ્ધિ સહુ, ન રહે નામ વિપદ. ૭૨/૮૧
૪. દેહભાવથી ગુરુતણો દાસહું પદનિષ્ઠ;
જીવભાવથી ગુરુ તણો અંશ સંનિષ્ઠ.
૫. આત્મ ભાવથી હું અને એકરૂપ ગુરુ તેમ;
રાખી ભાવના એહવી જલતરંગવત્ એમ.
૬. બ્રહ્માનંદે મગ્ન તું રહી સર્વ વ્યવહાર;
બાહ્યદૃષ્ટિથી દેહ સમ કર હવે નિર્ધાર. ૧૨૨/૧૧૩
૭. કારણ કે જનદૃષ્ટિથી, ત્યાગે સિદ્ધ શરીર;
તો એ સર્વાંતરવિષે, રહે નિત્ય એ ધીર. ૧૨૨/૧૨૨
૮. ફાવેતેવી ભક્તિ પણ, અનુક્રમે એ જાણ;
પરાભક્તિમાં પરિણમે અંતે જાણ સુજાણ. ૪૪/૧૫

**● સંગ છોડવો સર્વથા ●**

૧. સંગ છોડવો સર્વથા, બને ન જો કદિ એમ;
સંતસંગ કરવો સદા, તારે સંતો તેમ. ૩૩/૧૧
૨. કામ સર્વથા ત્યાગવો, બને એમ ના જાણ;
મોક્ષ કામ વરવો સદા, કેવળ સૌખ્યનિધાન. ૩૩/૧૨
૩. કૃષ્ણ કૃષ્ણ કરતા થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ;
ગુરુ ગુરુ કરતા શિષ્યનું, રહે ન પૂર્વસ્વરૂપ. ૧૦૬/૨
૪. હું-મારું બાળી વિભો, આત્મજ્યોતિ ઉજાળ;
જ્ઞાન ખજાનો ખોલીને, દૈન્ય અજ્ઞતા ટાળ. ૧/૫૯

(કૃપયા પાછળ જુઓ)



૫. લજ્જા તારે હાથ છે, હું તો નિમિત્તમાત્ર;
જેમ હલાવે તું પ્રભો, ત્યમ્ હાલે આ ગાત્ર. ૧/૫૭
૬. કોણ મશક હું બાપડો, હોય ન જો ગુરુ સાથ ?
ક્ષમા કરો દોષો સહું, આપો સજ્જન સાથ. ૧/૮૦
૭. કહું નિરંજન શુ તને ? શ્રી ગુરુ કૃપા અગમ્ય;
વ્યાધિમાત્રની શી કથા ? નાશે દોષ અદમ્ય. ૬૮/૧૯૬
૮. કરો કૃપા ગુરુવર હવે, રાખો સ્મરણ અખંડ;
ના ભુલું પદ આ કદિ, પડી જતા પણ પંડ. ૪૧/૧૫

**● વંદુ વિઠ્ઠલ તાતને ●**

૧. વંદુ વિઠ્ઠલ તાતને, સદ્‌ગુણની જે ખાણ;
માતા રખુમાબાઈને, કરું કોટિ પ્રણામ. ૧/૮૩
૨. જેની શુભ આશિષથી તર્યો રંગ આ દીન;
માતપિતાચરણે થજો, ચિત્ત સદાય વિલીન. ૧/૮૪
૩. શ્રીપાદ શ્રીવલ્લભ નૃસિંહ સરસ્વતી તાર;
વાસુદેવાનંદ સરસ્વતી અઘહાર. ૧૪૮/૨૭૪
૪. જય યોગીશ્વર જય નમું, પાવન તમ દર્શન,
ત્રિવિધ તાપ નાઠા સહું, પૂર્ણ વિરામ્યુ મન. ૨/૨૯
૫. દયા ક્ષમા શાંતિ ધૃતિ દૈવી સંપદ જાણ;
કરી પ્રાપ્ત સદ્‌ગુરુપદે, જાવું શરણ અમાન. ૧૬/૧૦૨
૬. ફલાભિમાન છોડી સહું, કરતાં ધર્મચરણ;
થતાં કૃપા ઈશ્વરતણી, થશે સદ્‌ગુરુદર્શન. ૧૬/૧૦૩
૭. સદ્‌ગુરુ સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ;
ગુરુનામામૃત પાનથી જાય મરણ સંદેહ. ૩/૧૪૩
૮. જ્ઞાનપ્રપા ચાલુ કરી પીએ સુભાગી જન
રંગકૃપા ગુરુની થતા, થાય મુક્ત તત્ક્ષણ. ૧૦/૧૧૫

**શ્રી જશુભાઈ પટેલનાં જય ગુરુદેવ દત્ત**

**• પ્રાપ્તિ સ્થાન •**

**શ્રી અંબાલાલભાઈ પટેલ : ૯૩૨૭૦ ૫૦૭૭૬**

**શ્રી પ્રવિણભાઈ દવે : ૯૪૨૬૦ ૩૨૩૪૩**

**અમર આદેશ** : ૪ ઓડિયો સી.ડી. રૂા. ૧૬૦
**અમર આદેશ** : ૪ ઓડિયો કેસેટ રૂા. ૧૦૦
**શ્રી ગુરુ મહિમા** : ૨ ઓડિયો સી.ડી. રૂા. ૮૦
**શ્રી ગુરુ મહિમા** : ૨ ઓડિયો કેસેટ રૂા. ૫૦
**શ્રી ગુરુદત્ત પરંપરા** : ૨ વી.સી.ડી. રૂા. ૧૨૦
**શ્રી રંગ દર્શન ગુજરાત** : ૩ વી.સી.ડી. રૂા. ૧૮૦